# પ્રાથમિક શાળામાં શિક્ષક

: લેખક :

ગિજુભાઈ




**નૂતન બાલશિક્ષણ સંઘ, ભાવનગર શાખા**

C/o. શ્રી દક્ષિણામૂર્તિ બાલ અધ્યાપનમંદિર

ગિજુભાઈ માર્ગ, ફિલ્ટરવાળો ખાંચો

ભાવનગર - ૩૬૪ ૦૦૧.

ફોન નં. (૦૨૭૮) : ૨૫૭૨૯૨૦

# પ્રાથમિક શાળામાં શિક્ષક

: લેખક :

ગિજુભાઈ

: પ્રકાશક :

**નૂતન બાલશિક્ષણ સંઘ, ભાવનગર શાખા**

C/o. શ્રી દક્ષિણામૂર્તિ બાલ અધ્યાપનમંદિર

ગિજુભાઈ માર્ગ, ફિલ્ટરવાળો ખાંચો

ભાવનગર – ૩૬૪ ૦૦૧.

પ્રથમ આવૃત્તિ : ૧ નવેમ્બર ૧૯૩૩
❑ પુનઃ મુદ્રણ : એપ્રિલ ૨૦૦૨
❑ પુનઃ મુદ્રણ : એપ્રિલ ૨૦૧૧
(નૂતન બાલશિક્ષણ સંઘ, ભાવનગર શાખા દ્વારા)
નોંધ : આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ પછી થયેલી અન્ય આવૃત્તિઓની માહિતી પ્રાપ્ય નથી.

❑ પ્રત : ૧૦૦૦

કિંમત : રૂ.૩૦/-

: પ્રાપ્તિ-સ્થાન :
નૂતન બાલશિક્ષણ સંઘ, ભાવનગર શાખા
C/o. શ્રી દક્ષિણામૂર્તિ બાલ અધ્યાપનમંદિર
ગિજુભાઈ માર્ગ, ફિલ્ટરવાળો ખાંચો
ભાવનગર - ૩૬૪ ૦૦૧. ફોન નં. ૦૨૭૮ - ૨૫૭૨૯૨૦

: મુદ્રક :
સુમિત પ્રિન્ટર્સ
કાશી વિશ્વનાથ મંદિર, ડી.એસ.પી. ઓફિસની બાજુમાં,
ભાવનગર-૩૬૪૦૦૧. ✆ : ઓ : ૨૪૨૫૭૧૫ / ૨૨૨૧૪૦૯

# મારા શિક્ષક ભાઈઓને

હું તમારામાંનો એક છું અને આપણા ધંધા માટે, આપણા ચારિત્ર્ય અને ઉન્નતિ માટે, જુદે જુદે વખતે જે વિચારો મેં કરેલા છે તે વિચારો હું તમારી સેવામાં રજૂ કરું છું.

આ પુસ્તક વાંચીને આપણે તેનો અમલ કરવાનો છે. એના અમલમાં આપણી તમામ દુર્દશાનો અંત સમજજો. મારી શ્રદ્ધા છે કે જો આપણે શિક્ષકો દસ વર્ષ સુધી એકધારી શિક્ષણની ઉપાસના કરીશું તો આપણે આપણા દેશમાં એક નવો જ યુગ લાવી શકીશું.

આપણે પણ આજના દલિતોમાંના એક છીએ. દલિતોના ઉદયની ઉષા ઊગી ચૂકી છે. જે જોશથી દુનિયાના દલિતો કૂચ કરી રહ્યા છે તે જોશથી આપણે પણ ઊપડીએ. આપણે ખોવાનું તો કશું રહ્યું જ નથી. જે કાંઈ રહ્યું છે તે મેળવવાનું રહ્યું છે.

આપણામાં વિશ્વાસ અને ઈશ્વરમાં શ્રદ્ધા રાખી આપણે આપણા કદમ ઉપાડીએ. આગળ વિજય છે.

તા.૧૯–૧૧–'૩૨ – ગિજુભાઈ

# તૈયાર થાઓ

થોડાએક માસ પહેલાં હું એક ગામડામાં જઈ ચડયો. નાની એવી ઓશરીમાં એક શિક્ષક કોળીના છોકરાઓને ભણાવતો હતો. તેના મોઢામાં ગાળો હતી અને હાથમાં બીડીનાં પાંદડાં અને જરદો હતો. ગાળો દેતાં-દેતાં અને બીડીઓ વાળતાં-વાળતાં તે છોકરાઓને એકડા ભણાવતો હતો.

તપાસ કરતા જણાયું કે શિક્ષક એક ગાઉથી ભણાવવા આવે છે. પ્રથમ ગામમાં લોટ માંગે છે. પછી નિશાળ સાથે જોડાયેલી ચાની હૉટલ ચલાવે છે, અને પછી વાડીએ-વાડીએ જઈને છોકરાઓને ભણાવે છે.

ગરીબ બિચારા શિક્ષકને ઘેર એક સ્ત્રી અને ચાર બાળકો છે. તેમનાં પોષણાર્થે તે આવું વિચિત્ર જીવન ગાળતો હતો. તેની સ્થિતિ જોઈ, તેની ભણાવવાની રીત જોઈ, મહિને-મહિને એક-એક આનો અને રોજ ને રોજ ચપટી-ચપટી લોટ ભેળો કરી જીવતર ચલાવવાનો એનો શ્રમ જોઈ, હું સ્તબ્ધ બની ગયો, વિચારમૂઢ બની ગયો, અને કર્તવ્યશૂન્ય બની ગયો !

અત્યંત ભારે હૃદયે, અવાક્ બની હું ત્યાંથી પાછો ફર્યો.

શિક્ષકની આવી સ્થિતિ માની જાય એવી નથી, ને છતાં આ સત્ય હકીકત છે અને દુઃખદ પણ છે. આવો એક શિક્ષક નથી પણ ગરીબીથી પીડાતા અનેક શિક્ષકો આ રીતે પેટ માટે ફાંફાં મારી રહ્યા છે, અને ભણનારનું અને પોતાનું જીવન ભયંકર રીતે બગાડીને ભારે ગુન્હો કરી રહ્યા છે.

સમાજને જો આવા નુકસાનની ખબર પડતી હોય તો આવા શિક્ષકોને તેણે કયારનાયે દૂર કરી તેને બદલે સારા શિક્ષકો મૂકયા હોત.

આવી જાતનું શિક્ષણકામ ચલાવનારને ગુન્હાહિત ગણ્યા હોત અને કાનૂનનો ભંગ કરનારને યોગ્ય નસિયતે પહોંચાડયા હોત. પરંતુ આજનો સમાજ જે જોશથી અધોગતિને મેળવવા માટે દોડી રહ્યો છે તેને એક બીજી બાજુ જોવાનો કે વિચાર કરવાનો અવકાશ નથી, અને તેથી બધિર સમાજ પાસે આવી વાત કરવી નકામી છે.

ત્યારે હવે કરવું શું ? મહામોંઘા બાળકો નાલાયક શિક્ષકોના હાથમાં જઈ પડે, અને હીન શિક્ષકોના ભોગ બને તેનું કરવું શું ? શિક્ષક થવાને જેનામાં એક પણ ગુણ ન હોય તેઓ શિક્ષક થઈ બેસે, અને પવિત્ર પ્રવૃત્તિને કલંકિત કરે તેનો ઉપાયો શો ? અને શિક્ષકની ભલે તે પૂરો યોગ્ય હોય કે ન હોય તો પણ તેની આવી આર્થિક દશાનું શું ?

આનો જવાબ એક જ છે, અને તે શિક્ષકોએ સ્વાવલંબી થવું; પોતાની શક્તિનો વધારો કરવો, અને પોતાની યોગ્યતા સ્થાપિત કરવી; રાજ અને સમાજ પાસે પોતાની પદવીનો સ્વીકાર કરાવવો અને પોતાની આર્થિક દશાને ઉદ્ધારવી.

આ યુગ સ્વાધીનતાનો, સ્વશક્તિનો અને સંગઠ્ઠનનો છે. જે વ્યક્તિ સ્વાધીનપણે સશક્ત રહી સંગઠ્ઠન કરશે નહિ તેનો નાશ થશે. લાખોની સંખ્યામાં પડેલા શિક્ષકો તમે આજે છૂટા છવાયા છો; તમે પરાધીન દશામાં છો; તમારું વ્યક્તિત્વ તમે પિછાની શકયા નથી; તમે હજી સંગઠિત થયા નથી; એથી જ તમારી આજની આર્થિક અને સામાજિક સ્થિતિ દયાપાત્ર અને દુ:ખભરી છે.

યુગને તમે નિહાળીને જુઓ. હરેક કામગાર-મંડળ સંગઠિત છે; સંગઠ્ઠનના બળે તેઓ પોતાને જોઈતું ઉપરી અગર શેઠ કે રાજા પાસેથી મેળવી શકે છે. અગર તેમ નથી મળતું તો તેઓ સત્તાની સેવા કે

નોકરી કરવાની સાફ ના પાડે છે. આજે એમ કરવું અધર્મ નથી પણ જીવનનો પરમ ધર્મ છે, એમ તત્ત્વવેત્તાઓ પણ સ્વીકારે છે. ગુલામોને કાયમ ગુલામીમાં રાખનારાઓ ! વફાદારીનું શાસ્ત્ર આજે ઉઘાડું પડયું છે; સેવાની પોકળ ભાવના દંભીઓ અને સ્વાર્થસાધુઓએ પેદા કરેલી છે. જગત આખા ઉપર શક્તિ, સામ્રાજ્ય અને ધનવાળાઓએ પોતાના જીવતર ખાતર કામગારોને કેવા ભેળવીને તેમને ચૂસ્યા તે વાત હવે છૂપી રહી શકે તેમ નથી. વર્તમાન ઈતિહાસ પોકારીનેક હે છે કે જેઓ દલિતો હોય, દુઃખી હોય, ભૂખ્યા હોય, પીડિત હોય તેઓ સૌ એક થાઓ અને આ સત્તાની ધૂંસરીને ફેંકી દ્યો. તમારું જ બળ સ્થાપો, સમાનતાના હક્કો મેળવો અને દુનિયાના સુખોના સરખા ઉપભોકતા બનો. શિક્ષકો ! નવો યુગ તમને પણ આ સંદેશ આપી રહ્યો છે. તમે એ ઝીલશો ?

પણ આપણે દુનિયાને એમ ડરાવી શકીએ એમ નથી, દુનિયા પાસે આપણા હક્કો માગવા જઈએ તે પહેલાં આપણી ઉપયોગિતા આપણે સિદ્ધ કરવી પડશે. આપણે અત્યાર સુધી નિરુપયોગી જેવા જ રહ્યા છીએ, એટલે જ સમાજે આપણને ખોડાં ઢોર જેમ નિભાવ્યા છે. આપણે આપણી શક્તિનો પરચો પાડયો નથી માટે જ આપણે હંમેશ માટે પંતૂજીઓ અને બડા પંતુજીઓની સ્થિતિથી ઊંચે આવી શકયા નથી. આપણે આપણા જ હૃદયનું દૈન્ય અવસરે અને કઅવસરે બતાવી બતાવીને આપણી દીન દશાને વધારે દીન કરી છે. આપણે જ ટુકડા માટે જ્યાં-ત્યાં ભટકનાર પ્રાણીઓ પેઠે, પવિત્ર ધંધાનું ગૌરવ સમજ્યા વિના, પૈસા માટે જેને-તેને ત્યાં, અને જેના-તેના ઉબરા ભાંગ્યા છે; અને પૈસાદારની ઇચ્છાઓને મૂંગા ઢોરની માફક અમલમાં મૂકી છે.

આપણે સંગઠિત થઈએ તે પહેલાં આપણે સારા શિક્ષક બની રહેવાની આપણી ફરજ આપણે અદા કરવી પડશે. જ્યારે હક્કો માગવા જઈશું ત્યારે સામેથી યોગ્યતાનો સવાલ થશે. એવી યોગ્યતા સંપાદન કરીને જ આપણે બહાર પડીએ. નિંદા, સામાજિક પરંપરાગત જીવનવ્યવહાર, અને આળસમાંથી મુક્ત થઈ આપણે હજી શિક્ષણશાસ્ત્રનાં પુસ્તકોનો અભ્યાસ કરવા બેસી ગયા નથી. આપણે ભૂખ્યા પેટે પણ ઈશ્વર સાથે રાખી સાચી દાનતથી ગરીબ તેમ જ પૈસાદારનાં બાળકોને સમદષ્ટિથી ભણાવી ચૂક્યા નથી. આપણે ઉપરી અધિકારીઓની ખુશામત અથવા નિંદામાંથી હજી છૂટવાનો વિચાર સરખોયે કર્યો નથી. શાળામાં રાજા જેમ ઊભા રહી છોકરાઓને મારવામાં અને અમલદાર સામે લળીલળીને 'જી હા' કરવામાં આપણે કર્તવ્યસમાપ્તિ કરી છે. આમ આપણો કોણ ભાવ પૂછવાનું છે ? કોણ હિંમત કરવાનું છે ? અને કોણ સ્થાન આપવાનું છે ? અને આવા આપણે સંગઠન કરીએ તો તે કેવું વિચિત્ર અને હાસ્યાસ્પદ સંગઠન થાય તે સહુ કોઈ સમજી શકે તેમ છે.

ત્યારે પ્રથમ આપણે તૈયાર થઈએ. એટલે કે વિદ્યાની ઉપાસના કરીએ, કર્તવ્યનું પાલન કરીએ અને નિર્ભયતાને કેળવીએ. આપણે તૈયાર થયા એટલે આપણે આપણો વાવટો ઊંચો કરી જગતને પોકારીને કહી દઈશું કે જેઓ અમારો સ્વીકાર કરતાં નથી, તેઓ અમને સમાન્ય ગણશે, અમને પેટિયા જ ગણશેં અમને મહેતાજી જ ગણશે, અમને છોકરાં રમાડનાર અને શાકપાંડદું લાવનાર ઘરનો મે'તો ગણશે, ત્યાં સુધી અમે દુનિયાનાં બાળકોને ભણાવવાના નથી. જેઓ દુનિયાનાં બાળકોને ભણાવી શકતા હોય તેઓ ભલે ભણાવે. માબાપો પોતાનાં બાળકોને ભલે ભણાવે; પણ અમે તો તેમને ભણાવશું જ નહિ. આપણી યોગ્યતાનો સ્વીકાર ન થાય તો આપણે શિક્ષણ માત્રને બંધ

કરી શકીએ છીએ; આપણી શક્તિ કેળવીશું તો એક દિવસ આવશે કે જ્યારે એક જ હુકમે સમસ્ત શિક્ષકવર્ગ એકાએક પોતાની શાળાઓની બહાર નીકળી જશે અને ભણાવવાની સ્વયં હડતાળ પડશે.

તે દિવસે ભણાવવું કેટલું મુશ્કેલીભર્યું અને મહત્ત્વનું છે તેનો ખ્યાલ માબાપોને આવશે, ઉપરી અધિકારીઓને આવશે. તેઓ કોઈ ચાકડા ઉપર પીંડો ચડાવી વાસણ ઉતારી શકવાના નથી. તેઓનાં છોકરાંઓ ઘરમાં અને શેરીમાં તોફાન અને હોહા કરશે; તેમને શાંત રાખવા અપાયેલી લાલચો લાંબો વખત ટકશે નહિ; તેમને વ્યવસ્થિત રાખવા ગોઠવેલા પોલિસોનો ખર્ચ ભારે પડશે; અને છોકરાઓની દુનિયામાં સડો, રોગો, અજ્ઞાન અને અંધકાર ફેલાશે.

તે દિવસે તમે નમ્રપણે કહેજો; ''દુનિયામાં અમારું જે યોગ્યસ્થાન છે તેનો સ્વીકાર કરો. અમાર ધંધાની પવિત્રતાને સન્માનો. અમારા જીવનવ્યવહારના સ્વાભાવિક ધર્મોનું પાલન કરવા અમારે જે દ્રવ્ય-સંપત્તિ જોઈએ તે તમે આપો.'' તે દિવસ જગતમાં સોનાનો થશે કેમ કે તે દિવસે મનુષ્યોમાં સર્વોત્તમ મનુષ્ય એટલે કે ગુરુ, તેનો વિજય થશે. તે દિવસે પ્રવૃત્તિઓમાં શ્રેષ્ઠ પ્રવૃત્તિ અધ્યયન-અધ્યાપન તેનું સંસ્થાપન થશે, તે દિવસે ફરી વાર મનુષ્ય-જીવન કલ્યાણને માર્ગે ચાલવા માંડશે.

આ માટે આપણે તૈયારીઓ કરીએ. દીન-હીન હોવા છતાં આપણા સ્વત્વને-સન્માનને સાચવી રાખીએ, અને ભૂખે મરતાં છતાં ટટ્ટાર રહીને શિક્ષણકાર્યની સેવા કર્યા કરીએ.

આપણે શિક્ષકો એટલે અધ્યયન-અધ્યાપન-કાર્યના પુરાણકાલીન ઋષિ-મુનિઓના વંશજો કહેવાઈએ. આપણું ધ્યેય ત્યાગ અને પ્રેમ હોય. આપણો આચાર નિર્મળ અને નિર્ભય હોય. આપણો

વિચાર વિશુદ્ધ અને ઉદ્દાત હોય. આપણને પામર મનુષ્યોના મોહ ન હોય, અને છતાં સુખ અને શાંતિથી જીવન જીવવાનો આપણો ધર્મ અને હક્ક હોય. આપણે સમાજ સામે, ધનવાન સામે, સત્તા સામે એટલા માટે ઊઠવાનું નથી કે આપણે તેમના સુખોપભોગના રોગોને મેળવવાની ઇચ્છા રાખીએ છીએ. આપણે તેમની સામે લડીને તેમને ને તેમનાં બાળકોને તે રોગોમાંથી બચાવવા માગીએ છીએ. આપણી સમાનતા તેમના પતનગામી વૈભવો સાથે ન હોય; આપણી સમાનતાની લડત મનુષ્ય તરીકે આપણા દરજ્જા માટે હોય; ભવિષ્યમાં જગતના સહુ જીવોને સરખી સમાનતા અપાવવા માટેની હોય. એટલા જ માટે આપણા જ ભવિષ્યના જીવનની કલ્પના આપણે માટે મહાલયો નહિ પરંતુ શાંત કુટીર, અઢળક ધન નહિ પરંતુ શરીર અને મનની સ્વસ્થતા જાળવે એટલી ધનસમૃદ્ધિ અને તેથીયે વિશેષ તેનો સંતોષ, શરીરને અને મનને ક્ષણે-ક્ષણે સુખ અને દુ:ખ આપે તેવા વિલાસોનો વૈભવ નહિ પરંતુ શરીરના આરોગ્ય અને મનની પ્રસન્નતા વધારનારાં સાધનોની વિપુલતા હોય. આપણે દુનિયાને જીવનનો માર્ગ બતાવવાનો છે; નહિ કે આપણે દુનિયાના જીવનને પગલે ચાલીને તેનાં સુખદુ:ખ લેવાં છે. આપણે દુનિયાના જીવનની વિટંબણામાં ગૂંગળાવા જેવું નથી પરંતુ તેમાંથી મુક્ત રહી દુનિયાને તેમાંથી બચાવવી છે; અને તે માટે આપણું વ્યક્તિત્વ આપણે સ્થાપવું છે, આપણું સ્વાસ્થ્ય આપણે મેળવવું છે અને તે માટે આપણે લડવું છે.

આપણે શક્તિ વધારીએ અને સંગઠન કરીએ એટલે આપણો વિજય છે. એટલે આપણી દરિદ્રતાનો નાશ છે, દુર્બળતાનો નાશ છે, ગુલામીનો નાશ છે.

– ગિજુભાઈ

# અનુક્રમ

ક્રમ વિગત પાના નં.

## (૧) આદર્શ

અત્યારના શિક્ષકોએ શું કરવાનું છે ? .................. ૧
શિક્ષક : એક જ્ઞાતિ .................................. ૧૫
શિક્ષક કેવો હોવો જોઈએ ? .......................... ૨૫
શિક્ષકના ધંધાનું મહત્ત્વ ............................. ૨૫
કોણે શિક્ષક થવું ? ................................... ૨૫
શિક્ષણ શાસ્ત્રના અભ્યાસની જરૂર ..................... ૩૧
ધંધાના જ્ઞાનની જરૂર ................................. ૩૧
રાષ્ટ્રય જાગૃતિની અસર .............................. ૩૧
દેશ અને શિક્ષકો પર આવી પડેલો ધર્મ ................ ૩૨
બે મુખ્ય મુશ્કેલી ..................................... ૩૩
આપણી શાળામાં નહિ ચાલે ............................ ૩૫
બાલમંદિરના શિક્ષકોને ................................ ૩૭
શિક્ષણની ઉપાસના .................................... ૩૭

## (૨) કર્તવ્ય


શું કરીશું ? ....................................૪૨
બાલમંદિરોના શિક્ષકોને ....................................૫૦
આધુનિક બાલશાળાઓનું ચિત્ર ....................................૫૦
શિક્ષકો શું કરી શકે ? ....................................૫૧
સ્વચ્છતા રાખો ....................................૫૧
અક્ષરજ્ઞાનનો મોહ તજો ....................................૫૩
શિક્ષા અને લાલચને દૂર કરો ....................................૫૫
પોતાના ધંધાનું પાકું જ્ઞાન રાખો ....................................૫૮
બાળકો પ્રત્યે પ્રેમ રાખો ....................................૬૨
માબાપોની મદદ મેળવો ....................................૬૩
નિષ્ઠા અને શ્રદ્ધા રાખો ....................................૬૩
શિક્ષકોએ શાળા ક્યારે છોડવી ? ....................................૬૫
કોની સામે લડવું ? ....................................૬૬
શિક્ષકની કબૂલાત ....................................૭૦


## (૩) ચારિત્ર્ય


બાલમંદિરના શિક્ષકોને ....................................૭૩
આપણો ધંધો ખીલવો ....................................૮૦
મહેતાજીની પદવી ....................................૮૪
પંતૂજીવેડા ન કરીએ ....................................૮૮

## (૪) ગામડાનો શિક્ષક

ગામડાના શિક્ષકને ........................................ ૯૧
નવરાશે કરવા જેવું ........................................ ૯૮
એકશિક્ષક-પદ્ધતિ ........................................ ૧૦૦
ગામડામાં શિક્ષક ........................................ ૧૧૬

## (૫) શિક્ષકની તંદુરસ્તી

યાદ રાખો ........................................ ૧૨૦
શિક્ષકની તંદુરસ્તી ........................................ ૧૨૧
શિક્ષકનો ઘાંટો ........................................ ૧૨૯

## (૬) પ્રકીર્ણ

પોતાના પગ પર ઊભા રહો ........................................ ૧૩૫
નીચલા ધોરણનો શિક્ષક ........................................ ૧૩૭
ટ્યૂશન........................................ ૧૪૦
શિક્ષકે શું વાંચવું ? ........................................ ૧૪૪
શિક્ષકો અને પોતાની બાલ્યાવસ્થા ........................................ ૧૪૭

❖ ❖ ❖

# પ્રાથમિક શાળામાં શિક્ષક

# પ્રાથમિક શાળામાં શિક્ષક આદર્શ

## અત્યારના શિક્ષકોએ શું કરવાનું છે ?

ઈ.સ.૧૮૯૮માં ઈટલીના ટૂરીન નામના ગામમાં કેળવણી-શાસ્ત્રીઓની મહાસભા ભરાઈ હતી. ધુરંધર કેળવણીશાસ્ત્રીઓ ત્યાં એકઠા થયા હતા. મહાસભાનો સમારંભ ભારે ધામધૂમથી ચાલી રહ્યો હતો. મહાસભાનો પહેલો દિવસ હતો, અને કેવી રીતે નૈતિક કેળવણી આપવી એ પ્રશ્ન ઉપર ભારે ઊહાપોહ થવાનો હતો. મહાસભાનું કામકાજ શરૂ થતાં જ સભાજનોના કાન ઉપર ભયંકર સમાચાર આવ્યા કે કોઈ એક ઈટાલિયને ઓસ્ટ્રિયાની રાણી ઈલિઝાબેથનું ખૂન કરેલું છે !

ઈટાલિયનને હાથે યૂરપમાં આ ત્રીજું કરપીણ કૃત્ય હતું. છાપાંઓમાં કેળવણીકારો વિરુદ્ધ સખત શબ્દોમાં ટીકા થઈ. આખી પ્રજા થરથરી ઊઠી, અને જે કેળવણીથી આવું ભયંકર પરિણામ આવ્યું તે કેળવણીના પ્રયોજકોને શાપ આપવા લાગી. મહાસભાના સભાસદો ઉપર શરમની કાળી છાયા પથરાઈ ગઈ હતી. તેઓ ભારે ગૂંચવણમાં પડયા હતા. એ વખતે આખી મહાસભામાં નીરવ શાંતિ હતી.

કેવી રીતે નૈતિક કેળવણી આપવી એ વિષય ઉપર બેન્સીવેનીએ અતિ ગંભીર અને સુંદર વ્યાખ્યાન આપ્યું; તેના પછી ડૉ. મોન્ટેસોરીએ વ્યાખ્યાન આપ્યુ. એ વ્યાખ્યાન દરમિયાન

તેમણે કહ્યું : "જો આપણે લક્ષ્યમાં ન રાખીએ કે કેટલીક એવી વ્યક્તિઓ છે કે જે ભયંકરમાં ભયંકર અત્યાચારો કરવા સમર્થ છે, અને તે જ વ્યક્તિઓ શાળાના શિક્ષણમાંથી પસાર થયા છતાં તેવી ને તેવી જ રહી છે, તો નીતિનું શિક્ષણ આપીને આપણે કદી માણસોને નીતિમય બનાવી શકવાનાં નથી. કેટલાંએક બાળકો એવાં છે કે જેઓ ઠપકાને નહિ ગણકારતાં વર્ગવ્યવસ્થા અન નિયમનના દોરને ઊંધા વાળી દે છે. આખરે આવાં છોકરાઓને નિશાળમાંથી રૂખસદ આપવામાં આવે છે. આ બાળકો મોટાં થતાં સમાજના મોટા દુશ્મનો થઈ પડે છે. અને લોકોમાં ભારે ત્રાસ વર્તાવે છે. જો આપણું શિક્ષણ, આપણો નીતિ-બોધ આવાં બાળકોને પહોંચી શકતો ન હોય તો આપણા નીતિબોધનો અર્થ કંઈ છે જ નહિ. સારાં બાળકો માટે તો નીતિબોધના શિક્ષણનો કંઈ અર્થ જ નથી, તેમ તેની આવશ્યકતા પણ નથી. શાળાનો પ્રદેશ એકલાં ડાહ્યાં, સારાં અને બુદ્ધિશાળી બાળકો માટે નથી પરંતુ બધી જાતનાં બાળકો માટે છે. ભવિષ્યમાં ચોર, લૂંટારા અને ખૂની થનારાં બાળકો પણ તેમાં આવી જાય છે."

આ વ્યાખ્યાનથી કેળવણીની દુનિયામાં નવીન પ્રકાશ પડયો. તે દિવસથી ખાસ કરીને કેળવણીના ક્ષેત્રમાં વિજ્ઞાનની દૃષ્ટિએ પ્રવેશ કર્યો છે, અને ત્યારથી આખી દુનિયાની કેળવણીના આદર્શોમાં અને વ્યવહારમાં મોટો ફેરફાર થઈ રહ્યો છે. એ ઘડીથી કેળવણીમાં નવયુગ પ્રવર્ત્યો છે. આ નવયુગના આદર્શો મુખ્યતઃ કયા છે ? અને એ સંબંધે અત્યારના શિક્ષકોની શી ફરજ છે ? તેનો અહીં ટૂંકો ઉલ્લેખ કરીએ.

## (૧)

જે કારણથી શાળામાં અપાતી બૌદ્ધિક કેળવણીથી આપણને હૃદયબળ નથી મળી શકતું, જે કારણથી ધાર્મિક કેળવણી લીધા છતાં આપણામાં ધાર્મિક સંકુચિતતા રહી છે, જે કારણથી આપણામાં માણસ માણસ વચ્ચે, ધર્મ ધર્મ વચ્ચે, જ્ઞાતિ જ્ઞાતિ વચ્ચે અને દેશના વિભાગો વચ્ચે અભેદ્ય ભેદો ઉત્પન્ન થાય છે, તે કારણ એટલે રૂઢિબંધનને કેવી રીતે તોડવું એ પ્રશ્ન આજની કેળવણી સમક્ષ છે.

કેળવણી આપનારાઓ સમાજના નેતાઓ છે; તેઓ સમાજના સ્મૃતિકારો છે; તેમના હાથમાં સમાજનો જીવનદોર છે; અને તેમને હાથે સમાજનું કલ્યાણકાર્ય છે. તેઓએ સમાજને તેની જડતામાંથી મુકત કરવાનો છે. સમાજ આજે અંધારાના ઊંડા કૂવામાં સડે છે તેમાંથી તેને બહાર કાઢી, તેને સ્વચ્છ કરી તેનું કલ્યાણ કરવું એ કેળવણીકારોનો પરમ ધર્મ છે.

સમાજ આજે મલિનતાનો ભોગ થઈ પડેલ છે : સમાજે આજે વિવેકની મર્યાદા તોડી નાખી છે. આ સમાજને મલિનતામાંથી અને વિવેકભ્રષ્ટતામાંથી બચાવી લેવાનું પુણ્યકાર્ય કેળવણીકારોનું છે. આથી જ આજે અસ્પૃશ્યતાનું સામાજિક પાપ દૂર કરવા અને સમાજને નિર્મળ કરવા સમાજના નેતાઓ-કેળવણીકારોએ મોખરે આવવાનું છે. કેળવણીકારોની પ્રથમ ફરજ કેળવણીની એવી ઘટના કરવામાં છે કે જેથી આપણામાંથી અસ્પૃશ્યતાનું ભૂત દૂર થાય. કેળવણી આપતી શાળાઓનું પહેલું સૂત્ર એ થઈ રહેવું જોઈએ

કે 'કેળવણીના દ્વારો હરેક મનુષ્ય માટે સમાન હક્કે ખુલ્લાં છે.' જો કેળવણીનાં દ્વારો પ્રજાના થોડા ભાગ માટે પણ બંધ રાખવામાં આવે તો કેળવણી વાંઝણી રહે–તો કેળવણીનો મુખ્ય ઉદ્દેશ જે 'મનુષ્યજીવનનો સર્વાંગ સુંદર વિકાસ અને તે વડે અધ્યાત્મ દેહની પ્રાપ્તિ,' તે નિષ્ફળ જાય ! બંધુભાવનો પ્રથમ પાઠ તો શાળામાંથી જ મળવો જોઈએ; અને તે સંકુચિત કે વિકૃત ભાવનાવાળો નહિ પણ અતિ ઉદાર અને સુરૂપ ભાવનાવાળો જોઈએ. કેળવણીકારોએ શિક્ષણનો ક્રમ એવો જ ઘડવો જોઈએ કે આજે શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓનો સમૂહ અસ્પૃશ્યતાની પાપરૂઢિમાંથી આપોઆપ જ છૂટી જાય. વિદ્યાર્થીઓનું જીવન મોટે ભાગે શાળાઓમાં અને તેને લગતાં છાત્રાલયોમાં ઘડાય છે. આ સ્થળો લોકરૂઢિને ફેરવવાનાં, નવી રૂઢિ કે નવા વિચારોનાં બીજો રોપવાનાં અને નવી કલ્પના આપવાનાં પ્રબળ સાધનો છે. શાળાઓ વિના લોકોને ચાલે તેમ નથી; અને શાળાઓનો દોર કેળવણી આપનારાઓના હાથમાં છે.

આથી શિક્ષણશાસ્ત્રીઓએ તમામ સુધારાનું, તમામ નૂતન ભાવનાનાં બીજારોપણનું કાર્યસ્થાન શાળાને બનાવી મૂકવું જોઈએ. ભવિષ્યની પ્રજા આપણી શાળાઓમાં તૈયાર થાય છે. તેને જો શાળાઓ નવા આદર્શોથી રંગી દે, તેનામાં જો નવજીવનના વિચારો ભરી દે, તો આવતી કાલનો સૂર્ય અતિ તેજસ્વી ઊગવાનો. શાળાના વ્યવહારની સર્વ ગોઠવણ એવી થવી જોઈએ કે ઊછરતી પ્રજા ઉપર નવીન વિચારો અને આદર્શોની સજ્જડ છાપ પડે, અને દેશનું ભાવિ ઉજ્જવલ થાય.

(૨)

છેલ્લાં દોઢસો વર્ષોમાં આપણને જે કેળવણી આપવામાં આવી તે કેળવણીએ આપણને એકલા બૌદ્ધિક અને તાર્કિક કરી મૂક્યા છે. કેળવણીમાં ઔદ્યોગિક શિક્ષણને લેશ માત્ર સ્થાન ન હતું તેથી આપણા હાથ, પગ, આંખ, કાન વગેરે લૂલાં, અપંગ અને અશકત રહ્યાં; એટલું જ નહિ પણ એ અશક્તિને લીધે જ અને બીજી તરફથી એકલા બુદ્ધિવિકાસને લીધે જ આપણે આપણી અશક્તિનું પરાધીનતાનું જાણે અભિમાન કરવા લાગ્યા, અને માનવા તથા મનાવવા લાગ્યા કે કામ કરવું (બીજાને કે પોતાને માટે) એ હલકામાં હલકી વાત છે ! આપણા એવા કમનસીબ ભણેલાઓએ લોકોના મનમાં એમ ઠસાવી દીધું કે તેઓ હાથ ન હલાવે તેમાં જ તેમની મોટાઈ છે; અને બીજા ભલા અભણ લોકોએ બીજા કશા કારણ કરતાં તેમને તેટલા જ કારણથી મોટા માન્યા! બૌદ્ધિક કેળવણી પણ આપણને જે મળી તે અપૂર્ણ જ. કેવળ સ્મરણશક્તિના બળ વડે અને માત્ર આંખના જ ઉપયોગ વડે જે કેળવણી મળી, તે એવી મળી કે તેમાંથી ખરો લાભ થાય જ નહિ. એવી કેળવણીમાંથી માણસો મહાન શોધકો ન થયા. મહાન રણવીરો ન થયા, વિજ્ઞાનશાસ્ત્રીઓ ન થયા, ઇજનેરો, ચિત્રકારો, શિલ્પીઓ કે સંગીતશાસ્ત્રીઓ ન થયા. માત્ર કારકુનો, મહેતાજીઓ (નહિ કે શિક્ષણશાસ્ત્રીઓ); અને બહુ વધી વધીને થયા તો વકીલ, બેરિસ્ટર, વૈદ, દાક્તરો; બધાય કેવળ હાથપગની કેળવણી વિનાના અપંગ. બધાય કાં તો નોકરી એટલે ગુલામી કરીને જીવનાર કે કાં તો ગુલામી કરાવીને જીવનાર !

જમાનો હવે બદલાયો છે. આખી દુનિયાના કેળવણીકારોની આંખો ઊઘડી ગઈ છે. એકલાં ઈતિહાસ, ભૂગોળ કે ભાષાજ્ઞાન અને ગણિતથી માણસ માણસ નહિ બની શકે એવી ખાતરી થઈ ચૂકી છે. માણસ એવો પામર બની જાય, એ કલ્પનાથી આજના સાચા કેળવણીકારો થરથરી ઊઠયા છે. આજ દિન સુધી ઔદ્યોગિક કેળવણી બાળકોને ન આપી તેના જ પરિણામે આજની દુનિયા નરક સમાન થઈ પડેલી છે, તે તેમના લક્ષમાં આવી ગયું છે. ઔદ્યોગિક કેળવણી વિના હવે એક દિવસ પણ ચાલશે નહિ એવી બૂમ આખી સુધરેલી આલમમાં ઊઠી છે.

હાથપગ અને આંખને સારી કેળવણી નહિ મળે ત્યાં સુધી બુદ્ધિની કેળવણી અપૂર્ણ અને ખામીભરેલી રહેશે જ, તે વાતમાં હવેના કેળવણીકારોમાં બે મત નથી. જે કાંઈ કરવાનું રહ્યું છે તે કાર્ય કરવાનું રહ્યું છે. આજના કેૈળવણીકારોએ જૂના વિચારોની સામે લડવાનું છેૈ; એકલી બુદ્ધિની પ્રતિષ્ઠાનો ભંગ કરવાનો છે; બુદ્ધિની કેળવણીની સાથે હાથપગની કેળવણીને સરખો દરજ્જો અપાવવા આગળ આવવાનું છે; જે માણસ લૂલો છે અને જે માણસને કામ નથી આવડતું તે બન્નેનાં કશો ભેદ નથી એવો વિચાર લોકોના મનમાં ઠસાવી દેવાનું છે; પોતાને હાથે પાણીનો પ્યાલો ન લેનાર અને ઠૂંઠો માણસ સરખા જ છે, તેમ જ પોતાના બૂટની દોરી ન બાંધનાર અને અપંગ બંન્નેમાં ફેર નથી, એ ભાવના કેળવવાની જરૂરી છે. એવા યુગની આગાહી થઈ જ ચૂકી છે કે જ્યારે જાતે કામ કરવું એ માણસનો પવિત્ર ધર્મ અને હક્ક ગણાશે, અને જે વખતે કોઈની પણ સેવા લેવાનું કૃત્ય અત્યંત ધિક્કારની દૃષ્ટિથી જોવાશે.

આ યુગની તૈયારી કેળવણીકારોએ આજથી જ કરવાની છે. આજે જ તમામ શાળાઓમાં ઉદ્યોગનું શિક્ષણ દાખલ કરી દેવું જોઈએ. સર્વ વિદ્યાર્થીઓને શાળાનાં તમામ કાર્યોમાં રસ લેતા અને ભાગ લેતા કરી દેવા જોઈએ. આજથી જ દરેક બાળકને આમરણાન્ત કામના ગૌરવના પાઠો ભણાવવા જોઈએ, અને કામ કરવાને માટે બાળક તૈયાર થાય તે માટે તેની શક્તિનો વિકાસ કરવાનું કાર્ય શરૂ કરી દેવું જોઈએ. શિક્ષણ-પદ્ધતિમાં એવા ફેરફારો કરી નાખવા જોઈએ કે જેને પરિણામે બાળક સ્વાવલંબી, સ્વતંત્ર અને ભવિષ્યની પ્રજાનું અંગ બની રહે. બુદ્ધિબળ તો માત્ર લોકકલ્યાણ માટે જ વપરાય; શરીરબળ જ પેટ ભરવા માટે ઉપયોગમાં લેવાય, એ ભાવના ભાવિ યુગની છે. બુદ્ધિબળની કિંમત ન લેવાય, તે કેવળ પરમાર્થે જ વપરાય; શરીરથી જ શરીરને પોષવું અને પાળવું એ આદર્શ આગામી કાળનો છે. આ ભાવના આદર્શ વિનાના માણસોમાં નભી નહિ શકે, ટકી નહિ શકે એ ચોક્કસ છે. માટે આજથી જ એ કાળને ઝીલવાની તૈયારી કરવાની કેળવણીકારોની મહાન ફરજ છે.

(૩)

આજની દુનિયાનો તડફડાટ પૈસા પાછળ છે. ''પૈસા એ જ પ્રભુ'' એ આપણી આલમનું જીવનસૂત્ર થઈ પડયું છે. પૈસા માટે આજે મનુષ્ય માત્ર અનેકવિધ પ્રવૃત્તિ કરી રહેલ છે. પૈસા માટે માણસ પોતાનું સર્વસ્વ ખોઈ નાખવા તૈયાર છે. પૈસા મેળવવાની પ્રવૃત્તિમાં માણસ માણસ મટી યંત્ર બની ગયો છે. સવારથી સાંજ સુધી એ એક જ વાતનું ધ્યાન માણસને રોકી

રાખે છે. માણસનાં સ્વપ્નાં પણ પૈસાનાં જ છે. માણસને ખરો આરામ, ખરી શાંતિ દિવસ કે રાતનાં એકાદ ક્ષણ પણ ભાગ્યે જ મળે છે ! "દોડો દોડો; પૈસા પાછળ દોડો !" એ સ્થિતિ ગામડામાં અને શહેરોમાં, આ દેશમાં અને બીજા દેશોમાં બધે સરખી જ છે. આવી સ્થિતિ નથી ત્યાં પણ લક્ષ્મીપૂજકો પહોંચી જાય છે. અને લોકોના શાંતિ અને સુખમાં વિક્ષેપ નાખી એમને અસુખી અને બેચેન બનાવી મૂકે છે. આ બધાનું કારણ અત્યાર સુધીની કેળવણીનું ધોરણ છે.

આપણી કેળવણીમાં આધ્યાત્મિક કેળવણીને સ્થાન નથી જ; અથવા અતિ અલ્પ સ્થાન છે. આખું તંત્ર આધિભૌતિક દૃષ્ટિએ રચાયેલું છે. માણસ સ્વાર્થી બને, માણસમાં અહંતા વધે, અહંતાના સાંત્વનાર્થે માણસ ગમે તેટલી મહેનત ઉઠાવે પણ પરમાર્થે એક આંગળી પણ ઊંચી ન કરે, સ્પર્ધા વિના મનુષ્યના જીવનમાંથી મીઠાશ ઉડી જાય, પોતાના માટે જ જીવન જિવાય અને વિલાસ અને આરામના આદર્શો જ પ્રિય લાગે; એ બધું અત્યારે અપાતી અને અત્યાર સુધી અપાયેલી કેળવણીને કારણે જ છે. એક તરફથી ગુરૂપરંપરાની પદ્ધતિ બંધ થતી આવી; આદર્શ રૂપ શિક્ષકો મળતા બંધ થયા.

બીજી તરફથી જીવનને કેળવણીથી જુદું પાડી નાખવામાં આવ્યું; અને કેળવણીથી જીવન માટેની જે તૈયારી થવી જોઈએ તે તૈયારીનાં આધાર-રૂપ ધાર્મિક શિક્ષણ અને ધાર્મિક જીવનનો લોપ થયો. અને ત્રીજી તરફથી માર્ક આપવાની, ઇનામ આપવાની, નંબર ચડાવવાની અને મનુષ્યને સ્પર્ધાવાળો બનાવવાની વગેરે

કુરીતિઓ શાળામાં દાખલ થઈ. તેથી માણસ સ્વાર્થી, સ્પર્ધાળુ, આળસુ અને આરામપ્રિય તથા ધર્મરહિત થઈ ગયો. આથી જ અત્યારે સર્વત્ર લક્ષ્મીપૂજન ચાલી રહ્યું છે. જીવનનો ઉદ્દેશ દ્રવ્યપ્રાપ્તિ થઈ રહેલ છે. અત્યારના કેળવણીકારોએ ધાર્મિક જીવનને, ગુરુપરંપરાને, અને આદર્શજીવી શિક્ષકોને કેળવણીના ક્ષેત્રમાં અગ્રસ્થાને મૂકી દેવાના છે. તેમણે શાળાઓમાં સ્પર્ધા ઉત્પન્ન થાય તેવી તમામ જાતની રીતિઓ નાબૂદ કરવાની છે, લાલચ અને લોભ તરફ માણસનું મન વળે તેવી જાતની જે જે પદ્ધતિઓ હોય તેને દૂર કરવાની છે. મનુષ્યજીવનનો હેતુ આધ્યાત્મિક સુખ છે; એ સિદ્ધ કરવા માટે જ કેળવણીની યોજના છે. આજની કેળવણીમાંથી એવું બધુંય એકદમ કાઢી નાખવું જોઈએ, કે જે-જે ઉક્ત ધ્યેયનું વિરોધી હોય.

(૪)

જ્યાં સુધી દુનિયા ઉપર દવાખાનાંઓ છે, કેદખાનાંઓ છે અને દીવાનખાનાંઓ છે, ત્યાં સુધી કેળવણીની દિશામાં કાંઈ જ નથી થયું એમ કહેવામાં કશો વાંધો નથી. શાળાઓમાં સંપૂર્ણ શરીરવિકાસ ન થાય, શાળાઓ માણસની નૈતિક અને શારીરિક નિર્બળતાઓ કાઢી નાખે નહિ, અને શાળાઓ માણસજાતમાં જે જે કારણોથી ગાંડપણ આવે છે તે તે કારણો નિર્મૂળ કરે નહિ, ત્યાં સુધી શાળાઓ શાળાઓના નામને પાત્ર નથી. માત્ર ગણિત, ભૂગોળ કે ઇતિહાસ જેવા વિષયો ભણાવનારી શાળાઓ ખરી રીતે શાળાઓ નથી. એવું ભણતર તો માણસ ગમે તે સ્થળે મેળવી શકે. એવા ભણતરથી માણસ જાતનું ખરું કલ્યાણ નથી. એવા

ભણતરથી જેલખાનાંઓ, દવાખાનાઓ અને ગાંડાખાનાંઓ કદી બંધ થવાનાં નથી. એવું ભણતર આપનારી શાળાઓ દેખીતી રીતે જ ડાહ્યાં છોકરાઓને માટે છે. મૂર્ખ છોકરાંઓને આજની શાળા ભણાવી શકતી નથી; ચોર અને ખૂની થનાર છોકરાંઓને તે કાઢી મૂકે છે; માંદા છોકરાંઓ તો શાળામાં જ તૈયાર થાય છે ! શાળાઓના પ્રયાસોથી જ દવાખાનાઓ બંધ થવાં જોઈએ. અત્યારની શાળાઓમાં આરોગ્યની દૃષ્ટિએ ભારે મોટા ફેરફારો થવા જોઈએ. શાળાનાં મકાનો એકદમ શહેરની બહાર ખુલ્લી હવામાં જોઈએ. એમ ન બને તો ગામમાં સ્વચ્છ લત્તામાં મોકળાશમાં મકાન જોઈએ. દરેક મકાનમાં હવા અને પ્રકાશ પુષ્કળ જોઈએ. શાળાની આસપાસની જગ્યા એવી જોઈએ કે જે શાળાના શાંત અને પોષક વાતાવરણને મદદગાર થાય. શાળાની બાજુમાં ગંદકી ન જોઈએ.

શાળાનું મકાન ગાડીઓ, ઘોડા, ટ્રામ અને મોટરોના ઘોંઘાટોથી પૂરેપૂરું દૂર જોઈએ. શાળા સ્વચ્છતાનું મંદિર જોઈએ. આખું મકાન ઝાપટેલું. ધૂળ અને બાવાં વગરનું જોઈએ. જેની જમીન સ્વચ્છ જોઈએ. કયાંયે ધૂળ દેખાવી ન જોઈએ. અત્યારની ઘણી શાળાઓમાં અસહ્ય ગંદકી હોય છે; હવા, પ્રકાશ અને સ્વચ્છતાના અભાવના કારણથી અનેક બાળકો ટૂંકી નજરવાળાં, ક્ષયરોગી અને નબળાં થાય છે એવો ડૉકટરોનો મત છે. શાળાનું ઉપસ્કર અત્યારે જે જાતનું છે તે અત્યંત ખરાબ છે. બાંકડા અને તેની ઉપર નક્કી કરેલી જગ્યાઓ બાળકોની કરોડરજ્જુઓની દુશ્મન છે. બાંકડા ઉપર ચોક્કસ કરેલ જગ્યાએ બાળકોને કલાકો

સુધી બેઠાં-બેઠાં કામ કરવું પડે છે તેથી બાળક કંતાઈ જાય છે, તેની કરોડ વળી જાય છે અને અવયવોને પક્ષઘાત જેવું થાય છે. પહેલી જ તકે શાળાઓમાંથી આવું ઉપસ્કર દૂર કરવું જોઈએ. બાંકડા ને બદલે વર્ગમાં બાળકો જાતે ફેરવી શકે તેવાં હલકાં મેજો મૂકવાં જોઈએ, અને બાળકો પોતાની ઇચ્છાનુસાર તેને ફેરવીને મરજીમાં આવે ત્યાં બેસીને પોતાનો અભ્યાસ કર્યા કરે એ ભાવનાનો અમલ થવો જોઈએ. પ્રત્યેક બાળકને મેજ ઉપરાંત એક આસન મળવું જોઈએ. પોતાનું આસન લઈ બાળક ગમે ત્યાં બેસી ગમે તે સાથે ભળી પોતાનો વિકાસ શોધી લે તેવી ગોઠવણ થવી જોઈએ. ખરી રીતે આજના બાંકડા વગેરે વર્ગશિક્ષણ એટલે કે સમૂહશિક્ષણને કારણે છે. જો વ્યક્તિશિક્ષણ-પદ્ધતિને દાખલ કરવામાં આવે તો ઉપસ્કરની બાબતમાં કેટલોક સુધારો આપોઆપ થઈ જાય.

બાળકોનો પહેરવેશ કેવો અને કેટલો હોવો જોઈએ એનો નિર્ણય શાળાએ જ કરી નાખવો જોઈએ. પહેરવામાં બાળકને બીજાની મદદ લેવી પડે તેવાં અથવા હાજતો કરતી વખતે કે કાઢતી વખતે બાળક સહેલાઈથી પોતાની જાતે જ કાઢી નાખી ન શકે તેવાં કપડાં તરત જ દૂર થવાં જોઈએ. તમામ કપડાંનાં બટનો મોઢા આગળથી જ જોઈએ. વાંસા ઉપર બટન આવે તેવાં કપડાં, પટ્ટાવાળાં કપડાં, સળંગ કોટપાટલૂનો વગેરે બાળકોને માટે ઘણાં જ ખરાબ છે. આવા કપડાં શરીરશાસ્ત્રીની અને સગવડની દષ્ટિએ ત્યાજ્ય છે. અત્યારે તો બાળકો ઋતુને અનુકૂળ કપડાં પહેરે છે કે નહિ, સ્વચ્છ કપડાં પહેરે છે કે નહિ, જરૂર જેટલાં કપડાં પહેરે

છે કે નહિ, બાળક જાતે જ પહેરી કાઢી શકે તેવાં કપડાં તે પહેરે છે કે નહિ, તેનો જ વિચાર માતાપિતાએ તેમ જ શાળાઓએ કરવાનો છે. શાળાઓએ માબાપો સાથે લડવું પડશે. અત્યારે પહેરવાનાં કપડાં બાળકોને કેટલાં બધાં નુકસાનકારક છે તે માબાપોને સમજાવવું જોઈએ. ગંદા અને મેલાં કપડાંમાં વ્યાધિ રહે છે તે માબાપોને ગળે ઉતારવું જોઈએ.

નિશાળોમાં માબાપોને લઈ જઈ આજની શાળામાં કેવાં કેવાં મેલાં છોકરાં ભેગાં થાય છે તે તરફ તેમનું ધ્યાન ખેંચવું જોઈએ. તેમને વારંવાર ઉપદેશ કરીને બરાબર સમજાવી દેવું જોઈએ કે તેમણે બાળકોને ગંધાતાં કપડાં પહેરાવવા નહિ, તેમનાં કપડાં ફાટેલાં રખાય નહિ, તેમનાથી નકામાં અને વધારે પડતાં કપડાં બાળકોનાં કુમળાં શરીરો પર લદાય નહિ. આવી નાની દેખાતી બાબતો કેટલું બધું ભયંકર નુકસાન કરે છે તે જો બરાબર ગળે ઉતરવાનું કામ શાળા ઉઠાવે નહિ તો આજનાં બાળકો અને ભાવિ પ્રજા રોગોના ઉપદ્રવમાંથી મુક્ત થાય જ નહિ; અને ત્યાં સુધી દવાખાનાંઓ અટકે નહિ.

જેમ શરીરના રોગોને લીધે ઠામઠામ દવાખાનાંઓ થઈ ગયાં છે, તેમ જ મગજ કે મનના રોગોને લીધે ઠામઠામ જેલખાનાંઓ છે. જો મનમા રોગો અને મગજના રોગો મટાડવાનું કામ પણ શાળાઓ હાથમાં લે તો થોડા જ વખતમાં આજની વધી પડેલી જેલો બંધ થાય. આજના કેળવણીકારો એ કરવાનું છે કે જેથી સઘળાં જેલખાનાંઓ શાળાઓ બની જાય, અને કેદીઓને બદલે ભવિષ્યના સારા અને ઉપયોગી શહેરીઓ બની રહે ! આપણી

શાળાઓ કેટલે અંશે આજની જેલોની કારણભૂત છે તે આપણે જાણી લેવું જોઈએ. ડૉ. મૉન્ટેસૉરી કહે છે કે "વસ્તુતઃ આપણે આપણી માન્યતાઓ બાળકો ઉપર લાદવા માટે ઇનામ અને શિક્ષા જેવાં દમનનાં સાધનો વાપરીએ છીએ. બાળકોને મન આ સ્થિતિ પોતાને માટેની જેલની શિક્ષા રૂપ છે !" બાળકની પહેલી જેલ શાળા છે.

શાળામાં તેને કેદી તરીકે શિક્ષાના અમલ તળે રાખવામાં આવે છે. જ્યાં સુધી શાળામાંથી શિક્ષા નાબૂદ ન થાય અને જ્યાં સુધી બાળકોના માનસિક રોગોને દાક્તરી દૃષ્ટિએ દૂર કરવા શાસ્ત્રીય પ્રયોગો ન થાય, ત્યાં સુધી શાળાઓ જેલખાનાં જ રહેવાની. તેઓ સરકારી જેલખાનાં માટે કેદીઓ જ તૈયાર કરવાની. સારાં બાળકોને માટે શાળા કશું જ કરતી નથી. તેમને માટે શાળા નથી એમ કહીએ તો પણ ચાલે ! શાળાનું પ્રયોજન આવાં નબળાં બાળકોને માટે છે, અને તેમને જ સારાં શહેરી બનાવવામાં શાળાની ખરી કસોટી છે. શિક્ષાના દોર પર અત્યાર સુધીની શિક્ષણપદ્ધતિ રચાયેલી છે. શિક્ષાના દબાણમાં બાળકની શક્તિઓ ગૂંગળાઈ જાય છે; ઉલટું ગુન્હો કરવાની વૃત્તિ ઊભી થાય છે. શિક્ષાના ભયને લીધે ગુન્હો કરવાની વૃત્તિ છૂપાયેલી રહે છે, પણ તે મૂળમાંથી જતી નથી અને બાળકને શાળામાં કશો લાભ થતો નથી. ઘણી વાર એવું બને છે કે બાળકો માંદાં હોય છે તે આપણને કદી ન સુધરે એવાં લાગી જાય છે; એમને પણ આપણે શિક્ષાની જ દવા કરીએ છીએ.

કેટલાંએક બાળકો ઘરના વાતાવરણને લીધે કે આનુવંશિક

સંસ્કારોને લીધે રસ્તા બહાર લાગે છે; તેમને પણ એ એકનો એક જ ઉપચાર કરીએ છીએ. તોફાની છોકરાઓ તો શિક્ષા માટે જ સરજાયાં હોય એમ આપણે માની લીધું છે. પણ ''જેને આપણે બાળકના તોફાનને નામે ઓળખીએ છીએ તે ઘણીવાર તો આપણી કેળવણીની રીતિનો સામેનો તેમનો વ્યક્તિગત બળવો જ હોય છે.'' ગુન્હો કરવાની વૃત્તિ શિક્ષાથી કદી રોકી શકાતી નથી. ફોજદારી કાયદાની નિષ્ફળતા આ વાતની સાક્ષી પૂરે છે. માનસિક રોગોનો ઉપાય કદી શારીરિક બળ વાપરવાથી થાય જ નહિ; એનો ઉપાય કેળવણીમાં છે એમ ઈટલીનાં પ્રખ્યાત ડૉ. મૉન્ટેસોરીનું કહેવું છે, અને તે યથાર્થ જ છે. ''આવા રોગોનો ઉપાય દરેક વખતે કેળવણી એ જ છે. આપણે શિક્ષાનો તો સદંતર નાશ જ કરવો જોઈએ !''

❖ ❖ ❖

## શિક્ષક : એક જ્ઞાતિ

શિક્ષક ભાઈઓ ! હું એક બાબત આપના મન ઉપર ઠસાવવા માગું છું, અને તે એ છે કે આપણી શિક્ષકોની એક નવી જ જ્ઞાતિ આ યુગમાં થતી આવે છે, આ જ્ઞાતિ ભાવિ યુગની છે, છતાં આજે તેઓ બીજાંકુર થઈ ચૂકયો છે. આ વાત આપણા લક્ષમાંથી કદી પણ સરી જવી જોઈએ નહિ. આપણે ભલે બ્રાહ્મણ હોઈએ, ક્ષત્રિય હોઈએ, વૈશ્ય હોઈએ, શૂદ્ર હોઈએ કે અસ્પૃશ્ય જ્ઞાતિના હોઈએ, છતાં આપણે ભૂલવું ન જોઈએ કે આપણે શિક્ષક જ્ઞાતિના છીએ. ભોજનવ્યવહાર આપણે ભલે સંકુચિત કે મર્યાદિત જનસમુદાય સાથે કરતા હોઈએ. છતાં આપણે અવશ્ય યાદ રાખવું જોઈએ કે શિક્ષકજ્ઞાતિ એ એક જ જ્ઞાતિ આપણને સંગઠિત રાખનાર જ્ઞાતિ છે. ભલે અત્યારે પુત્રપુત્રીઓને વરાવવાનું કાર્ય અમુક નિર્મિત જનસમુદાયના ભાગમાં જ કરતાં હોઈએ; છતાં આપણા લક્ષની બહાર ન જવું જોઈએ કે આપણી એટલે શિક્ષકોની જ્ઞાતિની ઉન્નતિમાં એવો વ્યવહાર રોધક ન થવો જોઈએ. બધી જ્ઞાતિઓથી આપણી જ્ઞાતિ અલગ છે અને સ્વતંત્ર છે. આટલી બધી જ્ઞાતિઓ હોવા છતાં આપણી જ્ઞાતિનો વધારો સમાજને બહુ ભય રૂપ નહિ જ થાય. આપણું અસ્તિત્વ જ સમાજના ઉદ્ધારાર્થે છે.

પ્રત્યેક જ્ઞાતિને જ્ઞાતિધર્મ હોય છે, તેમ જ આપણી જ્ઞાતિને પણ જ્ઞાતિધર્મ હોવો જોઈએ. બ્રાહ્મણાદિ જ્ઞાતિઓમાં ભિન્ન ભિન્ન આચારો વિદિત છે, તેમ આપણે માટે પણ છે. આ જ્ઞાતિની આજે ઝાંખી શરૂઆત છે. આજે એ બાલ-સ્વરૂપમાં છે. તેનો માત્ર

બીજાંકુર જ થયો છે. પણ અલ્પ કાળમાં આપણી જ્ઞાતિ એટલી તો વિશાળ થશે કે જેની કલ્પના પણ આજે આપી શકાય નહિ. અન્ય જ્ઞાતિઓનાં બંધનો આ નવી જ્ઞાતિ પૂરાં તોડી નાખશે નહિ, પણ પોતાનું વર્તુલ એટલું બધું વધારશે કે તેમાં અન્ય જ્ઞાતિઓ સહેજ સમાઈ જશે. આ આપણી જ્ઞાતિની અને તેના ભાવિની કલ્પના છે. અને આ જ્ઞાતિના તમે સભ્ય છો. આપણી નવીન જ્ઞાતિના અંગભૂતોના શા શા ધર્મો છે તે આપણે સ્પષ્ટ પણે જાણી લેવું જોઈએ. આ ધર્મપાલનમાં શૂર હોય તે જ આમાં રહે અને બીજાં ખુશીથી આનો ત્યાગ કરે. કાયરનું કામ આ જ્ઞાતિમાં રહેવાનું નથી. આ જ્ઞાતિ ચારે જ્ઞાતિઓના મુકુટ-રૂપ છે. અધ્યયન-અધ્યાપનના કાર્યમાં આ જ્ઞાતિના ધર્મની પરિસમાપ્તિ થતી નથી; શિક્ષણની મહાન સંસ્થાઓ બાંધવી અને તેની વ્યવસ્થા કરવી એ આ જ્ઞાતિનું વૈશ્ય કાર્ય છે; સમાજ અને રાજનાં આક્રમણોથી સ્વતંત્ર રહી શિક્ષણનું કાર્ય નિર્ભયપણે ચલાવવું તેમાં આ જ્ઞાતિની ક્ષત્રવૃત્તિ સમાયેલી છે; કોઢિયાં, આંધળાં અને લૂલાં લંગડાંથી માંડીને છેક ઉચ્ચ કોટિનાં બાળકોની ઉન્નતિ અર્થે જ જીવન વ્યતીત કરવું એમાં આ જ્ઞાતિની સેવાબુદ્ધિ છે; અને અધ્યયન અને અધ્યાપનનું કાર્ય કરવું એમાં આ જ્ઞાતિની બ્રાહ્મણવૃત્તિ છે.

આપણે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એકી સાથે છીએ અને તેથી એ ચારે વર્ણોના પરમ ધર્મો આપણા ધર્મો છે. બ્રાહ્મણોનો ભણવા-ભણાવવાનો ધર્મ, વૈશ્યનો રિદ્ધિસિદ્ધિવૃદ્ધિ ધર્મ, ક્ષત્રિયોનો સંરક્ષણધર્મ અને શુદ્રનો સેવાધર્મ;

એ આપણા ધર્મો છે. વળી આ ધર્મોમાંના બે ધર્મોને પ્રમુખ ધર્મો કહી શકીએ. સેવાબુદ્ધિ અને ક્ષાત્રવૃત્તિ એને હું શિક્ષકના પરમ ધર્મો ગણું છું. બ્રાહ્મણથી તે અસ્પૃશ્ય સુધીની બધી કોમોમાં બાળકોની સેવા અર્થે જીવવું એ જ શિક્ષકનો પ્રથમ અને મહાન ધર્મ છે. જાતે સામાજિક અને રાજકીય પારતંત્ર્યમાંથી મુક્ત રહી બીજાંઓને એ મુક્તિ અપાવવાનો શિક્ષકનો બીજો, પરંતુ એટલો જ મહાન ધર્મ છે. અધ્યયન-અધ્યાપનને આપણે ત્રીજું સ્થાન આપીએ અને ચોથે સ્થાને રિદ્ધિસિદ્ધિવૃદ્ધિ અર્થાત્ સંસ્થાઓ સ્થાપવી, સાધનો વસાવવાં વગેરે છે. આપણે સાધનો વિના શિક્ષણ આપી શકીએ; મોટાં મકાનોને બદલે ઝૂંપડીઓમાં અને ખુલ્લાં મેદાનોમાં બેસીએ એટલું જ નહિ પણ ભ્રમણ કરતાં પણ શિક્ષણકાર્ય કરી શકીએ. અત્યાર સુધીમાં જે કોટિનું જ્ઞાન આપવામાં આવ્યું છે, તે કોટિના જ્ઞાનનું પરિણામ આપણે જોઈ શકયા છીએ.

એવું જ્ઞાન આપણે ન આપીએ અથવા ઓછું આપીએ તો પણ ચાલે. પણ સાધનસંપન્ન થવા માટે અથવા તો જ્ઞાન આપવાની અનુકૂળતા રહે એટલા માટે પારતંત્ર્ય ન સ્વીકારીએ. અને સેવાવૃત્તિમાંથી ચ્યુત થઈ આપણે કદી અધ્યયન-અધ્યાપનમાં સફળતા ન જ માનીએ. આથી જ સેવાવૃત્તિ અને ક્ષાત્રવૃત્તિને શિક્ષકના કર્તવ્યમાં પ્રથમ સ્થાને મૂકેલ છે. આજે તો જે મનુષ્ય સમાજની સેવા કરી શકે અને સમાજ કે રાજના અત્યાચારમાંથી જાતે સ્વતંત્ર રહી બીજાને સ્વતંત્ર રાખવા પ્રવૃત્તિ કરી શકે, તે જ શિક્ષક કહેવાય.

(૧)

ત્યારે આપણી જ્ઞાતિના સભાસદોનું પહેલું કર્તવ્ય સેવાભાવના થયું. સેવાભાવવાળો શિક્ષક તો પ્રત્યક્ષ રીતે આજે જેઓ અધઃપતનને પામેલા છે. તેવાઓની સેવા કરે; અને વળી કેળવણીના પ્રદેશમાં જે બાળકોમાં સેવાભાવના ઉગ્ર હોય તેમનામાં સેવાભાવની વૃત્તિ પોષે, તેની અભિવૃદ્ધિ કરે. અત્યારનું કહેવાતું શિક્ષણ તેને માટે અલ્પ ઉપયોગી ગણે. આ વૃત્તિનો આજના શિક્ષકોમાં અભાવ હોવાથી જ સમાજમાં આજે આપણે સાચા સેવકોની સંખ્યા ઘણી જ ઓછી જોઈએ છીએ. આજના શિક્ષકોને હાથે શાળાઓમાં સેવાભાવનાનું પોષણ નથી થતું આજનો શિક્ષક સેવાભાવવૃત્તિની જાગૃતિને, તેના સ્ફુરણને શિક્ષણ આપવાને બહાને રોકે છે, ગૂંગળાવે છે, દાબી દે છે; એ સેવાભાવવૃત્તિને ગતિ આપી શકતો નથી. એવી વૃત્તિ તેના શિક્ષણના કાર્યમાં બાધા રૂપ લાગે છે.

ચાલતા વર્ગમાં એક બાળક પડી જાય અને બીજું બાળક પ્રેમથી તેને મદદ કરવા દોડે, તો વ્યવસ્થાનો ભંગ થવાને કારણે શિક્ષક તેની રૂકાવટ કરે છે. બાળકની સેવાભાવવૃત્તિનું ઝરણ ત્યાં જ અટકી પડે છે, બલકે સુકાઈ જાય છે. આપણી સેવાભાવવૃત્તિ બાળકોને સેવાભાવવાળાં બનાવે ત્યારે જ સાચી ગણાય; અને તે ત્યારે જ બને કે જ્યારે આપણે પોતે જ સેવાભાવવાળા હોઈએ. જીવનનું, શાળાનું અને અભ્યાસનું એવું તંત્ર આપણે રચવું જોઈએ કે જેથી અહર્નિશ સેવાભાવના કેળવાય. આને પરિણામે આપણે મન ગરીબ અને તવંગર, નિર્બળ અને

સબળ, મંદ અને બુદ્ધિશાળી, સ્પૃશ્ય અને અસ્પૃશ્ય; બધાં બાળકો સરખાં જ રહે. આ વૃત્તિ કેળવાતાં ખાનગી ટ્યુશનો નાશ પામશે. પૈસાદારોનાં ખાનગી સાહસોને બદલે આંધળાં લૂલાં, લંગડાં અને મંદબુદ્ધિવાળાં બાળકોની નિશાળો ઊભરાઈ જશે. શાળામાં ઊંચ, નીચ, સ્પૃશ્ય, અસ્પૃશ્ય જેવો ભેદ રહેશે નહિ.

શિક્ષણમાં સેવાવૃત્તિ એટલે ખુશામદ નથી. બાળકોને સમજાવી, ફોસલાવી-પટાવી ભણાવવાની યોજના એ સેવાવૃત્તિનું પરિણામ નથી. એ તો ગુલામવૃત્તિનું પરિણામ છે. શિક્ષકે તો સેવક બનવાનું છે, ગુલામ નહિ. અગાઉ શિક્ષક ગુલામોના સરદાર જેવો હતો; વિદ્યાર્થીઓ સાથેનો સંબંધ શેઠ અને ગુલામ જેવો રહેતો. એને બદલે શિક્ષકે એકાએક ગુલામ બની વિદ્યાર્થીઓને શેઠ બનાવી દેવાના નથી. પણ મિત્રભાવે દૃષ્ટા રૂપે રહી શિષ્યને ગતિ આપવામાં ખરી સેવા રહેલી છે.

(૨)

શિક્ષકનો બીજો અગત્યનો ધર્મ તે ક્ષાત્ર ધર્મ છે. ક્ષત્રિયોનું કર્તવ્ય જાતે નીડર રહી નીડરતાનું સામ્રાજ્ય સ્થાપવાનું છે. કેળવણીનું કાર્ય સદૈવ સમાજ અને રાજના દબાણથી મુક્ત રહેવું જોઈએ. કેળવણીકારો અને કેળવણીનો સંસ્થાઓ નિરંતર સ્વતંત્ર હોવાં જોઈએ. આ સ્વાતંત્ર્ય સ્થાપવાનું કાર્ય ક્ષત્રિય શિક્ષકોનું છે. સીધી રીતે શિક્ષક સમાજસુધારણા કે રાજકીય હિલચાલમાં ન પડે; પરંતુ શિક્ષક સામાજિક અને રાજકીય અનિષ્ટ આદર્શોથી દૂ રહે, અને એમ કરતાં શિક્ષકને સમાજ સામે કે રાજ સામે થવું પડે

તો તે તેમ પણ કરે. સમાજને અને રાજ્યને અનુકૂળ રહીને જ શિક્ષણનું કાર્ય કરવું જોઈએ એમ માનનારો ખરો શિક્ષક નથી. શિક્ષણકાર્યમાં આડે આવતા સમાજ કે રાજની સામે તે ઘડી વાર તો શિક્ષણકાર્યને અળગું કરીને પણ લડવા અને તેને ઉથલાવી પાડવા પણ નીકળી પડે. શિક્ષણનો આધાર સમાજ અને રાજ ઉપર નથી; પણ સમાજ અને રાજવ્યવસ્થા જ સારા શિક્ષણને લીધે ટકી રહી શકે છે. આથી જ્યારે જ્યારે સમાજ કે રાજ અવળે માર્ગે જાય, તેની પ્રવૃત્તિ એવી થાય કે તે સાક્ષાત્ શિક્ષણના માર્ગમાં આડે આવે, ત્યારે સમાજ અને રાજને બન્નેને પલટાવા નીકળવામાં જ શિક્ષકનો ક્ષાત્ર-ધર્મ સમાયેલો છે.

આ એક વાત. બીજી વાત એ છે કે ક્ષત્રિય શિક્ષક નિર્બળને સંરક્ષવાને છે. બાળકો શરીરથી નિર્બળ પ્રાણીઓ છે; તેમના હક્કોનું સંરક્ષણ કરવું એ શિક્ષકનો ધર્મ છે. બાળકને સન્માન આપવામાં તેના ક્ષાત્ર-બળની પરીક્ષા છે. ક્ષત્રિય શિક્ષક બાળકનો દાસ નથી બનતો, તેમ તેનો જુલમગાર પણ નથી બનતો; પણ તેના વ્યક્તિત્વને માન આપી તેના વિકાસને ગતિ આપે છે. જેમ ક્ષત્રિય યોદ્ધો વીર્યવાન દુશ્મનને વખાણે છે, તેમ ક્ષત્રિય શિક્ષક વિર્યવાન બાળક પાસેથી શીખવા જેવું હોય તો પ્રેમપૂર્વક શીખી લે છે. તેજને, વીર્યને, ચેતનને હંમેશાં તે અભિનંદે છે, તેની મૈત્રી શોધે છે, અને તેનાથી સબળ બને છે. ભાવિ શિક્ષકો પોતાના વીર્યવાન શિષ્યોને પોતાની સમાન જ ગણવાના; એટલું જ નહિ પરંતુ તેમની મૈત્રી ઇચ્છવાના અને તેમની પાસેથી પણ જ્ઞાન લેવાના. ખરો ક્ષત્રિય શિક્ષક તે જ છે કે જે પોતાના ક્રોધને રોકી

બાળક ઉપર પ્રેમ કરે છે, જે બળવાન છતાં પૂર્ણ ક્ષમાશીલ છે, અને જ્ઞાનવાન છે છતાં નિરભિમાની છે. અભિમાન-રહિતપણું એ શિક્ષકનો મોટો ગુણ છે. અભિમાનની ભરતી એટલે જ્ઞાનની ઓટ. આપણે શિક્ષકોએ મુદ્દામ લક્ષમાં રાખવાનું છે કે આપણે આપણા ક્ષાત્ર-ધર્મને કદી પણ કોરે ન મૂકીએ.

સમાજના કે રાજના ગમે તેવાં ભયો કે દબાણો આપણા ઉપર આવી પડે તો પણ આપણે પૂરેપૂરા કર્તવ્યપરાયણ રહીએ. આજે અંત્યજોને શાળામાં દાખલ કરવાથી સમાજ છંછેડાય, અને શુદ્ધ રાષ્ટ્રીય કેળવણીની હિમાયત કરતાં સરકાર છંછેડાય. તો કાલે વળી સમાજ અને સરકાર બન્ને ન રૂચે એવું કરતા બન્ને છંછેડાઈ પડે. પણ તેથી આપણે નીડર રહીએ. ને આપણા આદર્શોને જ આપણે વળગી રહીએ. એમાં જ આપણી કસોટી છે.

(૩)

શિક્ષકનો ત્રીજો ધર્મ તે બ્રાહ્મણ ધર્મ. ઉપલા બે ધર્મો સાથે મૂકતાં આ ધર્મ એટલો જ ગૌરવવાળો છતાં ગૌણપદે લેખવાનો છે. આને છતાં એ ધર્મનું પાલન તો યથાર્થ રીતે જ થવું જોઈએ. એકલી જ્ઞાનસમૃદ્ધિ અને શિક્ષણકલાથી આપણે સંપૂર્ણ શિક્ષક થઈ શકતા નથી. જ્ઞાનસમૃદ્ધિ અને કલા શિક્ષકને ફત્તેહમંદ કરવાનાં કીમતી સાધનો છે ખરાં; પણ શિક્ષણ સાર્થક કરવા માટે તો તેની પાછળ રહેલી ક્ષાત્ર અને સેવાવૃત્તિ જ છે. બીજી વૃત્તિઓ પેઠે આ વૃત્તિ પ્રયત્નપૂર્વક વધારે પ્રમાણમાં કેળવી શકાય છે. જ્ઞાન એ શિક્ષકનું પરમ ધન છે. એ ધન વિના શિક્ષક થવાના અર્થીને

નિરાશ જ કરવાનો. આ ધન રહિત શિક્ષક તે શિક્ષક જ નથી પણ ભિક્ષુક છે, અને ધન વિનાનો માણસ દાતા થઈ બેસે તેવી સ્થિતિ છે.

અહર્નિશ ઉદ્યોગથી જ્ઞાનધન પ્રાપ્ત કરવા માટે શિક્ષકે મચ્યા રહેવામાં જ તેની ખરી કર્તવ્યપરાયણતા છે. જેને નિષ્ઠા કહે છે, શ્રદ્ધા કહે છે, એ શ્રદ્ધા શિક્ષકમાં છે કે નહિ તેની સાબિતી તેની જ્ઞાનપિપાસાવૃત્તિ ઉપરથી અને તે માટેના તેના શ્રમ ઉપરથી થઈ શકે છે. એક જ વાકયમાં બોલીએ તો બ્રાહ્મણ શિક્ષક એટલે જ્ઞાનભંડાર. આજે આપણે બધા હળદરને ગાંઠિયે ગાંધી થઈ બેઠા છીએ; દળતા જઈએ છીએ અને રોટલા ઘડતા જઈએ છીએ; પાઠ્યપુસ્તકનું સવારે નામ જાણીએ છીએ. બપોરે તેનો અભ્યાસ કરીએ છીએ, અને સાંજે તે શીખવવા નકળીએ છીએ ! આ પરિસ્થિતિમાંથી આપણે બચી ન જઈએ તો આપણે ભવિષ્યની પ્રજા ઉપર મોટો અત્યાચાર કર્યો કહેવાય. ધર્મ આપણને કહે છે કે જ્ઞાનસમૃદ્ધ રહેવું. સમાજ એમ માનીને તેનાં બાળકો સોંપતો હશે કે આપણે યોગ્ય શિક્ષક છીએ; પણ આપણે કયાં છીએ તે આપણે જ જાણીએ છીએ ! આપણે કાંઈ નહિ તો જ્ઞાન મેળવવા માટે સતત પ્રયાસ કરી શકીએ જ, અતિ આવશ્યક વ્યવહારનાં કર્તવ્યો સિવાયનાં બીજાં કોઈ પણ કાર્યોમાં આપણો સમય આપણે ન જ રોકી શકીએ. જ્ઞાન, જ્ઞાન ને જ્ઞાન એનું જ આપણા મનમાં ચિંતન રહેવું જોઈએ. આપણા પાસે જો યથાર્થ જ્ઞાન હશે તો જ– એટલી કે આપણું અધ્યયન પરિપૂર્ણ હશે તો જ, આપણે

બીજાઓને અધ્યયન કરાવી શકીશું; અને તો જ આપણે સાચા બ્રાહ્મણ શિક્ષક બની શકશું.

(૪)

આ જમાનામાં બીજી વૃત્તિઓ સાથે શિક્ષકમાં વૈશ્યવૃત્તિ ન હોય તો શિક્ષણના કાર્યમાં ધક્કો પહોંચે. આ વૈશ્યવૃત્તિ શિક્ષકે પોતાના સ્વાર્થ માટે કેળવવાની નથી પરંતુ શિક્ષણકાર્યના લાભાર્થે કેળવવાની છે. આનો અર્થ એવો છે કે આ યુગમાં શાળાની રિદ્ધિસિદ્ધિ અર્થે શિક્ષકોએ જ પ્રયત્નો કરવાના છે. આગળના વખતમાં શિક્ષકને માથે પોતાની આજીવિકાની કે શિક્ષણસાહિત્યના ખર્ચની ચિંતા ન હતી; રાજ્ય જ શિક્ષકને પોષતું અને શિક્ષકને શિક્ષણકાર્યના ખર્ચની ચિંતા રાખવી પડતી ન હતી. આજે એ સુંદર પ્રણાલિકા નાશ પામી છે. અને તેથી આજના શિક્ષકને માથે બેવડું કામ આવી પડેલું છે. શિક્ષક સ્વતંત્ર રહે, નિશ્ચિંત રહે, તો જ શિક્ષણકાર્ય યથાર્થ થાય; અને તેમાં જ સમાજનું કલ્યાણ રહેલું છે. આજના સમાજે આ વાત લક્ષમાં લેવી ઘટે છે. શિક્ષકને તથા શિક્ષણની તમામ સંસ્થાઓને સ્વતંત્ર અને ધનની બાબતમાં નિશ્ચિંત રાખવામાં તેનું શ્રેય રહેલું છે તે સમજી લેવાનું છે. પરંતુ જ્યાં સુધી આવી સામાજિક ગોઠવણ ન થાય ત્યાં સુધી તો શિક્ષકે વિદ્યાર્થીઓને માટે સાધનસંપત્તિ પ્રાપ્ત કરવા માટે વૈશ્યવૃત્તિ ધારણ કરવી જ પડે. શિક્ષકનું આ કર્તવ્ય થોડા જ કાળને માટે છે. પણ તે અત્યારની સ્થિતિએ અતિ અગત્યનું છે.

આથી જ શિક્ષણના કાર્યને ગતિ આપવા માટે દ્રવ્ય પ્રાપ્ત

કરવાની નીતિયુક્ત પ્રવૃત્તિ નિંદ્ય નથી; અને તે માટે શિક્ષકે શરમાવાનુંય નથી. આ કામ ભલે શિક્ષકના સ્વાભાવિક વલણને અનુકૂળ ન હોય, છતાં તેને એક સામાજિક ધર્મ સમજી શિક્ષકે ઉપાડવાનું છે. શિક્ષણના કાર્યમાં શિક્ષકની ખરી પ્રીતિ અને તેને કારણે શિક્ષકની ઉક્ત પ્રકારની વૈશ્યવૃત્તિ શિક્ષકની ખરી તપશ્ચર્યા છે. આ તપશ્ચર્યાથી જ કેળવણીની સંસ્થાઓ સુદૃઢ થશે; આમાંથી જ સમાજનું કલ્યાણ સધાશે.

શિક્ષકો ! આ ચતુર્વિધ કર્તવ્ય આપણી સમક્ષ રજૂ કરું છું. આપ તે જાણી તેનો ઉપયોગ કરશો તો સૌનું કલ્યાણ થશે.

❖ ❖ ❖

# શિક્ષક કેવો હોવો જોઈએ ?

## શિક્ષકના ધંધાનું મહત્ત્વ

કોઈપણ ધંધામાં પડનારમાં એ ધંધા માટેની યોગ્યતા જોઈએ જ. યોગ્યતા વિનાનો માણસ ધંધામાં ટકી શકે જ નહિ. દુનિયામાં ઘણા ધંધાઓ છે, પણ એકે ધંધો એવો નથી કે જે શિક્ષકના ધંધાની તોલે આવે. શિક્ષકનો ધંધો ભૂત અને વર્તમાનને જોડે છે; અને વર્તમાનમાં જીવન્ત રહી ભવિષ્યને ઘડે છે. શિક્ષકનો ધંધો એટલે સમાજજીવન, સમાજશાસ્ત્ર અને સમાજભાવિ ઘડવાનો ધંધો. જેમ ધંધાની મહત્તા વધારે તેમ ધંધાની જવાબદારી પણ વધારે. આજે શિક્ષણ આપવાનું કામ બંધ કરીએ તો આવતી કાલે મનુષ્યજીવન અંધકારમય બને; ધાર્મિક, રાજકીય અને સામાજિક હિલચાલો પણ ભાંગી જાય; અને મનુષ્યજીવન થોડા જ વખતમાં પશુજીવન સાથે ભળી જાય !

## કોણે શિક્ષક થવું ?

આ ધંધો કરનાર માણસ શિક્ષક ગણાય છે. આવો ધંધો કરનાર માણસ-શિક્ષક કેવો હોવો જોઈએ એ વસ્તુના જ્ઞાન ઉપર માણસે શિક્ષકના ધંધામાં પડવું યા ન પડવું, એનો નિર્ણય કરવો ઘટે છે. કહેવાય છે કે શિક્ષક જન્મે છે; બનાવાતો નથી. આ વાત સાચી હશે. પણ જો શિક્ષણનો ધંધો જન્મેલા શિક્ષક ઉપર જ અવલંબે તો થોડા જ વખતમાં તેવા માણસોની તંગીના કારણસર શિક્ષણનું કામ બંધ પડી જાય ! આથી જ શિક્ષક થવાની કે બનવાની જરૂર છે. ઘણીવાર એવું બને છે કે જુદા જુદા

માણસોમાં જન્મથી શિક્ષકના ગુણો થોડા થોડા જ આવ્યાં હોય છતાં તેવાઓનાં ઝુંડ બનીને તેઓ સુંદર કામ બતાવી શકે છે.

માણસે પોતાનામાં જો નીચે લખ્યા પ્રમાણે કેટલાએક ગુણો હોય તો જ શિક્ષક થવા વિચાર રાખવો. પછી કેટલીક બીજી બાબણો તો માણસ અનુભવથી કે અભ્સાસથી પાછળથી ભલે મેળવી લે.

(૧) શિક્ષણ કાર્ય એ આત્મોન્નતિની સાધના છે. શિક્ષણકાર્યએ અતિ પવિત્ર છે, એ કાર્યથી બીજા બધાય લાભો કરતાં આત્મોન્નતિનો લાભ સાધી શકાય છે, એ કાર્ય ધર્મવિહિત છે અને કલ્યાણી ઇચ્છાવાળાઓએ અવશ્ય કરવા યોગ્ય છે, એમ જે મનુષ્ય માને છે તે જ મનુષ્ય પ્રથમ દરજ્જે શિક્ષક થવાને યોગ્ય છે. શિક્ષણકાર્ય વિદ્યાર્થીઓને અમુક જ્ઞાન આપી દેવાને માટે નથી. તે કાર્ય ભલે નિષ્પાપ હોય, પણ કેળવ આજીવિકા મેળવવા માટે પણ નથી. એ કાર્ય તો પ્રજાને ઐહિક અને પારમાર્થિક યથાર્થ લાભો મેળવવાને બળવાન કરવા માટે છે. જે શિક્ષક આ ધંધાનું રહસ્ય સમજતો નથી, જે શિક્ષક આ ધર્મકર્તવ્યને જાણી શકતો નથી, તે શિક્ષક ભલે જ્ઞાનસંપન્ન હોય, ભલે કેળવણીશાસ્ત્રનો જ્ઞાતા હોય કે શિક્ષણપદ્ધતિનો માહિતગાર હોય, તો પણ તે શિક્ષક થવાને અયોગ્ય જ છે.

‘‘હું જે કરું છું તે કેવળ મારું પેટ ભરવા માટે નહિ, છોકરાઓને માત્ર નક્કી કરેલા અભ્યાસક્રમ પ્રમાણે શીખવી પરીક્ષાને માટે લાયક કરવા માટે નહિ, પણ હું કલ્યાણની ઇચ્છા

રાખવાવાળો છું અને તેથી જ હું જે પરમ તત્ત્વ મેળવવા મથી રહ્યો છું તે પરમ તત્ત્વની દીક્ષા તરફ મારું શિક્ષણકાર્ય મને લઈ જશે, એવી ભાવનાથી મેં આ કાર્ય સ્વીકાર્યું છે.'' એવું જેનું દઢ મંતવ્ય છે તે જ શિક્ષક થવાને યોગ્ય છે. જેનું ધાર્મિક જીવન શિક્ષણજીવન સાથે એકતાર થઈ જાય છે. જેની સર્વ ધાર્મિક ક્રિયાઓ શિક્ષણક્રિયામાં ઓતપ્રોત થઈ જાય છે, જે પોતાનું આધ્યાત્મિક ધ્યેય પવિત્ર શિક્ષણકાર્યની સફળતામાં નિહાળે છે, તે જ મનુષ્ય શિક્ષક થવાને યોગ્ય છે.

(૨) બીજી આવશ્યકતા તે કાર્યની ઉપાસના છે. કોઈ પણ કાર્યની સિદ્ધિ તેની ઉપાસના વિના થઈ શકતી નથી. જ્યાં સુધી માણસ પાગલ થઈ શકતો નથી. ત્યાં સુધી તેણે કોઈ પણ કામ સિદ્ધ કર્યું નથી. જે માણસમાં કામ પાછળ મંડયા રહેવાનો સ્વભાવ નથી, તે માણસ કોઈ પણ ધંધાને ખરી રીતે લાયક જ નથી. આ હિસાબે શિક્ષકમાં ઉપાસના કરવાનું બળ જોઈએ, શિક્ષણ પાછળ પાગલ થવાની તાકાત જોઈએ, અને શિક્ષણ પાછળ અવિશ્રાન્ત શ્રમ ઉઠાવવાને વીર્ય જોઈએ. શિક્ષણ પાછળ જે ગાંડો નથી તે શિક્ષક જ નથી.

કોઈ પણ ખરા ધંધાદારીનું લક્ષણ પોતાના ધંધાનું ગાંડપણ જ છે. જ્યાં સુધી પોતાના કામમાં માણસને ગાંડપણ નથી આવ્યું ત્યાં સુધી તે માણસ તે ધંધાથી ઘણો દૂર છે. જેને રાતદિવસ શિક્ષણ, શિક્ષણને શિક્ષણના જ વિચારો આવ્યા કરે છે; સ્વપ્નાં પણ જેનાં શિક્ષણભર્યાં છે; નહાતાં, ખાતાં, પીતાં વગેરે કાર્ય કરતાં જેની આંખ આગળ શિક્ષણના જ વિચારો છે તે જ ખરો શિક્ષક

છે, તે જ ખરો પાગલ છે. લોટ ખાવો અને ભસવું કદી બનતું નથી. શિક્ષકનો ધંધો લેવો અને અશિક્ષકપણું રાખવું તે કદી ચાલે જ નહિ, હજારો મનુષ્યોએ મહેતાજી કે પંતુજીનું કામ કર્યું. પણ જેઓ એ ધંધામાં ગાંડિયા ગણાયા, જેઓએ એની પાછળ પોતાના સર્વ સુખની તિલાંજલિ આપી અને એ ગાંડપણ પાછળ પોતાની સર્વ શક્તિ ખરચી નાખી, જેઓએ એ ગાંડપણમાં જ ડહાપણ, સુખ કે આનંદ માન્યાં, તેઓનાં જ નામો આજે શિક્ષણશાસ્ત્રમાં અમર છે.

તેવા પાગલો જ આજના વર્તમાન કાળના નિયામકો છે. અને તેવાઓના જ હાથો ભવિષ્ય ઘડવામાં લંબાયેલા છે. પ્રભુ પાછળ પાગલ થનાર જ પ્રભુને મેળવી શકયા છે. પાગલોએ જ અત્યારની દુનિયા શોધી છે. પાગલપણામાં જ ખગોળનું અને ભૂસ્તરનું જ્ઞાન ઊતર્યું છે. આજના મનુષ્યસુખનાં સાધનો પાગલપણામાંથી જ જન્મ્યાં છે. એ પાગલપણું જ શિક્ષકનો ખરો આંક છે.

પોતાના કાર્યમાં રચ્યાપચ્યા રહેતાં જેને નિંદા કે સ્તુતિની પરવા નથી, પોતાના વિદ્યાર્થીઓ સાથે હળવા-મળવામાં અને તેમની સાથે નાચવા-કૂદવામાં જેને મન નાનમ નથી, જે પોતાના દરેકેદરેક વિદ્યાર્થીમાં પોતાની જાતને ભાળીને તેને ભેટે છે, જેનાં દેહભાનઅને જ્ઞાનભાન વિદ્યાર્થીઓ પાસે જતાં આપોઆપ છૂટી જાય છે, જેને વિદ્યાર્થીઓ સમક્ષ મોટો થઈને ઊભા રહેતાં શરમ આવે છે, જેનું હૃદય દરેકેદરેક વિદ્યાર્થીના હૃદયમાં નાચે છે, એવો ગાંડો શિક્ષક તે જ ખરો શિક્ષક છે. જેનું હૃદય વિદ્યાર્થીઓના

રડવા સાથે રડે છે, વિદ્યાર્થીના હાસ્યમાં જે પોતાનો જીવનઆનંદ અનુભવે છે, જેને મન નાની કે મોટી દુનિયા વિદ્યાર્થીઆલમ છે, જેના સુખદુઃખનો આધાર વિદ્યાર્થીના સુખદુઃખ ઉપર છે, વિદ્યાર્થીને જાણ્યે-અજાણ્યે પોતાના હાથથી થઈ ગયેલો અન્યાય જેના ભારે પ્રાયશ્ચિતનું કારણ બને છે, તે માણસ-તે ગાંડો માણસ જ શિક્ષકના ધંધાને માટે લાયક છે !

(૩) શિક્ષકની ત્રીજી આવશ્યક બાબત પ્રેમ છે. દુશ્મનને પણ જીતી લે એવો મહાગુણ પ્રેમ છે. પ્રેમથી માણસ પ્રભુને પામી શકે છે. પ્રેમ આ દુનિયા ઉપર સ્વર્ગ લાવી શકે છે. પ્રેમ એક અજર મોહિની છે. પ્રેમને વશ મનુષ્યપ્રાણી વર્તે છે. સચરાચર વિશ્વ પ્રેમની સાંકળથી સંકળાયેલું છે. પ્રેમ સ્વર્ગની સીડી છે. પ્રેમ જીવનનો આરામ છે. ધર્મના પાયામાં પણ પ્રેમ જ છે. વ્યવહારની ગૂંચ ઉકેલનાર પણ પ્રેમ છે.

ઈશુનો ઉપદેશ પ્રેમનો જ છે. બુદ્ધનો ઉપદેશ પણ પ્રેમથી જ (નહીં કે તિરસ્કારથી) સામાને જીતવાનો છે; કૃષ્ણજીવને પ્રેમ જ ગાયો છે. ભક્તોની ભક્તિ તો પ્રેમનું સ્વરૂપ છે. પ્રેમથી ઉત્પત્તિ થાય છે; પ્રેમથી જ દુનિયાને પોષણ મળે છે. પ્રેમ સર્વવ્યાપી છે; પ્રેમ સહનશીલ છે; પ્રેમ શુભેચ્છક છે; પ્રેમ ઐકયસાધક છે. અરે, પ્રેમ એક જાદુ જ છે ! જો જગતમાં પ્રેમ જેવી વસ્તુ ન હોત તો આજે જગતની કેવી સ્થિતિ હોત તેની ભયંકર કલ્પના કરતાં કંપી ઊઠવું પડે. શિક્ષકમાં આવો પ્રેમ ન હોય તો તે શિક્ષક ન જ રહી શકે. આજે દુનિયાનું ભાવિ શિક્ષકના હાથમાં છે. આજે શાળાઓ દ્વારા આખા જગતના માતૃસ્થાને બેસી શાળા અને સમાજનો ઉદ્ધાર કરવાનું ધર્મકાર્ય શિક્ષકને માથે આવી પડયું છે.

એ ધર્મકાર્યમાં માનવ જાતિનું રક્ષણ અને ઉદ્ધાર રહેલાં છે. પ્રેમથી ચેતન જન્મે છે. શિક્ષકે સમષ્ટિ ઉપરના વિશાળ પ્રેમ દ્વારા પોતાનો મહાન ધર્મ, પોતાનું કતર્વ્ય વ્યક્ત કરવાનું અને સિદ્ધ કરવાનું છે. મૉન્ટેસોરીનો એક ફકરો આ વિષય ઉપર ભારે ઉત્સાહ પ્રેરે છે.

‘‘પ્રેમ એ ફલોત્પત્તિની અંદર રહેલો મુખ્ય પ્રાણ છે; અને ફલોત્પત્તિનો ઉદ્દેશ નવો જીવ નિર્માણ કરવો એ છે. પ્રેમનો ઉદ્દેશ કાંઈક નવું નિર્માણ કરવો એ છે. શિક્ષકને પણ નવાં ફળ નિર્માણ કરવાનાં હોવાથી તેના કાર્યમાં પણ માનવ પ્રેમ પ્રગટ થવો જોઈએ. આમ નવીન ફળ ઉપજાવવાની વૃત્તિ વડે શિક્ષક પ્રેરાવો જોઈએ. અને તેમ પ્રેરાઈને તેણે પોતાનું કર્તવ્યક્ષેત્ર શોધી લેવું જોઈએ. તેવું ક્ષેત્ર આજે એ છે કે શાળાને સુધારવી અને સંસારની માતાનું ગૌરવભર્યું સ્થાન સ્વીકારવું. એ માતૃપદે ચડીને શિક્ષકે આખી માનવજાતનું-સાધારણ અને અસાધારણ બધાનું રક્ષણ કરવાનું છે. સુધારો એકલો શાળાઓનો જ કરવાનો નથી, આખા સમાજનો કરવાનો છે; કેમ કે શિક્ષણવિદ્યાનો પ્રયોગ એટલો પાવનકારી છે, એટલો પરિણામકારી છે કે મનુષ્યજાતિની અત્યંત નીચ વૃત્તિઓનું, મનુષ્યજાતિના રોગોનું તે હરણ કરે છે, તેનો અધ:પાત થતો અટકાવે છે. જિન્સેપ્પી સર્જિ નામના લેખકે કહ્યું છે કે અત્યારનું સમાજજીવન એવું બની ગયેલું છે કે આપણી કેળવણીની પદ્ધતિઓમાં એકદમ નવીન પ્રાણ રેડવાની જરૂર ઊભી થયેલી છે. આ ઝુંબેશમાં આજે જે ભરતી થવા નીકળશે તે મનુષ્યજાતિનું પુનર્જીવન કરનારી સેનાનો સૈનિક ગણાશે.’’

❖ ❖ ❖

## શિક્ષણશાસ્ત્રના અભ્યાસની જરૂર

### ધંધાના જ્ઞાનની જરૂર

આ પ્રશ્ન ઘણો જ મહત્ત્વનો છે. આપણા દેશમાં અત્યારે સામાન્ય રીતે એવું મનાય છે કે અંગ્રેજી ભણેલો હરકોઈ મનુષ્ય, અને ખાસ કરીને ગ્રેજ્યુએટ શિક્ષક થઈ શકે. આ માન્યતાને પરિણામે કેળવણી આપનારી સંસ્થાઓ ગ્રેજ્યુએટોને શિક્ષકો તરીકે રાખી શિક્ષણના કાર્ય માટે યોગ્ય માણસો મેળવ્યા એમ માને છે; અને ગ્રેજ્યુએટો પોતે કેળવણીનું કામ કરવાને સદૈવ હિંમતથી તૈયાર હોય છે, પરંતુ આ માન્યતા ભૂલભરેલી છે. જેમ વકીલ, ડૉકટર કે કારીગર પોતાનો ધંધો જાણ્યા વિના વકીલાતનો, વૈદાનો કે કારીગરનો ધંધો કરી શકતો નથી તેમ શિક્ષકનો ધંધો જાણ્યા વિના કોઈ માણસ તે ધંધો કરી શકતો નથી. જેમ કોઈ ધંધાના જ્ઞાન વિનાનો માણસ તે ધંધો કરવા જાય તો તેમાં નિષ્ફળ જાય, તેમ જ શિક્ષકના ધંધાના જ્ઞાન વિનાનો માણસ પણ પોતાના ધંધામાં નિષ્ફળ જ જવાનો.

### રાષ્ટ્રીય જાગૃતિની અસર

આમ છતાં પણ અત્યાર સુધી આપણા દેશમાં તો ધંધાના જ્ઞાન વિનાના જ શિક્ષકોએ શિક્ષણ આપ્યું, અને તેથી આપણા દેશની કેળવણીની સ્થિતિમાં સુધારો થવા પામ્યો નહિ. પોતે જે વિષયો ભણેલા છે તે વિષયો શીખવાનું કાર્ય સૌએ સહેલું ધાર્યું; અને તેથી ન વિષયોની બાબતમાં ફેરફાર થવા પામ્યા કે ન પદ્ધતિની બાબતમાં, હવે સમય બદલાયો છે. રાષ્ટ્રીય ઉન્નતિ માટે કયા વિષયો શીખવવા જોઈએ, તેમ જ કઈ પદ્ધતિથી તે શીખવવા

જોઈએ એ પ્રશ્નો આપણી સમક્ષ ખડા થયા છે. અગાઉથી ચાલ્યા આવતા વિષયો અને ઉપવિષયોમાંથી કેટલાએકને અભ્યાસક્રમમાંથી રજા આપવાની અને કેટલાએક વિષયોને નવા જ ઉમેરવાની શરૂઆત અને હિલચાલ ચાલી રહી છે. એની સાથે જ આપણે જે પદ્ધતિથી શિક્ષણ આપ્યું છે તે પદ્ધતિ જૂની અને અનિષ્ટકારક સાબિત થઈ છે, અને તેને ધક્કો મારવાનો તડફડાટ, અને કયાંક કયાંક તો પ્રયોગો પણ શરૂ થઈ ચૂકયા છે.

## દેશ અને શિક્ષકો પર આવી પડેલો ધર્મ

આવી સ્થિતિમાં શિક્ષકનો ધંધો જાણ્યા વિના, નવા નવા વિષયોના અને તેમને શીખવવાની પદ્ધતિના જ્ઞાન વિના શિક્ષક થવા નીકળવું એ વિચિત્ર જ દેખાય. અને કોઈ પણ શાળાએ શિક્ષકનો ધંધો ન જાણનારને શાળામાં સ્થાન આપવું એ પણ એટલું જ વિચિત્ર દેખાય, પરંતુ જ્યાં સુધી દેશ આખામાં શિક્ષકોને તૈયાર કરવાની દેશીય સંસ્થાઓ સ્થળે-સ્થળે ન થાય, અને તેમાંથી સંખ્યાબંધ લાયક શિક્ષકો બહાર ન પડે, ત્યાં સુધી કોઈ પણ શિક્ષક થવાની ઇચ્છા રાખનારે અને કોઈ પણ શાળાએ ચાલતી પરિસ્થિતિને આધીન થઈ બેસી રહેવું પાલવે જ નહિ; અને તેમાંયે ખાસ કરીને રાષ્ટ્રીય દૃષ્ટિએ કેળવણી આપવાનો અખતરો કરતી સંસ્થા માટે તો એવું વર્તન પાપરૂપ જ ગણાય. આવા સંજોગોમાં શિક્ષકોએ ખરા શિક્ષકો થવા આગળ આવવાનો અને દેશે શિક્ષકોને તૈયાર કરે તેવી સંસ્થાઓ ઉઘાડવાનો ધર્મ સ્વીકારવો જોઈએ.

## બે મુખ્ય મુશ્કેલી

આવા પ્રયત્નો દેશના હિત માટે તુરતમાં ચોમેર થવા જોઈએ, અને તેની સામે આવતી સઘળી મુશ્કેલીઓનો સામનો કરવો જોઈએ. સામે આવે એવી મુશ્કેલીઓમાં શિક્ષણશાસ્ત્રના જ્ઞાન વિના અનુભવથી શિક્ષક થવાય એ માન્યતા અને શ્રમ ઉઠાવવાનો આપણા દેશી ભાઈઓનો અનાદર એ બે મુખ્ય ગણી શકાય.

(૧) અનુભવી શિક્ષક થવાય એ કેવળ ભ્રમ છે. એ ભ્રમ છે એટલું જ નહિ, પણ એ એક ઝેરી વિચાર છે. આ દુનિયામાં આજન્મ શિક્ષકો ઘણાં જ થોડા હોય છે, બલ્કે ભાગ્યે જ હોય છે; અને એવા જ શિક્ષકોનો અનુભવ અનુભવ કહી શકાય છે. બીજા શિક્ષકો તો સામાન્ય મનુષ્યો છે. તેઓ તો પ્રયાસથી શિક્ષકો થાય તો જ શિક્ષકો થઈ શકે. આજન્મ શિક્ષકોને માટે પણ શાસ્ત્રનું જ્ઞાન ઉપયોગી છે, એટલું જ નહિ પણ તે આવશ્યક છે; તો સમાન્ય મનુષ્યોની તો વાત જ શી કરવી ? અનુભવથી શિક્ષક થવાતું નથી, પણ ઉલટું અશિક્ષક થવાય છે.

આ વાત સહેલાઈથી સમજી શકાય તેવી છે. મને અમુક બાબતનો અનુભવ છે, તેનો અર્થ એટલો જ છે કે અમુક કામ હું ઘણી મુદતથી કરતો આવ્યો છું, અને તે પ્રમાણે એ કામ થતું આવ્યું છે. અનુભવના આ અર્થમાં મારું કામ સાચું હતું કે ખોટું હતું તે જોવાની કે જાણવાની કંઈ ઘટના નથી. જો કામ સાચું હોય તો સાચું કામ ઘણા વખતથી મારે હાથે થવાની મને સાચા કામનો અનુભવ છે, અને જો કામ ખોટું હોય તો ખોટું કામ ઘણાં વખતથી મારે હાથે થવાથી મને ખોટા કામનો અનુભવ છે, એમ કહેવાય.

શિક્ષકનું કામ કરનાર સામાન્ય રીતે પ્રકૃતિસિદ્ધ શિક્ષક હોતો નથી; અને પોતાની રીતે કામ કરનાર શિક્ષક મોટે ભાગે પોતાની ભૂલોને જ વારંવાર ફરીફરીને કર્યે જાય એ જ સંભવિત છે. આથી તેનો અનુભવ એટલે ભૂલોની પરંપરા દૃઢતા ! અનુભવને કારણે શિક્ષણશાસ્ત્રના જ્ઞાનની આવશ્યકતા નથી એમ કોઈ માને તો તેની સમજણમાં મોટો દોષ છે, એ હવે સ્પષ્ટતાથી સમજી શકાય તેવું છે. આવા જ કારણથી કોઈ પણ શિક્ષક શિક્ષણશાસ્ત્રનું જ્ઞાન લેવાની વિરુદ્ધ હોય તો તે શિક્ષક થવાને યોગ્ય છે કે કેમ, એ એક પ્રશ્ન છે.

મારું કહેવું એવું નથી કે શિક્ષણશાસ્ત્રના એકલા જ્ઞાનથી જ માણસ શિક્ષક થઈ શકે. ઊલટું જેમ એકલા ધારાશાસ્ત્રના જ્ઞાન વડે માણસ ધારાશાસ્ત્રી થઈ શકતો નથી, તેમ જ શિક્ષકનું પણ છે. તેનામાં બીજા ઘણા ગુણો હોવા જોઈએ. એ ગુણો વિના સામાન્ય માણસોએ એ ધંધા પર ભૂસકો મારી અથવા કેળવણીની સંસ્થાઓએ એવા માણસોને રાખી દેશનું અકલ્યાણ કરવાનું નથી.

(૨) બીજી મુશ્કેલી એ આપણા ભાઈઓનો મહેનત ઉઠાવવાનો અનાદર છે. આ કંઈ મુશ્કેલી નથી પણ દૂષણ છે. તે દૂર કરવું જ જોઈએ. દેશના હિત માટે સમજુ માણસોએ શ્રમ ઉઠાવવાની વૃત્તિ ન હોય તો, અથવા એવું કામ શરીરને પ્રતિકૂળ હોય તો, એવા માણસોએ જાણ્યેઅજાણ્યે શિક્ષકના ધંધામાં જરૂર ન પડવું જોઈએ. આમ થશે ત્યારે જ દેશના કલ્યાણની ચાવી રૂપ ધંધામા તેજ આવશે અને અંતે દેશનો ઉદ્ધાર થશે. સરકારે શિક્ષકોને તૈયાર કરવાની સંસ્થાઓ સ્થાપી છે, પરંતુ તેથી દેશને જેવા શિક્ષકોની જરૂર છે, તેવા શિક્ષકો કદી પણ મળ્યા નથી.

❖ ❖ ❖

# આપણી શાળામાં નહિ ચાલે

આપણી શાળામાં શિક્ષણશાસ્ત્રનાં પુસ્તકોનું મોટું પુસ્તકાલય નહિ હોય તો ચાલશે, પરંતુ માગી ભીખીને પણ જો શિક્ષણનાં પુસ્તકોમાંથી કંઈ ને કંઈ ન વાંચીએ તો એ નહિ ચાલે.

આપણી શાળાનું મકાન આલેશાન અને પથ્થરોથી ચણેલું ને લાદી જડેલું નહિ હોય તો ચાલશે, પરંતુ તેની જમીનમાં ખાડા પડયા હશે અગર ગારગોરમટી વિનાનું હશે તો તે નહિ ચાલે.

આપણી શાળાની દીવાલો રંગ છાંટેલી ને તેથી સુંદર નહિ હોય તો ચાલશે, પરંતુ તેના ઉપર એક પણ બાવું હશે કે કરોળિયાનાં જાળાં ને ધૂળ હશે તો તે નહિ જ ચાલે.

આપણી શાળામાં સારી શેતરંજીઓ ને ગાલીચા પાથર્યાં નહિ હોય તો ચાલશે, પરંતુ કયાંય પણ કચરો કે ધૂળ હશે ને તે પગે આવતાં હશે તો તે તો નહિ જ ચાલે.

આપણી શાળામાં થોકબંધ શિક્ષણનાં સાહિત્યો ભર્યાં નહિ હોય તો ચાલશે, પરંતુ શાળામાં જે થોડાં સાહિત્યો હશે તે ખરેખર ઉપયોગી નહિ હોય તો તે તો નહિ જ ચાલે.

આપણી શાળામાં મોટું એવું પુસ્તકાલય નહિ હોય તો ચાલશે, પરંતુ છેવટે હાથે લખેલી કે બાળકો હોંશે-હોંશે વાંચે એવી ચોપડીઓ નહિ હોય તો તે તો નહિ જ ચાલે.

આપણી શાળામાં બહુ મોટા ભણેલા પંડિત નહિ હોઈએ તો ચાલશે, પરંતુ બાળકો તરફ સન્માન રાખવાવાળા, તેમના

વિકાસનો અર્થ સમજી તેમને વાતાવરણ આપનાર નહિ હોઈએ તો નહિ જ ચાલે.

આપણી શાળામાં બાળકો બે ઘડી ભણશે ને બે ઘડી રમશે તે ચાલશે. પરંતુ બાળકો કારખાનાના મજૂરો જેમ દિવસ બધો કામ કર્યા જ કરે ને આપણે તે ઉપર કડક નજર રાખ્યા જ કરીએ, તે તો નહિ જ ચાલે.

આપણી શાળાનાં બાળકો આપણે ગળે વળગી નહિ પડતાં હોય ને દોસ્તો થઈને આગળ નહિ ચાલતાં હોય તો તે ચાલશે, પરંતુ તેઓ આપણાથી દૂર દૂર નાસતાં હશે ને આપણને દેખીને ડરતાં હશે તે તો નહિ જ ચાલે.

આપણી શાળામાં બાળકો ઓછું ભણતાં હશે તો ચાલશે. ધીમે ધીમે ભણણાં હશે તે ચાલશે, પરંતુ તેઓ તણાઈ-તણાઈને ભણતાં-ભણતાં કંટાળી જતાં હશે ને નિસ્તેજ થાતાં હશે તે તો નહિ જ ચાલે.

આપણી શાળાનાં બાળકો મરજી પડે તો બેસે, મરજી પડે તે વાંચે ને મરજી પડે તો ચીતરે તે ચાલશે, પણ કોઈક આવે ત્યારે તેને બતાવવા માટે જ લખશે કે ગાશે કે ચીતરશે તે તો નહિ જ ચાલે.

આપણી શાળાનાં બાળકો વખતે ન બની શકે તો કોઈ કામ કરવાની શાંતિથી આપણને ના પાડશે અગર ધીમેથી કરશે તે ચાલશે, પરંતુ રખેને મારીશું કે વઢીશું એટલા માટે દોડીને કામ કરી દેશે તો તે નહિ જ ચાલે.

❖ ❖ ❖

# બાલમંદિરના શિક્ષકોને

## શિક્ષણની ઉપાસના

એક વર્ષ જેટલી મુદત હું તમારી વચ્ચે રહ્યો. તમે મારા નિકટ સંબંધમાં આવ્યાં છો. મારી પાસે જે મામૂલી ધન હતું તે મેં આપવાનો બનતો પ્રયત્ન કર્યો, કામ કરી બતાવીને અને વ્યાખ્યાનો આપીને હું જે વસ્તુમાં માનું છું અને જે વસ્તુથી કેળવણીનો ઉદ્ધાર થશે એવી મારી શ્રદ્ધા છે, તે મેં તમારી પાસે મૂક્યું છે. તમે રાત-દહાડો મહેનત કરીને વિદ્યાર્થીને શોભે તેમ વિદ્યા લેવા પ્રયત્ન કર્યો છે એ હું જાણું છું. ઉરના ઉત્સાહથી તમે ભણવા આવ્યાં હતાં; શ્રદ્ધાથી તમે ભણ્યાં છો. આજ વર્ષ-દહાડાના અધ્યયન-અધ્યાપનના કામની પૂર્ણાહુતિ છે. મારે આજે શું કરવાનું હોય ? શું કહેવાનું હોય ? શું સમજાવવાનું હોય ? આજે તો જે શ્રદ્ધાથી તમે શિક્ષણ લીધું તે તમને સફળ થાઓ એવો આશિષોદ્ગાર કાઢવાનો રહે છે.

તમારી શક્તિ પ્રમાણે તમે સમજ્યાં હશો. તેની મને ચિંતા નથી. હું તમારી પાસે જે માગું છું તે શ્રદ્ધા માગું છું, શ્રમ માગું છું, એકનિષ્ઠા માગું છું. તમને જે વસ્તુ મેં શીખવી છે તેની તમે ઉપાસના કરજો. ઉપાસનામાં રહસ્યના ઊંડા અર્થનું જ્ઞાન, ક્રિયાની ઝીણવટ, ઉદ્દામ કલ્પના અને શ્રદ્ધાની આવશ્યકતા છે. આ વસ્તુ તમારામાં હશે તો પથ્થરમાંથી પણ દેવ પ્રગટશે એવો મારો વિશ્વાસ છે. એ

ઉપાસના તમારી પાસે વફાદારી માગશે, ઐહિક સુખભોગને ભૂલી જવાનું કહેશે, શરીર અને મનની કસોટીએ ચડાવશે. પણ જો તમે સ્થિર હશો, વિચારક હશો તો તમો વિજયી નીવડશો. દુનિયામાં કોઈ વસ્તુ પોતે મહાન છે કે અલ્પ છે એવું નથી; ઉપાસનાથી પ્રત્યેક વસ્તુએ મહત્તા મેળવી છે. ઉપાસનાની નિષ્ફળતાથી મહાન વસ્તુનો પણ પરાજય થયો છે, મહાન વસ્તુ પણ અલ્પ પ્રાણને પામી છે.

મૉન્ટેસોરી પદ્ધતિનું મૂળ બાલસન્માનમાં છે. મનુષ્ય-વિકાસની જેને ચિંતા થઈ, મનુષ્યઉદ્ધાર માટે જેનું હૃદય કકળી ઊઠ્યું, મનુષ્યજીવન જેવી મહામૂલ્ય વસ્તુને જેણે અનેક સ્વમતાગ્રહ, પરંપરા અને કેળવણીની બેડીથી જકડાયેલી જોતાં પદ્ધતિ સમગ્રની સામે એક જાતનું બંડ કર્યું, તેના હૃદયમાંથી એ જન્મી છે; એના અથાગ શ્રમમાંથી એનું શરીર ઘડાયું છે. અને મૉન્ટેસૉરી પદ્ધતિ એટલે શું ? સાધનો, પદ્ધતિદર્શક પાઠો, ઓરડાની લંબાઈ-પહોળાઈ, અને એવું-એવું તો સિદ્ધાંતમાંથી જ જન્મ્યું છે. સિદ્ધાંત વિના એ બધાનો કશો અર્થ નથી. માત્ર એ બધું કેળવણી આપનાર નથી. એનો જડ ઉપયોગ અત્યાર સુધીની કેળવણીની જડતાથી કોઈ પણ રીતે ઊતરતો નહિ થાય. જો તમે સિદ્ધાંતો સમજ્યાં હશો તો જ તમને સાધનો કામના છે; તો જ સાધનોને તમે સાધ્યને બદલે સાધન સમજશો. સિદ્ધાંતો સમજ્યાં હશો તો સાધનોમાં જે ચેતન રહેલું છે

તે તમે સમજશો; એ નવું રૂપ આપવાની નવીનતામાં જ એનું આખું કાર્ય એક નવું અને મૌલિક કાર્ય બને છે.

મોન્ટેસોરીની શોધ પાછળ એ તત્ત્વ રહેલું છે તે તત્ત્વ તમારે સમજવાનું છે. એ તત્ત્વ મોન્ટેસોરીનું નથી, ઈટલીનું નથી, યુરોપનું નથી, પણ દુનિયાનું છે. જેનો વિકાસ સાધવો હોય તેનું અવલોકન કરવું; અવલોકનમાંથી શોધી કાઢવું કે તેના વિકાસમાં રોધક-રોચક શું છે; અને તદનુસાર વિકાસપ્રેરક વાતાવરણ રચવું; વિકાસ ઇચ્છનાર દ્રષ્ટા છે, સહાયક છે. આ સત્ય વિજ્ઞાનનું છે, ને તેથી સાર્વત્રિક છે. આ સત્યને તમે સંકુચિત ન કરતાં, તમે એને ગમે તે નામે ઓળખજો; ઇચ્છો તો મોન્ટેસોરી પદ્ધતિ કહો. નામથી એને બાંધશો નહિ. એની વફાદારી એના યથાર્થ પાલનમાં છે. એ પાલન તમે નિર્મળ અને સ્વતંત્ર બુદ્ધિથી કરજો, દૃઢતાથી ને નિર્ભયપણે કરજો વેઠિયા ન થતા. ચાલો મોન્ટેસોરી શું કહે છે, અથવા ગિજુભાઈએ શું લખ્યુ છે, અથવા તારાબેનની શી નોંધ છે, એમ કહી તમે તમારી ગૂંચ ઉકેલવાની આશા ન રાખતાં. તમારી ગૂંચ તમારે જ ઉકેલવાની છે. મેં તમને માર્ગ માત્ર બતાવ્યો છે. હવે ઉકેલ તમારે કરવાનો છે. બાળકે બાળકે અવનવા અનુભવો કરીને તમારે જ તેના માનસની ખોજ કરી વિકાસનો માર્ગ ઉઘાડવાનો છે. તમે તમારા અનુભવને પૂરેપૂરું માન આપજો; એમાંથી જ સાચું શિક્ષણ જન્મ પામશે. જે પદ્ધતિના સિદ્ધાંતો મનુષ્ય જાતને ગુલામી માનસમાંથી મુક્ત કરવા ઇચ્છે છે, તે જ પદ્ધતિના

તમે કેવળ ગુલામ થઈ જશો તો ઉદ્દેશ નિરર્થક જશે. પદ્ધતિ સત્યશોધન માગે છે; સત્યશોધન યથાર્થ અનુભવમાં છે; યથાર્થ અનુભવ તેને થાય છે કે જે પોતાની જ આંખે જુએ છે, જે પોતાને જ કાને સાંભળે છે, જે પોતે જ વિચાર કરી શકે છે, જે વહેમો અને આચારથી તટસ્થ રહી શકે છે, સત્ય જણાતાં ભૂલને જે કબૂલ કરે છે, જે સત્ય સમક્ષ અસત્યને છોડવા તૈયાર છે ! પદ્ધતિ તમારી પાસે આ વસ્તુ માગે છે.

અહીંના આલેશાન મકાનમાં ચાલતી ખર્ચાળ મૉન્ટેસોરી પદ્ધતિને તમે જોઈ છે. એ ઉપરથી તમે એમ ન સમજતાં કે આ બધા વિના મૉન્ટેસોરી શાળા ન ચાલી શકે. મૉન્ટેસોરી શાળાનો જન્મ ઈટલીનાં ગરીબ લોકોનાં ઝૂંપડામાં જ થયો છે. આપણા ગરીબ લોકોને જ્યાં સુધી આપણે આ પદ્ધતિનો લાભ આપીશું નહિ ત્યાં સુધી આ પદ્ધતિની ખરી ફતેહ નથી. જ્યાં શરીરની ગંદકી છે, બુદ્ધિનું અંધારું છે, ત્યાં આ પદ્ધતિનો પ્રકાશ લઈ જવો પડશે. તમે ભંગીઓને કે દૂબળાઓને આ પદ્ધતિનો લાભ આપશો ત્યારે એનો ખર્ચ લેખે લાગશે. તમે શિક્ષક છો; તમારું કાર્ય શિક્ષણનું છે. પૈસા માટે શક્તિને વૈશ્ય વેચે. પૈસાનો મોહ છોડી દેશો તો જ તમે ગરીબની અને ગામડાંઓની સેવા કરી શકશો. જો તમને ખરેખર એમ જ લાગ્યું હોય કે આજે હિંદુસ્તાને નિર્મળ બુદ્ધિ-ખરી ક્રિયાશક્તિનું દેવાળું કાઢ્યું છે,

તો તો જ્યાં વધારે અંધકાર હોય, જેઓ વધારે અસહાય હોય, જેઓ સાધનરહિત હોય, તેમની પાસે જ જજો ને તેમને આગળ લાવવા મહેનત કરજો.

આપણે નાનાં માણસો છીએ. નાને મોઢે મેં ઘણી મોટી વાત કરી પણ હરકત નહિ. હૈયે હિંમત ધરીને ને ઈશ્વર ઉપર આસ્થા રાખીને આપણે ચાલીશું તો એ જ ઈશ્વર આપણને બધા કામ માટે યોગ્ય કરશે. તમારું ને મારું કામ પ્રયત્ન કરવાનું છે. મેં મારો પ્રયત્ન યથામતિ યથાશક્તિ કર્યો છે; હવે તમારું કર્તવ્ય ઊભું થાય છે. પ્રભુ તમને સહાય કરો.

❖ ❖ ❖

# કર્તવ્ય

## શુ કરીશું ?

આપ સર્વે ગમે તે જ્ઞાતિના હો, કે ગમે તે ધર્મના હો; પરંતુ એ બધી બાબત દૂર રાખી આપને શિક્ષક જ્ઞાતિના તરીકે સંબોધન કરું છું. હું ધંધાથી, વિચારથી, વર્તનથી અને કલ્પનાથી આપની જ્ઞાતિનો જ છું. એથી આપનો જ કોઈ માણસ આપને કહી રહ્યો હોય એમ સમજી મારું કહેવું સાંભળવા કૃપા કરશો.

તમે જુઓ છો કે ઘણા માણસો વેપારમાં કે રાજદ્વારી ક્ષેત્રમાં મચ્યા છે; નાટક-તમારામાં તો તેથીય વધારે માણસો એકઠા થાય છે. પરંતુ આપણે માટે સહુને અનભિરુચિ ને અનાદર હોવાથી આપણી સભામાં અતિ ઘણા થોડા જ માણસો ભેગા થાય છે.

આપણે જાણે કશા જ ખપનાં ન હોઈએ, એ રીતનું સમાજમાં આપણું સ્થાન છે. આપણે 'બિચારા પંતુજી !' લેખાઈએ છીએ. આપણી સભાઓ વખતે મોટરો, ગાડીઓ, ખુરશીઓ કે દમામદાર માણસો નથી હોતા, પરંતુ સાધારણ મહેતાજીઓ જ હોય છે. આનું કારણ એ જ છે કે આજે શિક્ષણમાં રસ નહિ હોવાથી એટલે કે જીવનમાં રસ નહિ હોવાથી-જીવનથી દૂર હોવાથી જનસમાજને આપણી દરકાર નથી.

જો કે મારાં કેટલાંક સ્વપ્નાં ગાંડા જેવાં લાગશે; પરંતુ મને ખાતરી છે કે હજાર વર્ષે પણ એક એવો દિવસ આવશે કે જ્યારે કેળવણીકારો બજારમાંથી નીકળતા હશે તે વખતે બધા લોકો તેમનો વિચાર કરશે, તેની સભામાં હાજરી આપશે ને તેમની યોગ્ય

કદર કરશે. પણ આવું કયારે બનશે ? લોકોમાં જીવન જાગશે ત્યારે, આપણે પોતે જીવનથી સળગી ઊઠીશું ત્યારે, અત્યારે તો આપણને આપણી સ્થિતિ મામૂલી લાગે છે; ફોજદારનો, મ્યુનિસિપાલિટીનો કે ટપાલનો પટાવાળો મોટો લાગે છે, ને આપણે તો 'બિચારા માસ્તરો !' છીએ એમ થાય છે. થોડા પૈસા મળે છે તે પણ ખુશામત અને તુમારીની માથાકુટ પછી ! ખરેખર આપણી આવી સ્થિતિ દયાજનક...ને શરમ ઉપજાવનારી તો છે જ. એમાં આપણો વાંક પણ હશે જ. દીવાન કે રાજા બનાવનારની આવી હાલત ન હોય. પણ આપણે હિંમત હારવાની નથી. બીજા ધંધાની આપણે સ્વપ્ને પણ ઇચ્છા કરવાની નથી.

મને લાગે છે કે દેશભરના બધા સારા, પ્રતિભાવાન, અક્કલવાળા, કમાતા અને મોટાં કામો કરનારાઓ જ્યાં સુધી આ ધંધામાં આવે નહિ ત્યાં સુધી આપણી નિશાળોની ઉન્નતિ નથી.

ડૉકટરો આપણા મનુષ્યજીવનની નિષ્ફળતા ઉપર જીવે છે; વકીલો પણ આપણા સમાજજીવનની નિષ્ફળતા ઉપર જીવે છે. માણસો આરોગ્યના નિયમો તોડી માંદા પડે, પરસ્પર લડે, કાવાદાવા કરે, ખોટા દસ્તાવેજો કરે : એવી જીવનની નિષ્ફળતા ઉપર એ ધંધાો ચાલે છે. પરંતુ આપણો ધંધો સર્વોત્તમ છે. આવા સર્વોત્તમ ધંધામાં નિષ્ફળ જવાનું એક જ કારણ છે, તે એ કે આપણે આપણા શિક્ષણધર્મ તરફ દુર્લક્ષ કરીએ છીએ જનસમાજનો દોષ કાઢવાથી આપણું કામ નહિ સરે; આપણે તો આપણા ધંધાનું ગૌરવ સમજી ઉન્નતિ માટે આપણો ફાળો આપવાનો જ છે. આ માટે હું પહેલાં તો એ ઠસાવવા માગું છું કે ભલે આપણે ગરીબ

સામાન્ય બુદ્ધિના ને નમીને ચાલનાર હોઈએ; આપણું સ્થાન ગમે ત્યાં હોય; તો પણ આપણે ખોટા અભિમાનથી નહિ પરંતુ નિર્માનીપણે સમજવું ઘટે છે કે આપણે ઇચ્છીશું તો આપણી શક્તિના બળે આપણે દુનિયાને જરૂર ઊંચે ચડાવીશું.

શા માટે આપણે નમીને ચાલવું જોઈએ ? પ્રાણીમાત્રને સાચું અભિમાન રાખવાનો હક્ક છે, તો પછી પોલિસના સિપાઈથી કેમ ડરવું ? ઉપરીની ખુશામત કરવાની શી જરૂર ? એવું સાત્ત્વિક અભિમાન તો હોવું જ ઘટે. આપણો યોગ્ય મરતબો આપણે રાખવો ને દાસત્વને દૂર કરવું, એમાં જ દુનિયાની સમૃદ્ધિ વસી રહી છે. આત્માના બળ આગળ દુનિયાનો પણ હિસાબ નથી. મહાત્માજી અત્યારે ત્યાગ અને આત્મબળે જ મહાપુરુષ બન્યા છે.

આપણા પગમાં ભલે જોડા ન હોય, માથે ભલે ફેંટો ન હોય, ને ભલે ખાવા પણ ન મળતું હોય; આમ છતાંયે આત્મા વડે ધંધાને માટે પ્રયત્ન કરીએ તો આપણાથી કોઈ નહિ ચડે.

આપણે કોઈને કોણી ન મારીએ કે કાંઈ અસભ્ય વર્તન ન ચલાવીએ; પરંતુ આપણાં તેજ ને સત્ત્વ બીજામાં ભરી દઈએ ત્યારે જ આપણે યોગ્ય શિક્ષક ગણાઈએ.

જેમ કે કોઈ દેખે કે ન દેખે પરંતુ આપણે આપણો ધર્મ પાળીએ છીએ, સૂરજ ચાંદો ન હોય તોયે પાપ નથી કરતા, એમ જ શિક્ષકધર્મ સમજી લઈએ. ને ભલે આપણી પાસે પૈસા ન હોય, આપણું માન હોય, અનુકૂળતા હોય કે ન હોય, તો પણ એ ધર્મ પાળીએ.

જેમ બ્રાહ્મણને કોઈ દેખતું હોય કે ન દેખતું હોય તો પણ નાહ્યા વિના કે જોડા પહેરીને તે નહિ જ ખાય, એ રીતે આપણે પણ એવું છેલ્લું લક્ષણ પાળવું ઘટે. જગત જુએ કે નહિ, લાભ થાય કે નહિ, પરંતુ બ્રાહ્મણ પેઠે આપણે આપણો ધર્મ આચરવો.

શું છોકરાંને મારીને ભણાવવું એ ધર્મ છે ? અત્યારે દેશમાં જે શિક્ષણપદ્ધતિ ચાલે છે તે જોતાં ખરેખર શરમ ઊપજે છે. આપણે પરિણામ લાવવાને બંધાયેલા છીએ; પેટ ખાતર એકલા ધર્મથી ટકી ન શકીએ. પરંતુ કેટલાય ધારે છે કે મારવાથી આવડે ને તેથી પરિણામ સારું આવે, પણ એ વાત બહુ ભૂલભરેલી છે. એથી કોઈ ફાયદો નથી થવાનો. દુષ્કૃત્ય કરવાથી શિક્ષણમાં જરાય ફાયદો નથી થવાનો. એમ કરવાથી બાળકોની બુદ્ધિ નથી વધવાની.

જો એમ કરવાથી બુદ્ધિ વધી શકતી હોય તો કોઈ બેવકૂફને મારી મારીને આપણે તેને અક્કલવાન બનાવી શકેએ ! અને આપણે પણ આપણી અત્યારની અક્કલ વધારવા માટે માર ખાવો જોઈએ ! પરંતુ એ સાવ ખોટી વાત છે. કોઈ દલીલ કરે છે કે શિક્ષા કરવાથી તોફાની છોકરાંઓને શાંત કરી શકાય છે; પરંતુ એ શાંતિ કેટલા વખત માટેની ? કોઈ બળવાન મનુષ્ય સામે બંદૂક ધરી રાખીએ તો ઘડીભર જ તે શાંત થાય. શિક્ષા કરીને આપણે બાળકોને ગુલામ બનાવીએ છીએ; એમાં સારું નથી કરતાં.

અત્યારે દેશ અંધારામાં ચાલે છે. પણ આપણે બાળકોને આવતી કાલની પ્રજા ગણવી જોઈએ. તેઓ અનંત ભવિષ્યનું ભાવિ

છે એમ સમજવું જોઈએ. એમ ન સમજતાં તેમના ઉપર દબાણ કરી લેખાં મોઢે કરાવી ગુલામી વૃત્તિ પેદા કરીએ એ સારું ગણાય ? માર મારવાથી તો માર મારનાર બાળકો જ પેદા કરીશું; તેઓ આપણી સમક્ષ નહિ બોલે પણ બીજાની નિર્બળતાનો લાભ લઈ તે જરૂર આપણાં જેવાં જ બનશે.

ઘણા શિક્ષકો હજુ શિક્ષા કરે છે એમ હું માનું છું. આપણામાં તાકાત હોય તો તે આપણા ઉપરી સામે રીતસરના બળવા-તોફાનમાં વાપરવી, નિર્બળને મદદ કરવામાં વાપરવી, પરંતુ નાના બાળકોને મારવામાં કદી ન વાપરવી. એમાં કાંઈ બહાદુરી નથી. શિક્ષણશાસ્ત્રીની દષ્ટિએ પણ એમાં નીતિ કે ડહાપણ નથી, પરંતુ નુકસાન છે.

આવી શિક્ષણની બદી ઘણા શિક્ષકો ચલાવે છે. સારા ભણેલા ગણેલા શિક્ષકો પણ એ નથી ભૂલ્યા. જો આપણે આગળ ચડવું હોય તો એને સાવ છોડવી જોઈએ. છોડશો તો જ એની મજા સમજાશે. અગાઉ હું પણ શિક્ષામાં માનતો હતો પરંતુ હવે એ સંબંધી પૂર્ણ વિચાર કર્યો છે, અને હવે મને શિક્ષા કરનારની દયા આવે છે.

આપ સર્વેમાંય જેઓ શિક્ષા છોડવા નારાજ હશે તેઓ કદાચ ગુસ્સે થશે; જેમને એનું નુકસાન સમજાયું હશે એ તો એને છોડશે જ.

આપણી નિશાળોમાં શિક્ષાની એક જ બદી નથી. એ ઉપરાંત ગોખાવવું, ખોટી રીણે ભણાવવું, ઈનામ કે લાલચ, એવી

એવી ખરાબીની તો સીમા નથી રહી ! આમ જ ચાલુ રહે તો શિક્ષણ ન સુધરે; એના ઉપર કાંઈ પ્રકાશ ન પડે.

હવે એક બે સૂચનાઓ કરવાની રજા લઉં. ઘણી વાર આપણે દિશા નક્કી કર્યા વિના રખડતાં હોઈએ છીએ; અંધારામાં પડી અનેક ભૂલો કરીએ છીએ, અને આપણા ધંધા-કામ સંબંધી પૂરતી માહિતીના અભાવે ઘણો ગોટાળો કરીએ છીએ.

હું આપ સૌને ભલામણ કરું છું કે આપે શિક્ષણનો સતત અભ્યાસ કરવો જોઈએ. ટૂંકો પગાર, બચ્ચાંકચ્ચાંનું ભરણપોષણ અને પરંપરાગતની ગરીબી તો આપણે નસીબે ચોંટી જ છે. પરંતુ દુઃખ પાછળ જ ખરું સુખ છુપાયેલું છે. એવી સ્થિતિનો લાભ લેવો જ જોઈએ. કંગાલિયતથી જરાય ન ડરવું, હું તો કહું છું કે પરમેશ્વરની મહેરબાની છે કે આપણે સામાન્ય સ્થિતિમાં છીએ સાધારણ લોકો જ ઊંચે જઈ શકે છે. સામાન્ય વર્ગ પ્રભુ પાસે જવા વહેલો તૈયાર થશે. આપણે તો આચાર, વિચાર, મન, વાણીને કર્મથી સમજણપૂર્વક સામાન્ય બનતા જઈએ છીએ.

ખભે કસબી ખેસ નાખી આપણે વરઘોડામાં જઈ ન શકીએ તેની ફિકર નહિ, એવા ખોટા મોહમાં ન પડતાં ચિત્ત સ્વસ્થ રાખી ધંધાને પૂજીએ, એની પાછળ ગાંડા થઈ જઈએ, તો પૈસા આપણા પગ તળે કચરાશે, રિદ્ધિસિદ્ધિ આપણે ત્યાં પાણી ભરશે. અને જે જોઈએ તે મળશે. એવો મારો દૃઢ વિશ્વાસ છે.

આપણે જાતને હલકી ન માનીએ; ધંધાની ઉપાસના કરીએ. શરીર અને મનની બધી શક્તિઓ રોકીને સારું કેમ કરીએ એ જ વિચારવું ઘટે છે.

ગરીબ પોતાના એક રોટલામાંથી અર્ધા રોટલાનું દાન કરે તો એની કિંમત કોઈ રાજાના અર્ધા રાજ્ય જેટલી ગણાય. આપણી આવી સાધારણ સ્થિતિમાંયે ખરી દાનતથી સેવા કરીશું તો એ અર્ધા રોટલાનું પુણ્ય એક મહા-યજ્ઞ જેટલું થશે. એમ થશે તો ધંધાની ઉન્નતિ થશે, અને મૃત્યુ પછી પણ આપણું કલ્યાણ થશે.

આ રીતે આપણે શિક્ષણમંદિર ચણવા અને સમગ્ર જીવન અજવાળવા માગીએ છીએ, તેનું પુણ્ય મળશે. તમે ભલે અત્યારની ગરીબીથી ટ્યૂશન રાખો, શાળાનાં બીજા કામ કરો, પરંતુ એ બધું તમારા ધંધાને સારો કરવા માટે જ કરો. તેનાથી કંટાળો ન લાવતા. "આમાં ક્યાં પડયા ?" એમ ધારીને ન કરતા. તમારા ધંધા ઉપર આફરીન રહો, મગરૂર રહો, તો એને કેમ સુધારવો એ આવડી જશે. પછી તો નિબંધ, વ્યાકરણ એ બધું આપોઆપ સમજાશે. પછી ભાષાની ખટપટ નહિ રહે.

હવે બીજી વાત.

આપણું શિક્ષણકાર્ય અને વિચારબળ સંઘબળથી ટકે અને સંઘબળથી જ વૃદ્ધિ પામે. એટલા માટે ધંધાની ઉન્નતિ માટે કામ કરનાર શિક્ષકોએ એક શિક્ષકસંઘ સ્થાપવો અને તેમાં ચર્ચાઓ ચલાવીને વિચારો કેળવવા; ત્યાં દરરોજ જવાની પ્રતિજ્ઞા કરવી, તથા શિક્ષણ વિષયક પુસ્તકો વાંચવાં અને સારા વિચારોની આપલે કરવી. આમ થાય તો પરિણામ સુંદર આવે જ.

સારું શું છે એ બધા સમજે છે, પણ તે પ્રમાણે ઘણા થોડા જ કરે છે. આપણે ખાતાની ખોટી બીક ન રાખવી. આપણે જ્યારે

કોઈક નવીનતા કરી બતાવીશું ત્યારે જ એની આંખ ઊઘડશે. સામાજિક દુ:ખો પેઠે ખાતાની કસોટીમાંથી પણ પસાર થવું. કેટલાક વિચારે છે કે ''હવે શું ? બહોત ગઈ ને થોડી રહી. હવે તો ચાલે છે એમ ચાલવા દેવું''. પરંતુ એ ધારણા બહુ જ ભૂલભરેલી છે. જ્યારથી સમજાય ત્યારથી જ સારા કામની શરૂઆત કરી દેવી જોઈએ. બાકીનાં વર્ષો સરસ રીતે ગાળી જીવન હાંસલ કરીએ એનો હિસાબ આપણને પુનર્જન્મમાં પણ જરૂર મળશે જ.

આમ ખરો ધર્મ સમજાશે ત્યારે રાજાનાં અને મોટા લોકોનાં છોકરાંને નિશાળે આવવાની ફરજ પડશે. આમ જ બધા કિલ્લા સર કરીશું, તો દુનિયા ક્યાં જશે ?

માણસાઈ આવશે તો બધું આવશે. મુખ્ય વાત ઉત્સાહ, ઉદ્યોગ, ત્યાગવૃત્તિ ને ધંધાનું ગૌરવ એ છે. કુંભારોનેય એના ધંધા માટે ભારે માન હોય છે એ જોઈ જ્યારે કોઈ ધંધાના અભિમાન વિનાનો શિક્ષક જોઉં છું ત્યારે મને તેની સામે ચીડ ચડે છે. યોગ્ય અભિમાને જાતને ઓળખીએ તો જ ધંધાને વધારી શકીએ.

આપણે પણ આપણા ધંધાને માટે માન રાખી આપણી જાતને ઓળખતા થઈ જઈએ, તો આપણો ધંધો જરૂર સુંદર બની રહે.

❖ ❖ ❖

# બાલમંદિરના શિક્ષકોને

## આધુનિક બાલશાળાઓનું ચિત્ર

આપણી બાલશાળાઓની અત્યારે કેવી દુર્બળ સ્થિતિ છે તે તમે જાણો છો. તેનાં મકાનો હવા અજવાળા વિનાનાં છે; તેના શિક્ષક ભાઈઓને માત્ર પેટપૂરતું જ મળે છે; તેમના વિષય, જ્ઞાન અને પદ્ધતિના ખ્યાલો ઘણા જ કંગાલ હોય છે; સમાજમાં તેમની સ્થિતિ ઘણી ઊતરતી હોય છે; બાલશાળાનાં બાળકો જુઓ તો તે દબાયેલાં, ગોંધાયેલાં, ડરી ગયેલાં, કચરાઈ ગયેલાં, ગંદાં, જીવ વિનાનાં, મનુષ્ય રૂપે ચેતન વિનાનાં પ્રાણીઓ છે ! બાલશાળા પાસેથી નીકળો તો જ્ઞાતિભોજન વખતે જે અસહ્ય ગડબડાટ થઈ રહે છે તેવો ગડબડાટ બાલશાળામાં એકસરખો જામેલો દેખાય છે. બાલશાળામાં જઈને જુઓ તો હૃદય વિનાના, પ્રેમ વિનાના, ચીંથરેહાલ, કંગાલ શિક્ષકો બાળકોના સ્વાભાવિક વલણને દાબી દેવાની ભારે જોખમી અને આકરી કેળવણી આપી રહેલા દેખાય છે. ચોમેર નજર ફેરવો તો સાહિત્યનું નામ ભાગ્યે જ હોય છે. એકાદ પાટિયું, એકાદ ચાકનો કટકો, સોટી અને ઘંટ એ શાળાનાં સર્વ શિક્ષણસાહિત્યો છે. બાળકોની હારની હાર બેઠી બેઠી કંઈને કંઈક ફરજિયાત વ્યાપાર કરી રહેલી દેખાય છે. આ સ્થિતિ આપણી બાલશાળાઓની છે.

આમાંથી આપણે તુરત જ મુક્ત થવું જોઈએ. બાલશિક્ષણના પાયા ઉપર આપણાં કુમારમંદિરો, વિનયમંદિરો અને મહાવિદ્યાલયોની ઇમારતો ચણાવાની છે. આ પાયાઓને ભારેમાં

ભારે મજબૂત કરવામાં જ આપણી ખરી કસોટી, કિંમત અને દક્ષતા છે.

## શિક્ષકો શું કરી શકે ?

આપણે એ કેવી રીતે કરીશું ? મારું કથન શિક્ષક ભાઈઓ પ્રત્યે જ છે. તેઓ પોતે શું કરી શકે છે તેનો વિચાર જ અહીં કરવામાં આવ્યો છે. આ વિચારો સઘળાં બાલમંદિરો, ધૂળી નિશાળો, કિન્ડરગાર્ડન શાળાઓ, મોન્ટેસોરી શાળાઓ અને સાત વર્ષની વયની અંદરના બાળકોને શીખવનારી શાળાઓ અને સાત વર્ષની વયની અંદરનાં બાળકોને શીખવનારી શાળાઓ તેમ જ અંકજ્ઞાન, અક્ષરજ્ઞાન, અને બાળપોથીનું જ્ઞાન કરાવી આપનાર સઘળી શાળાઓને સરખી જ રીતે લાગુ પડે છે.

શિક્ષક તરીકે આપણે બાલશાળાઓને કંઈક આવી રીતે સુધારી શકીએ, ઉન્નત કરી શકીએ.

## (૧) સ્વચ્છતા રાખો.

અત્યારની શાળાઓમાં સ્વચ્છતાનો ઊંચો આદર્શ આપણે રજૂ કરીએ, અને તેને અમલમાં મૂકીએ અને મુકાવીએ. જાતે જ સંપૂર્ણ સ્વચ્છ રહીને બાળકોને સ્વચ્છ રખાવવા પ્રયત્ન કરીએ. શાળામાં કચરો પડયો હોય કે બાંકડા, પાટિયું, પેટીઓ અને બીજી વસ્તુઓ ધૂળવાળાં પડયાં હોય, ઉપર બાવાં બાઝતાં હોય, ત્યાં સુધી આપણે અંકજ્ઞાન-અક્ષરજ્ઞાનનું શિક્ષણ આપીએ જ નહિ. બાળકો જાતે જ શાળાને હંમેશાં વાળીઝૂડીને સ્વચ્છ રાખે, અને શાળાનાં સાહિત્યો તેઓ જ લૂછી નાખે એવો રિવાજ પાડી દઈએ.

રિવાજ પાડવા અને ટકાવી રાખવા આપણે જાતે જ બાળકો સાથે જોડાવું જોઈએ. મેલાં કપડાં પહેરેલાં, ગંદા હાથપગવાળાં, વધી ગયેલા નખ તથા વાળવાળાં, નાકમાંથી લીટ ચાલી જતી હોય એવાં બાળકોને પ્રથમ આપણે સ્વચ્છ બનાવીએ; અને પછી જ ભણાવીએ.

માબાપોને ભલે એકલા અંકજ્ઞાન અને અક્ષરજ્ઞાન માટે ભારે મોહ હોય; તેઓ ભલે તેટલા માટે બાળકોને શાળામાં ધકેલતાં હોય; પણ આપણે તેને ન ગાંઠીએ. તેમને સંભળાવી દઈએ જ કે ગંદાં બાળકોને ભણાવી શકાય જ નહિ. તેમને તેમ ભણતાં આવડે જ નહિ, અને અમને ભણાવતાં પણ આવડે નહિ. માબાપને ઘેર જઈને આ બાબત ઉપર સમજાવીએ. તેમને વિનંતિ કરીએ. અને એ ઉપરાંત શાળામાં નાક, મ્હોં, અને હાથી ધોવાની સગવડ રાખાવીએ. એવું પણ છે કે ઘણી વાર માબાપોનું આવી અગત્યની વસ્તુઓ તરફ કોઈએ ધ્યાન ખેંચ્યું નથી હોતું. અથવા આવી બાબતોમાં શિક્ષકોએ માબાપોને જતાં કરીને પોતાની આળસની સાથે બીજાંઓમાં બેદરકારી અને અજ્ઞાનને પોષ્યાં હોયે છે. શાળામાં ભલે સારાં મિત્રો કે એવાં આકર્ષક સાહિત્યોનો જમાવ ઓછો રહે; પણ શાળાની સ્વચ્છતા તો અંદર પેસતાં જ છણ છણ છીંકો આવે તેવી જોઈએ.

આજે શાળાઓ સ્વચ્છ થશે તો કાલે એ શાળામાં ભણી નીકળેલાં બાળકો શહેરો અને સમાજને સ્વચ્છ કરી દેશે. આજે શાળાઓ રોગો ઉછેરવાનું સ્થળ મટી જશે તો કાલે સમાજ રોકમુક્ત થશે. હંમેશ ને હંમેશ બાળકોને સ્વચ્છ રાખવા માટે

માબાપને કાળજીપૂર્વક વિનંતી કર્યા કરવી; અને શાળામાં થોડાંએક માટીનાં કૂંડાં, પ્યાલાઓ અને લૂગડાના કટકા, સાવરણીઓ તથા સૂપડીઓ રાખવી. આટલું કરવાથી ઘણું સારું પરિણામ આવશે. આપણે અને બાળકોને મળીને જ સ્વચ્છતાનું કામ ઉપાડવાની જરૂરિયાત કબૂલ કરવી પડશે.

## (૨) અક્ષરજ્ઞાનનો મોહ તજો.

માબાપો બાળકોને ભલે ગમે તે કારણે શાળાઓમાં મોકલે; આપણે તેના સામું ન જોઈએ. તેઓ બાળકોને ઘરમાંથી ગડબડ ઉપાધિ કરતાં હોવાથી હાંકી કાઢવા માટે ભલે મોકલે. આપણે આપણું કર્તવ્ય વિચારવાનું છે. આપણે તેઓની ભૂલ ભાંગવાની છે. અત્યારે બાળકોને વહેલામાં વહેલી તકે અક્ષરજ્ઞાન અને અંકજ્ઞાન આપી દેવાનો મોહ વધ્યો છે; આપણે એ મોહ તોડવાનો છે. સૌ કોઈ શાળામાં અને શાળાની બહાર એક જ સવાલ પૂછે છે; ''આ શાળાનો અભ્યાસક્રમ શો છે ? આ શાળાનાં બાળકો શું ભણે છે ? કેટલું શીખ્યા છે ?'' કોઈ ઠેકાણે બાળકોનો વિકાસ કેટલો થયો તેની નોંધ માગવામાં આવતી નથી, તેમ જ પૂછપરછ થતી નથી.

બાળકોનું વલણ શું છે, કેટલી ઉંમરે તેઓ અક્ષરજ્ઞાન અને અંકજ્ઞાન લઈ શકે છે. તેનો વિચાર કરવાનો છે. બાળકના કુદરતી વલણને અને શક્તિને જાણીને જ અને તેને અનુકૂળ રહીને જ આપણે તેને જ્ઞાન આપી શકીએ. આથી જ 'અંકજ્ઞાન આપો; અક્ષરજ્ઞાન આપો.' એ બૂમને આપણે સાંભળીએ નહિ. તેની સામે

જ થઈ જઈએ અને કહી દઈએ કે અમારી શાળાઓ કેળવ અંકજ્ઞાન અને અક્ષરજ્ઞાન માટે નથી, પણ બાળકોના વિકાસ માટે છે. અમારી શાળામાં અંકજ્ઞાન અક્ષરજ્ઞાન મળશે ખરાં, પણ તે યથાકાળે મળશે. ભલે આપણે છ કલાક જેટલો લાંબો વખત બાળકોને શાળામાં રાખીએ. માબાપોને એ જ ગમે છે; તેઓને છોકરાંઓને ઘેર રાખવાં પાલવતાં નથી. પણ આપણે શા માટે માબાપ જેવી ભૂલ અને ક્રૂરતા કરીએ ? આપણે બાળકની વૃત્તિને જાણી લેવી જોઈએ. બાળક હજી તો કુદરતને ખોળે છે. મનુષ્ય કરતાં કુદરત સાથે તેનો સંબંધ હજી વધારે છે. હજી તેને કુદરતને ખોળે રમવાનું છે; સર્વ ઇંદ્રિયોને વિકસાવવી છે; અને સમાજનો સારો પરિચય કરી લેવાનો છે. આ બધાનું શિક્ષણ અક્ષરજ્ઞાન અને અંકજ્ઞાનના શિક્ષણમાં આવી જતું નથી. બાલશાળાઓનાં બાળકોનું ખરું શિક્ષણ શરીરના વિકાસમાં છે; સર્વ ઇંદ્રિયોના તીવ્ર વિકાસમાં છે. અનુભવ અને અવલોકન ઉપર દુનિયાનો પરિચય સધાય છે. આ માટે શાળાના સમયનો મોટો ભાગ બાળકોની રમતગમત માટે રાખવો જોઈએ.

કિન્ડરગાર્ટન શાળાઓમાં જેમ રમતો રમાડવામાં આવે છે, તેમ કેવળ રમત રમાડવામાં રમતોની સમાપ્તિ ન થવી જોઈએ. ભલે દેશી રમતોના જ્ઞાન અને આવડતને જીવનમાં સંપૂર્ણ સ્થાન છે; પરંતુ બાળકો પોતાની રમતો પોતે જ શોધી લે છે, એ આપણે જાણવું જોઈએ. ખરી રીતે બધી લોકરમતો બાળકોની છૂટી રમતોનાં પરિણામ રૂપે છે. બાળકોને અમુક મર્યાદાના ક્ષેત્રમાં છૂટા છોડી દેવાં જોઈએ. ભલે પછી તેઓ ગમે તે રમે. તેમનું શાંતિથી

ફરવું, કૂદવું, દોડવું, શોધવું કે વાતો કરવી એ બધીયે તેમની રમતો જ છે. એ બધું તેમના તે વખતના જીવનમાં જરૂરનું છે અને તેને માટે તેઓ હક્કદાર છે. આવી છૂટી રમતો દ્વારા તેઓ જે થોડા જ વખતમાં શોધી લેશે, તે શાળામાં પ્રયત્નપૂર્વક શીખવવામાં આવશે તેનાથી જરૂર વધારે થશે. બાળક પૃથ્વીના, જળના, આકાશના, સૂર્યના,પવનના, વૃક્ષના પરિચયમાં આવશે; તેમના જીવનમાં પોતાનું જીવન મેળવશે, અને તેમના હૃદયમાં ભૂગોળના, ભૂતકાળના, ભૂસ્તરના, ખગોળના, વિજ્ઞાનના અનેક નાના પાઠો ભરાઈ જશે. એ યાદ રાખવા માટે તેને ગોખવું નહિ પડે; તે કદી પણ ભૂલી નહિ જાય. શાળામાં તો માત્ર એટલું જ શીખવવું જોઈએ કે જે બહારથી શીખવવાની અગવડ પડે. 'એન ઘેન ડાહીનો ઘોડો' 'સંતાકલો દાવ' 'છોકરાં રે, હો રે' 'મીની ઠેકામણી' 'આંધળો પાટો' 'ઘોડી ઠેકામણી' 'હનુમાન કૂદકો' 'અંગદ કૂદકો' તથા 'ગણગણ બોશલો' અને એવી બીજી ઘણી રમતો બાળકોને રમાડી શકાય. એની એક જુદી જ યાદી કરી નાખવી ઘટે. ગામની જ નજીકની જગ્યાઓ-તળાવ, કૂવા, નદી, ટેકરા, દેવસ્થાનો, બાગ, શહેરનાં મોટાં મકાનો, સંગ્રહાલયો, પુસ્તકાલયો, બીજી શાળાઓ વગેરે જોવાનાં અને રમતગમતનાં સ્થળો થઈ પડે. આવી બાબતો ઉપર ગયેલો વખત કદી નકામો નથી જ જવાનો.

## (૩) શિક્ષા અને લાલચને દૂર કરો.

આપણે અત્યારે જોઈ રહ્યા છીએ કે આપણો દેશ નીડરતામાં અને લાલચરહિતતામાં પછાત છે. ભય કે લાલચ આપણને વશ કરી શકે છે. ભય અને લાલચ ઉપર હંમેશાં રાજસત્તા કે મનુષ્યસત્તા

ટકે છે, અને ગુલામીનો દોર મજબૂત રહે છે. ભય અને લાલચ-શિક્ષા અને ઈનામ ઉપર આપણી કેળવણીનું બંધારણ છે. ભય અને લાલચના પાઠો આપણને બચપણથી આપણી શાળાઓમાંથી મળે છે. ભય અને લાલચના વાતાવરણવાળી શાળાઓ આપણને ગુલામી માટે તૈયાર કરે છે. સ્વતંત્ર થવા અને રહેવા ઇચ્છતો દેશ આ પરિસ્થિતિ શાળામાં તો એક ક્ષણભર પણ સહન ન કરી શકે. અત્યારે શાળા અને શાળાનો શિક્ષક 'હાઉ' થઈ પડેલ છે; બાળકોને વધારેમાં વધારે બીક હોય તો તે શિક્ષકની ! સ્વપ્નમાં પણ બિહામણાં સ્વપ્નાં શિક્ષકનાં અને શાળાની સોટીનાં !

રસ્તામાં શિક્ષક દેખાય તો બાળક સંતાઈ જાય ! ઘરમાં બાળક તોફાન કરે તો 'માસ્તરને કહી દઈશ.' એ જ ધમકી ! શાળામાં જવાનું કહેતાં જ બાળકનું મ્હોં ઊતરી જાય છે, અને રજા છે એમ કહેતાં જ તેનામાં આનંદ દેખાય છે. આપણે આમાંથી મુક્ત થવું જોઈએ, અને બાળકોને એકદમ મુક્ત કરવાં જોઈએ. શિક્ષા વિના કે લાલચ વિના બાળક નિયમનમાં ન રહી શકે એ માન્યતાના જેવી એકેય ભૂલ નથી. શિક્ષાના ભયથી ત્યાં સુધી નિયમન રહે છે કે જ્યાં સુધી શિક્ષાનો ભય કાયમ રહે છે. શિક્ષાનો ભય જતાં જ નિયમન ઊંધું વળે છે. શિક્ષાનો ભય કાયમ રહી શકે જ નહિ, એટલે નિયમનની ગૂંચ કદી ઊકલે જ નહિ. ઊલટું બંધાણીને રોજ જેમ બંધાણ વધારે ત્યારે જ કેફ ચડે, તેમ શિક્ષા જેમજેમ વધતી જાય તેમ તેમ શિક્ષાની અસર થતી રહે. આખરે શિક્ષાનો ભય છેક ચાલ્યો જ જાય છે, અને શિક્ષા અસરકારક મટી જાય છે. આથી જ એક વાર જેલમાં જઈ આવેલાને મન

જેલ સહેલી થઈ જાય છે. આથી જ હવે જેલોને બદલે ગુન્હેગારો માટે ઉદ્યોગશાળાઓ કાઢી છે. અહિંસાનો સિદ્ધાંત સ્વીકારનારી આપણી શાળાઓ બાળકોને કદી શિક્ષા કરી શકે જ નહિ. શિક્ષા પાપ છે; એ એક નિર્બળતાનું જ પરિણામ છે. જેનામાં સામે થવાનું બળ નથી તેના ઉપર હાથ ઉપાડયા જેવી નામરદાઈ બીજી એકેય નથી. નામરદાઈના કૃત્યમાંથી કદી પણ લાભ થાય નહિ.

માનસશાસ્ત્રની દષ્ટિએ કે શરીરશાસ્ત્રની દષ્ટિએ શિક્ષાનો કાંઈ અર્થ નથી. શિક્ષાથી એકધ્યાન થાય નહિ કે બુદ્ધિ વધે નહિ, એવું માનસશાસ્ત્રીઓ કહે છે. ડૉકટરો કહે છે કે શિક્ષાને અને બુદ્ધિવિકાસને કે સ્મરણશક્તિને કે કેળવણીને કશો સંબંધ નથી. શિક્ષા સર્વથા ત્યાજ્ય છે, અને તેથી આપણી શાળાઓમાંથી તેનો બહિષ્કાર થવો જ જોઈએ. શિક્ષા કાઢી નાખીશું તો બાળકો નિયમનમાં કેમ રહેશે તેવો વિચાર કરનાર શિક્ષકને માટે બીજા ઘણા રસ્તાઓ છે. આપણે શિક્ષાના પાપમાંથી બચવું હોય તો, અને ભાવિ પ્રજાને પાપમાંથી બચાવી નીડર બનાવવી હોય તો, આપણે બાળકને કદી પણ શિક્ષા ન કરીએ. આ સ્થળે શિક્ષા એટલે શારીરિક શિક્ષા એટલો જ અર્થ રાખ્યો છે. એકલી શારીરિક શિક્ષામાંથી આજે આપણે નીકળી જઈએ તો પણ ઘણું કર્યું કહેવાય.

લાલચ શિક્ષા જેટલી જ ખરાબ વસ્તુ છે. એ આપણને પાડનાર વસ્તુ છે. લાલચથી જ કામ કરવાની નાનપણથી ટેવ પડવાથી લાલચના કારણ વિના આપણે કામ કરી શકતા નથી, એટલે કે કર્તવ્યપરાયણતા આપણે સમજી શકતા નથી; અને કદાચ

સમજીએ છીએ તો અમલમાં મૂકવાનું બળ મેળવી શકતા નથી. આજે આપણે કહીએ છીએ કે "પૈસા મળે તો પૂરું કામ કરીએ ના ગોળ નાખીએ તેટલું ગળ્યું થાય ના ?" તેનું કારણ આપણી શાળાઓની ઇનામ-પદ્ધતિ, દોકડા આપવાની પદ્ધતિ, પરીક્ષા-પદ્ધતિ છે.

બદલો મળ્યા વિના આપણે કામ જ ન આપીએ એવી જે અત્યારની વૃત્તિ છે, તે આપણી લાલચ પર રચાયેલી શિક્ષણ પદ્ધતિને જ આભારી છે. અત્યારે દુનિયામાં વૈશ્યવૃત્તિ વધી ગઈ છે, અત્યંત સ્પર્ધાવાળું જીવન થઈ ગયું છે અને જીવનકલહ જામી ગયો છે, તેનું ખરું કારણ આપણી શાળાઓ છે. તેથી જ આપણને એ રસ્તે દોર્યા છે. સત્યને ખાતર સત્ય, કે પ્રેમને ખાતર પ્રેમ આપણામાં નથી, તેનું કારણ અભ્યાસને ખાતર આપણે અભ્યાસ કર્યો નથી પણ પરીક્ષા ખાતર, ઇનામ ખાતર, દોકડા ખાતર, વાહવાહ ખાતર કર્યો છે, તે છે.

## (૫) પોતાના ધંધાનું પાકું જ્ઞાન રાખો.

શાળામાંથી દોકડા આપવાનો, ચડાઉતરી કરવાનો, નંબર કરવાનો, પરીક્ષાનાં પરિણામોનો રિવાજ દૂર કરીએ, અને તેને બદલે અભ્યાસમાં ઉત્સાહ આપે તેવી રીતિઓ દાખલ કરીએ તો આપણે લાલચના પાપમાંથી જરૂર બચી જઈએ. શિક્ષા વિના અને લાલચ વિના શિક્ષક પોતાના વર્ગમાં નિયમન કેવી રીતે રાખી શકે, અને વિષયજ્ઞાન કેમ આપી શકે, એ પ્રશ્ન

સ્વાભાવિક છે. શિક્ષકો જો પોતાના ધંધામાં જરૂરી એવા થોડાએક ગુણો પ્રયત્નપૂર્વક ધારણ કરી લે તો ઉક્ત પ્રશ્ન ઊભો થાય જ નહિ. ખાસ ગુણો તે વિષયશિક્ષણનું જ્ઞાન, બાળક પ્રત્યે પ્રેમ તથા સહાનુભૂતિ અને પોતાના ધંધાના ગૌરવની સમજણ સાથે પોતાનું કર્તવ્ય શું છે તેની જાણ. ભલે આપણને પૂરા પૈસા મળે કે ન મળે, ભલે લોકમત વિરૂદ્ધ હોય કે પક્ષમાં, ભલે આપણી કદર થતી હોય કે ન થતી હોય, પરંતુ આપણે તો આપણા ધંધામાં કુશળ થવું જ જોઈએ.

આપણો પણ એક ધંધો છે. આજે આપણી આળસ અને અણસમજણને લઈને લોકોમાં એ ધંધાને યોગ્ય સ્થાન નથી મળ્યું. પરંતુ આપણો ધંધો બીજા બધાય ધંધાઓ કરતાં ઊંચું સ્થાન ભોગવે છે અને તે ઉચ્ચ સ્થાન લેશે, એમાં કોઈ પણ જાતનો શક નથી. માટે આપણે જ તે માટે યોગ્ય થવાની જરૂર છે. બાળવર્ગ એટલે તો કંઈ જ નહિ, એ વિચાર કાઢી નાખવા જેવો છે. શિક્ષણના કામમાં વધારેમાં વધારે જવાબદારી બાળવર્ગના શિક્ષકની છે. વધારેમાં વધારે મુશ્કેલ કામ નાનાં બાળકોને કેળવવાનું છે. પણ જે બાળકોને જે શીખવવાનું છે તેનું-તે વિષયોનું આપણને બરાબર જ્ઞાન હોય, તે વિષયને શીખવવાની પદ્ધતિથી આપણે વાકેફ હોઈએ, તો તે કામ એકદમ સહેલું થઈ જાય છે. પોતાના કામને માટે વધારેમાં વધારે તૈયારી બાલશિક્ષકે કરવાની છે. અક્ષરજ્ઞાનનું કે અંકજ્ઞાનનું શિક્ષણ આપવા માટે તો તે વિષય

પર લખાયેલાં તમામ પુસ્તકો વાંચી જવાં જોઈએ; પરિણામો નોંધવા જોઈએ, અને નવીન માર્ગ કાઢવો જોઈએ. પાટી ઉપર ક ઘૂંટાવ્યો અને મોંપાટ બોલાવી એટલે છ બાર મહિને બાળકને અક્ષરજ્ઞાન અને અંકજ્ઞાન થઈ જશે જ, આવી માન્યતા નુકસાનકારક છે.

બાળકો તો ગમે તે શીખે, પણ આપણે કઈ પદ્ધતિથી શીખવીએ તો બાળકોને કંઈ પણ નુકસાન ન થાય અને બાળક સ્વાભાવિકપણે શીખે, તે જાણવા માટે આપણે અભ્યાસ અને અનુભવની જરૂર છે. શિક્ષક હંમેશનો વિદ્યાર્થી હોય તો જ તે સારો શિક્ષક થઈ શકે છે. વિષયજ્ઞાન સાથે જ પદ્ધતિનું જ્ઞાન પણ જોઈએ જ. ઉપર કહ્યું તેમ ગમે તે સાચી ખોટી પદ્ધતિથી બાળક શીખવાનું જ; પણ તેમાં તેની શક્તિનો કેટલો હ્રાસ થાય તેનો જ વિચાર કરવો ઘટે છે. આજે અક્ષરજ્ઞાન આપવાની પદ્ધતિ કેટલી બધી ખરાબ છે તે આપણે જોઈએ. બાળકને અક્ષર ઘૂંટાવીને કે અક્ષરનું પતાકડું બતાવીને કે અક્ષર સાથે ચિત્ર બતાવીને કે અક્ષરના ભાગો એકઠા કરીને એટલે કે ખંડપદ્ધતિએ અક્ષર આપવાની રીત ચાલે છે. હાથના સ્નાયુઓ કલમ થોભવા માટે તૈયાર થાય તે પહેલાં તેની પાસે અક્ષર ઘૂંટવાની ક્રિયા કરાવાય છે. જેમ જનાવર મોટું થાય તે પહેલાં તેની પાસે ભાર ઉપડાવે તો તે જનાવર ગળી જાય છે, શોષાઈ જાય છે, તેમ જ અકાળે એટલે સ્નાયુઓનો વિકાસ થયા પહેલાં અક્ષર ઘૂંટવાની ક્રિયા કરાવવાથી બાળકની શક્તિ શોષાઈ જાય છે, મરડાઈ જાય

છે; અને તેથી ભલે બાળકને અક્ષર આવડે પણ તેની બીજી અનેક શક્તિઓનો નાશ થાય છે.

અક્ષર લખવામાં બે જાતની ક્રિયાઓ રહેલી છે. એક અક્ષરને ઓળખી મગજમાં લઈ જઈ તેને ફરી બહાર પાડવાની; અને બીજી અક્ષરને કલમ વડે પાટી કે કાગળ ઉપર પાડવાની. આ બે ક્રિયાઓ જુદી જુદી રીતે સાધી શકાય. બન્ને ક્રિયાઓ યથાર્થ રીતે સાધી શકાય. તો જ અક્ષરજ્ઞાન યોગ્ય રીતે-શાસ્ત્રીય રીતે થયું કહેવાય, નહિતર નુકસાન સંભવે. ઘૂંટાવવામાં તો બન્ને ક્રિયાને એક સાથે ગૂંથી દેવામાં આવે છે, અને તેથી શક્તિનો વિકાસ થવાને બદલે તે ગૂંગળાઈ જાય છે. અક્ષરનું પતાકડું બતાવીને અક્ષર શીખવવામાં આખો બોજો આંખ ઉપર જ આવી જાય છે. ડૉક્ટરી અભિપ્રાય એવો છે કે બાલ્યાવસ્થામાં બાળકની આંખો કાચી હોય છે, તેથી એકલી આંખો દ્વારા જ્ઞાન લેવાની પદ્ધતિ હાનિકારક છે. આ સાથે જ પતાકડાનું નાનું સરખું કદ, અક્ષરનો ભૂંડોભૂખ જેવો કઘાટો મરોડ વગેરે તો નુકસાન કરવાનાં જ. ચિત્ર સાથે અક્ષર શીખવાથી અક્ષર સહેલાઈથી યાદ રહે છે, પણ તેમાં નાની વયે આંખને વધારે ઘસારો લાગે છે, અને આગળ જતાં વાચનમાં એક જાતનો ગોટાળો ઉત્પન્ન કરે છે; અને તેને લીધે થોડો વખત સમજણપૂર્વકનું વાચન અટકે છે. આ રીતે શીખનાર બાળકો 'ન, ન, નગારું' એમ વાંચે છે એ તો શિક્ષક ભાઈઓ જાણતા જ હશે. ખંડપદ્ધતિ તો એકદમ નકામી છે. બાળક સંયોગીકરણ પદ્ધતિથી શીખી શકે છે, મોટાંઓને પૃથ્થકરણ પદ્ધતિ અનુકૂળ

છે. અક્ષરના કટકા બનાવી કટકામાંથી અક્ષર બનાવતાં શીખવવું એ બાલસ્વભાવને અનુકૂળ શીખવવાની રીતિથી વિરુદ્ધ છે. માનસશાસ્ત્રના કહેવા પ્રમાણે બાળક આખી વસ્તુને એકી સાથે પોતાની આંખમાં ભરી દે છે અને શીખવા પ્રયત્ન કરે છે; વસ્તુના કટકા નિહાળી નિહાળીને નહિ જ. આથી બાળકને સરળતા થવાને બદલે શ્રમ પડે છે. આ પદ્ધતિની બીજી ઘણી ખામીઓ છે પણ તેનો વિસ્તાર અહીં થઈ શકે નહિ. બાળકને અક્ષરજ્ઞાન આપતી વખતે આંખ અને સ્પર્શનો એકી સાથે ઉપયોગ થવો જોઈએ. રસ ઉત્પન્ન કરવાને માટે ચિત્રો વગેરેનો ભભકો કરવાને બદલે નકામું બીજે ધ્યાન ન જાય માટે તમામ ભભકાનો અભાવ હોય તેવા અક્ષરો બતાવવા જોઈએ. મૉન્ટેસૉરીએ શાસ્ત્રીય નિયમોને અનુસરીને અક્ષરો અને તેને શીખવવાની યોજના ઘડી કાઢી છે. તેનો ઉપયોગ આપણે કરીએ તો ઘણો જ લાભ થાય, અને બાળકને કશી હાનિ થાય નહિ. અક્ષર આપવાની પદ્ધતિમાં જેમ ગોટાળો અને અશાસ્ત્રીયતા છે, તેમ જ વાચનની બાબતમાં છે. અત્યારનું વાચન સમજણપૂર્વકનું નથી. વાચનશિક્ષણ પદ્ધતિનો બીજા બધા દોષો કરતાં એ મોટામાં મોટો દોષ છે. ઘણે ખરે ભાગે તો એ દોષ અક્ષરજ્ઞાન શીખવવાની પદ્ધતિમાંથી જ જન્મે છે. એ દોષ સહેલાઈથી દૂર કરી શકાય છે. કહેવાનો સાર એટલો જ છે કે આપણે વિષયથી વાકેફ રહેવું જોઈએ, અને અદ્યતન તથા શાસ્ત્રીય પદ્ધતિનો જ શિક્ષણના કાર્યમાં આપણે ઉપયોગ

કરવો જોઈએ. આના જ ઉપર શિક્ષકના ધંધાની આબરૂ અને મોટાઈ છે.

## (૬) બાળકો પ્રત્યે પ્રેમ રાખો.

બીજા ગુણોમાં બાળકો પ્રત્યે પ્રેમ, તેમના તરફ સહાનુભૂતિ, બાળકોનાં માતાપિતાઓ સાથેનો સંબંધ અને બાળકોના હિત માટે સહકાર આપવાની આવડત અને ઇચ્છા, આપણા ધર્મ અને કર્તવ્યનો જ્વલંત ખ્યાલ, વગેરે છે. જે શિક્ષકમાં બાળકો પ્રત્યે પ્રેમ નથી, સહાનુભૂતિ નથી, તે શિક્ષક જ નથી. તે માણસ કદી પોતાના કાર્યમાં સફળતા મેળવી શકતો જ નથી. બાળક પ્રત્યે પ્રેમ અને તેના તરફ સહાનુભૂીત એ એક એવી અદ્ભુત ચાવી છે કે જેનાથી બાલહૃદયનાં દ્વારો ઊઘડી જાય છે, અને શિક્ષક તેમાં પોતાની આગળ અચળ બેઠક ગોઠવી લે છે. પ્રેમને વશ આખી દુનિયા છે; બાળક તો પ્રેમને વશ ખાસ કરીને છે. પ્રેમી શિક્ષક બાળકને શું નથી આપી શકતો ? પણ પ્રેમ એટલે વેવલાપણું નહિ; પ્રેમ એટલે બાળકની ખુશામત કે ભા-બાપાપણું નહિ. પ્રેમ એટલે બાલજીવનમાં રસ, બાલવિકાસ માટે ચિંતા, બાલજીવનના વિકાસમાં શ્રદ્ધા અને વિશ્વાસ. પ્રેમ એટલે બાલવિકાસમાં આનંદ અને કૃતકૃત્યતા.

## (૭) માબાપોની મદદ મેળવો.

જ્યાં સુધી બાળકોનાં માતાપિતાઓ આપણને

કેળવણીના કાર્યમાં મદદ કરે નહિ ત્યાં સુધી આપણી મહેનતનાં અધૂરાં ફળો આવવાનાં. બાળકોનાં માત-પિતાઓને મળવું, તેમને બાળકો સંબંધે કહેવું સાંભળવું, તેમને તેમના ભલા માટે વ્યાખ્યાનો આપવાં, પત્રિકાઓ લખવી વગેરે વગેરે કરવું જોઈએ.

## (૮) નિષ્ઠા અને શ્રદ્ધા રાખો.

છેવટે આપણો ધર્મ શો છે તે જાણવું જોઈએ. આપણું કર્તવ્ય શું છે તેની આપણને ખબર હોવી જોઈએ. ભાવિ પ્રજાને ઘડનાર આપણે છીએ એ વાત આપણા સ્મરણમાં નિત્ય હોવી જોઈએ. આપણો જ ધંધો જગતના ઉદ્ધાર માટે છે એવું આપણું દઢ મંતવ્ય હોવું જોઈએ. આપણા ઉપર જ દેશની ભાવિ આશા અને ઉદય લટકે છે તે આપણે વિચારવું જોઈએ. આજે આપણે આપણું કર્તવ્ય કરવામાં ભૂલ કરીશું, આળસ રાખીશું, તો આપણી-આપણા દેશની ગણતરી દુનિયામાં કયાંયે નથી રહેવાની તે વિચાર જ આપણા મગજમાં ચોવેશે કલાક ઘૂમવો જોઈએ. આપણે બધું કામ કરી શકીશું એવો આપણો દઢ વિશ્વાસ અને પ્રભુ આપણને મદદ કરશે એવા શ્રદ્ધાથી આપણે આપણું કામ જોશથી કરીએ.

❖ ❖ ❖

## શિક્ષકોએ ક્યારે શાળા છોડવી ?

શિક્ષકે રોજ વિચાર કરવો કે મારે કયારે શાળા છોડી દેવી અને બીજો ધંધો લેવો ? આમ રોજ વિચાર કરનાર શિક્ષક કાં તો તે કાયમનો શિક્ષક બને છે, અગર તો તે શિક્ષક મટી સારો વેપારી, નોકર વગેરે કંઈ ને કંઈ બને છે. શિક્ષકના ધંધામાં પડેલા ઘણીવાર ભૂલથી તેમાં ભરાઈ જ પડેલા હોય છે.

શિક્ષક રોજ પોતોને પૂછે : “મને ભણાવતાં આવડે છે ? મને જે ભણાવવાનું છે તેનું જ્ઞાન છે ? મારું ભણાવવું રસિક અને સફળ થાય છે ? મારે ભણાવવા માટે મારવું પડે છે ? ભય કે ખોટી લાલચ આપીને છોકરાંને વશ રાખવા પડે છે ? મારે એક તરફથી માબાપની અને બીજી તરફથી ઉપરીની ખુશામત કરવી પડે છે ? મારા પોતાના ઉદારમાં ઉદાર વિચાર પ્રમાણે હું શિક્ષણ આપી શકવા સમર્થ છું ? મારું ખાતું મને સારી રીતે શિક્ષણ આપવાની છૂટ અને અનુકૂળતા આપે છે ? મારા વિદ્યાર્થીઓને સાચા મનુષ્યો બનાવવાનું હું શિક્ષણ આપું છું કે નાતાકાત નામર્દો બનવાનું શિક્ષણ આપું છું ? મારું પૂરું પોષણ થતું નથી છતાં હું આળસુ હોવાથી બીજો ધંધો નથી શોધતો એમ તો નથી ? હું શિક્ષકના જીવનને જીવું છું કે તેથી ઊલટું ? હું કામચલાઉ રસ્તે ચાલતો શિક્ષક છું કે હું સાચે જ શિક્ષક થવા ઉમેદ રાખું છું ?”

આવા સવાલોના જવાબ પોતે જ શોધવા; અને ઉત્તર રૂપે એમ આવે કે આ ધંધામાં રહેવાને આપણે લાયક નથી, તો આપણે ચાલતા થવું જોઈએ. એમ નહિ કરીએ તો આપણને રજા આપનારા મળી રહેશે જ.

## કોની સામે લડવું ?

હું જ્યારે જ્યારે આપણી પ્રાથમિક શાળાઓ જોઉં છું ત્યારે ત્યારે મને અત્યંત દુ:ખ થાય છે. તેથી હું કેટલાય દિવસ સુધી ગમગીન રહું છું.

થોડા વખત પહેલાં મેં એક પ્રાથમિક શાળા જોઈ. મારી કલ્પનામાં નહોતું કે આવી ભયંકર ગંદી પ્રાથમિક શાળા કદી હોઈ શકે. આખું ભોંયતળિયું કબૂતરની ચરકથી ગાર થયેલું હતું. એ કબૂતરની ચરક ઉપર જ બાળકો ફરતાં હતાં અને બેઠેલાં હતાં. એ કબૂતરની ચરકની ગંધનો શિક્ષકો અને વિદ્યાર્થીઓ શ્વાસોચ્છ્વાસ લેતા હતા.

કંમ્પાઉન્ડમાં અને શાળામાં કાગળના ડૂચાઓ અને કબૂતરના માળાઓના કચરા જ્યાં ત્યાં ઊડતા હતા. કમભાગ્યે એક બકરીનું બચ્ચું વર્ગોમાં ફરતું હતું; કંપાઉન્ડમાં એક ગધેડું ઊભું હતું.

શાળાની દીવાલો પડું પડું થઈ રહી હતી, અને તેમાં કરોળિયાનાં પડો અને બાવાંઓનો પાર નહોતો. ઉપરથી જૂના કાટવળામાંથી કચરો ખર-ખર ખરતો હતો. અને બીજી શાળા જોયાનું પણ યાદ આવે છે. તે એક અંધારી ઓરડી હતી.

ભોંયતળિયું ભેજથી ભીનું અને ગંધાતું હતું; પ્રકાશ અને હવાનો અભાવ હતો. ગાડીમાં પુરાયેલાં કૂતરાંની જેમ બાળકો ખડકયાં હતાં; તેમનાં લૂગડાં સ્વચ્છ રહી શકે તે અશક્ય જ હતું. અને ગમે તેવી સુંદર તંદુરસ્તીને બગાડી નાખે તેવું વાતાવરણ હતું.

એક બીજી શાળા જોયાનું પણ યાદ આવે છે. આજુબાજુ અઢીંગ ગંધાતું હતું; બીજી જગ્યાએ આવે પેશાબની ત્યાં નદી વહેતી હતી; બાજુમાં જ એક ઉકરડો હતો, તેમાંથી માથું ફાડી નાખે તેવી દુર્ગંધ આવતી હતી.

આવી ગંદી હવા અને અજવાળા વિનાની શાળાઓ બાળકોનું જીવતું નર્ક છે, તેમને વહેલામાં વહેલી તકે રોગના ભોગ બનાવનારી ભયંકર રોગશાળાઓ છે.

આ બાબતમાં હું તમને શિક્ષકોને પણ જવાબદાર ગણું છું. ખાતાંઓ કન્ટીજન્ટ નથી આપતાં એ તમારી દલીલ છે. હું એમ કહું છું કે આપણે ખાતાંઓ સાથે લડીને પણ શાળાની સ્વચ્છતા માટે ખર્ચ મેળવવો જોઈએ. આપણે આપણા પગારના વધારા માટે લડીએ તે કદાચને આજે ઠીક ન લાગે, અગર તેમાં આપણો નર્યો સ્વાર્થ દેખાય; પણ સ્વચ્છતા માટે લડવું એ આપણો કેળવ ધર્મ છે; અને એ ધર્મ આપણે ન બજાવીએ તો આપણે ભયંકર પાપ કરીએ છીએ. આપણી જ આંખ તળે આપણે આપણી પ્રજાને-બાળકોને ગંદકીમાં કેમ રાખીએ ? ક્ષયના જંતુઓના ભોગ થઈ પડે તેવી

સ્થિતિમાં કેમ જ ભણાવીએ ? આપણે ખાતાંઓને સાફ-સાફ કહી શકીએ કે આ પાપમાં અમારે નથી પડવું, જરૂર પડે તો આપણે આવી શાળાઓમાં ભણાવવાનું કામ મોકૂફ રાખી નિકાલ માગીએ. આવા કામમાં આપણે માબાપોનો સાથ મળશે; બાળકો પ્રત્યેની લોકદયા આપણી બાજુમાં રહેશે. આપણે અવશ્ય આ બદી સામે લડવું જોઈએ. શિક્ષકો પોતાના વિદ્યાર્થીઓ માટે ખાતાંઓ સામે લડે છે એ જાણી ખાતાંઓ ક્રોધ કરવાને બદલે તેમની કિંમત સમજશે અને સમાજ શિક્ષકોની આવી નિઃસ્વાર્થતા માટે તેમને અભિનંદશે.

જેમ આપણે બાળકોને માટે ખાતાંઓ સામે લડવાનું છે તેમ જ આપણે બાળકોનાં માબાપો સાથે પણ લડવાનું છે. લડવાનો અર્થ મારામારી કરવાનો નથી, પણ પ્રથમ આપણે બીજાને સમજાવવાનો છે, અને ત્યાર પછી આપણે તેમનો સહકાર છોડવાનો છે. માબાપો પોતાનાં બાળકોને બાલ્યાવસ્થામાં તુચ્છ ગણી તેમને શાળામાં ગંદા, અસ્વચ્છ, જંટિયા વાળવાળાં, સડેલ ટોપી સાથે નખ વધેલાં, શેડા ભરેલાં, મેલાં અને ઘેલાં, મોકલે છે; આપણે તે સહન ન કરીએ. આપણે તેવાં બાળકોને માબાપોને ત્યાં પછાં મોકલીએ, અને માબાપોની સામે લડત આદરીએ. આ લડત આપણા સ્વાર્થની નથી; કેવળ માબાપોના ભલાની છે. માબાપોને સમજવું જ પડશે અને તેઓની બેદરકારીમાં અવશ્ય ઘટાડો થશે. બાળકો પ્રત્યે માબાપનું લક્ષ આપણે જ ખેંચવું જોઈએ, અને બાળકોના વડીલ તરીકે આપણે માબાપો સામે ઝૂઝવું

જોઈએ. આપણે ત્યારે જ બાળકોને ભણાવીએ કે જ્યારે તેઓ સ્વચ્છ હોય - જ્યારે માબાપોએ તેમની સ્વચ્છતા માટે સંપૂર્ણ કાળજી લીધી હોય.

આપણી લડતનું ત્રીજું અંગ ખુદ માબાપોને સમજાવવાનું છે. માબાપો બાળકોને મારે છે અને લાલચથી વશ કરે છે. તેમને આપણે પગે ચાલી, પગે લાગી તેમ ન કરવા આજીજી કરવી; અને તેમ છતાં ન માને તો તેમની સામે સામાજિક બહિષ્કારનો ઝંડો ઉપાડવો જોઈએ. યાદ રાખજો કે આમા આપણો સ્વાર્થ નથી અને તેથી જ આપણો તેમાં વિજય થશે. આપણે આપણી ચડતી માગીએ છીએ તો કંઈ નહિ તો એટલા માટે પણ આપણે બાળકોને તમામ તાપમાંથી ઉગારવાનો મહા પ્રયત્ન આદરીએ, આપણી પ્રતિજ્ઞા હોવી જોઈએ કે ગામમાં એક પણ બાળકને કોઈ માર મારે નહિ, કોઈ કનડે નહિ, કોઈ તેને ફોસલાવે નહિ, કોઈ તેને ડરાવે નહિ. બાળક સ્વતંત્રપણે પોતાની જાતને સાચવે અને વિકાસ કરે તેવી સ્થિતિ આપણે અહોનિશ મહેનત કરીને લાવશું.

❖ ❖ ❖

# શિક્ષકની કબૂલાત

હું એક શિક્ષક છું. મેં ''શિક્ષકનાં કન્ફેશન્સ'' એવા લેખનું એક ઠેકાણે મથાળું વાંચ્યું અને મને થયું કે હું તો મારાં કન્ફેશન્સ એટલે કબૂલાત કરું ?

વર્ષોથી હું શિક્ષણના ધંધામાં છું, શિક્ષક તરીકેની યોગ્યતા મેળવતાં શિક્ષણશાસ્ત્ર અને પદ્ધતિનું મેં જે જ્ઞાન એક વખત મેળવી લીધું તેમાં મેં ઘણો જ થોડો વધારો કર્યો છે.

જાહેર વાચનાલયમાં હું જાઉં છું, પણ શિક્ષણવિષયક પત્રોને હું ભાગ્યે જ અડું છું. લાયબ્રેરીઅનની ઇસ્યૂ બુક જોઉં છું તો મારા નામ સામે બીજા ઘણા ગ્રંથો દેખાય છે, પણ શિક્ષણ વિષયક એકે ગ્રંથ મારા નામે જણાતો નથી.

વાંચવાની ટેવ મારામાં છે ખરી. શરૂઆતનાં વર્ષોમાં પાઠ્યપુસ્તકો અને તે ઉપરની નોંધો વાંચવામાં હું રોકાતો. હવે તો માત્ર કોઈ વાર પાઠ્યપુસ્તક બદલાય છે ત્યારે તે જોઈ જવાનું રહે છે. મારો વાચનપ્રદેશ દૈનિકો, માસિક-છાપાંઓ અગર ઈઘરતીઘરની નવલકથાઓ છે.

શાળા પછીના સમયમાં શિક્ષણ વિષયક વાતો ક્વચિત જ કરું છું. કોઈને ડિસ્મિસ કર્યાની, કોઈને પ્રમોશનની, ફોર્મ આપ્યાની, પરીક્ષાની, ઉપરી અધિકારીઓની અગર સ્ટાફની, બુકસેલરોની, એવી એવી જાતની વાતો મારી વાતનો મુખ્ય વિષય છે.

અમે બધા શિક્ષક ભાઈઓ રિસેસમાં ચા-પાણી માટે એક બીજા ત્યાં મળીએ છીએ ત્યારે ઘણી વાતો કરીએ છીએ; પણ

શીખવવું કેમ, શિક્ષણનાં સાધનો, વિદ્યાર્થીઓ વગેરે સંબંધે વાતો થતી નથી. અને વાત કરવાનું કાંઈ કારણ પણ નથી રહેતું. શાળાનો સમય નિશ્ચિત છે, અભ્યાસક્રમ સ્થિર છે, ઘંટથી સમય બદલાય છે ને પરીક્ષાને માટે વિદ્યાર્થીઓને તૈયાર કરવામાં આવે છે. પદ્ધતિના ઢાળા ઢળેલાં છે. નિશાળમાં જાઉં છું, હંમેશનાં પાઠો લઉં છું ને દઉં છું; કાંઈક યુક્તિથી, કાંઈક શક્તિથી, કાંઈક પ્રતિભાથી અને મુખ્યતઃ શાળાના ડિસિપ્લિના નિયમોથી વ્યવસ્થા જાળવું છું અને કામ કર્યે જાઉં છું.

હું વિષયો ઊંડા ઊતરીને શીખવતો જ નથી. કારણ પરીક્ષામાં જેટલું શીખવવું જરૂરનું છે તેથી વધારે શીખવવા જતાં વખત ઓછો પડે, વિદ્યાર્થીઓને નકામી વાર લાગે અને ઉપરીને નકામો પડારો લાગે.

વિદ્યાર્થીઓને હું નામથી અને તેમને પાઠ આવડે છે કે નથી આવડતા તે રીતથી જ માત્ર જાણું છું. તેમના કુલશીલ કેવાં છે, મૈત્રી કેવી છે, મનોવિહાર કેવો છે વગેરેમાં હું કશું જાણતો જ નથી. તેઓને અને મારે નજીકનો સંબંધ છે જ નહિ. તેઓની બુદ્ધિનો કાંઈક ખ્યાલ મને છે, પરંતુ તેમના હૃદય વિષે તો હું કેવળ અજ્ઞાત છું.

પહેલો કોણ અને છેલ્લો કોણ તે હું દેખું છું, પરંતુ તેમની શારીરિક શક્તિ-અશક્તિની મને ખબર નથી. પાઠ કરી લાવે છે તે હુશિયાર છે, અને તેઓ મને ગમે છે; બાકીના ઠોઠ અને અણગમતા છે. તેમનો મારા ઉપર કે મારો તેમના ઉપર ખાસ પ્રેમ કે રાગ નથી. અમે પરસ્પરનો વિશ્વાસ તો ક્યાંથી જ

ભોગવતા હોઈએ ? તેઓ મારાથી ડરે છે તો હું તેમના ઉપર અધિકાર ભોગવું છું.

નિશાળ છોડયા પછી કોઈ અપમાન કરનાર વિદ્યાર્થી સિવાય બીજા વિદ્યાર્થીઓ ભાગ્યે જ સાંભરે છે. તેઓ તેમને ત્યાં ને હું મારે ત્યાં. પડયા પડયા પરીક્ષા આવી છે માટે હવે દઢ પુનરાવર્તન કરાવી નાખીએ, રિસેસમાં પણ કામ કરીએ, આવો વિચાર તેમને વિષે આવે છે.

તેઓનાં ઘરો મેં તો નથી જોયાં, પણ મારું ઘર પણ મેં તેમને દેખાડયું નથી; એવો સંબંધ રાખ્યો જ નથી.

મારું સ્વપ્નું પ્રમોશન મેળવતાં-મેળવતાં આચાર્ય થવાનું અને વર્ષો પૂરાં કરી રિટાયર્ડ થઈ પેન્શન મેળવવાનું છે. મારી ઇચ્છા અવસ્થા પાકે તે પહેલાં પાંચ પૈસા બચાવી કોરે મૂકવાની છે. એટલા માટે તો હું વધતા વખતમાં ટ્યૂશન પણ રાખું છું.

મારી ઇચ્છા નાતજાતમાં ઠીક ઠીક રહી, છોકરાછૈયાં સારી રીતે ઠેકાણેસર કામે લગાડી, પરણાવી પહટાવી જિંદગીનો આરામ મેળવવાની છે.

આ બધાં માટે પ્રવૃત્તિ કરવાની મારી વૃત્તિ છે. આજે શિક્ષણનો ધંધો પણ મારે મન એક પ્રવૃત્તિ છે. આવું છે ત્યાં શિક્ષણનો આદર્શ, શિક્ષણની સુધરેલી પદ્ધતિથી શીખવાનો આગ્રહ, શિક્ષણમાં નવા પ્રયોગો કરવાની ધગશ, એવું બધું મારામાં છેય નહિ ને આવવાનું પણ નથી. આજે જે જે મારી સ્થિતિ છે તે મારે ચોખ્ખેચોખ્ખી રીતે જણાવી દેવી જોઈએ. મારી પોતાની તો આવી સ્થિતિ છે. બીજા ભાઈઓની હોય તેવી ખરી.

❑

# ચારિત્ર્ય

## બાલમંદિરના શિક્ષકોને

પોતાનાં કપડાં સ્વચ્છ રાખવાં. પોતાના વાળ, હાથ, મ્હોં, આંખ અને કાન સ્વચ્છ રાખવાં; નખ વધવા દેવા નહિ.

મુખ ઉપર હંમેશાં પ્રસન્નતા રાખવી. એ પ્રસન્નતા અંતરની પ્રસન્નતા પ્રતિચ્છાયા રૂપે જોઈએ. પ્રસન્નતા ધારણ તો કરવી જ નહિ. આપણે બાળકને ઢોંગી બનાવવો નથી. શાંતિ અને ગંભીરતા પ્રસન્નતાનાં વિરોધી નથી. એ બન્ને શિક્ષકના મ્હોં પર સ્પષ્ટ રીતે દેખાવાં જોઈએ.

જેને નારાજ થવાની ટેવ હોય, જેને ક્રોધે ભરાવાની ટેવ હોય, તેણે વારંવાર પોતાનું મ્હોં કાચમાં જોઈ લેવું. આંખ ફાટેલી રહેવી, ભવાં ચડેલાં રહેવાં, હોઠ દબાયેલા રહેવા, અને વાળ ઊભા થયેલા રહેવા એ નારાજી અને ક્રોધની નિશાની છે. પ્રસન્નતા કે અપ્રસન્નતા, રાજી કે નારાજી, છાનાં રહેતાં નથી. માણસનું મ્હોં એ બધાની ચોખ્ખી આરસી છે. ક્રોધી શિક્ષકનું બાળક ક્રોધનું શિક્ષણ લે છે. હૃદયના ઊંડાણમાં છુપાવી રાખલો ક્રોધ પણ બાળક કોણ જાણે કેમ, સમજી શકે છે. ક્રોધે ભરેલો માણસ શિક્ષણ આપવા અસમર્થ નીવડે છે. તેની બુદ્ધિ સ્થિર રહેતી નથી; મગજ શક્તિ વિકૃતિને પામે છે.

બાળકને મારવું. ચૂપ રહેવું, જોરથી ઉપાડવું, દાબવું, એક જગ્યાએથી બીજી જગ્યાએ મરજી વિરુદ્ધ લઈ જવું, માગણી સ્વીકારવી, કંઈ લઈ લેવું, એવું-એવું ક્રોધને લીધે વારંવાર બને

છે એ બધાં બહિર ચિહ્નો છે. ઉક્ત બાબતમાં કેટલીક બાબતો શિક્ષણની દૃષ્ટિથી બની શકતી હોય છતાં ક્રોધને તેમાં અવકાશ રહે છે.

બાળકને ન આવડે ત્યારે ક્રોધ ચડે છે. બાળક, શિક્ષકની સમજણ પ્રમાણે, તોફાન કરે છે ત્યારે ક્રોધ ચડે છે. બાળક ધાર્યા પ્રમાણે ન કરે ત્યારે ક્રોધ ચડે છે. બાળક શિક્ષકનું અપમાન થાય એમ વર્તે છે ત્યારે ક્રોધ ચડે છે. મુલાકાત લેનારાઓ હાજર હોય છે અને બાળક સુંદર દેખાતું નથી ત્યારે ક્રોધ ચડે છે. બાળક કામ ન કરતાં રખડે છે ત્યારે ક્રોધ ચડે છે.

બાળકોને ન આવડે તેમાં તેનો દોષ ન કાઢવો. શિક્ષણ-શાસ્ત્રના ગ્રંથોમાં તે માટે ખુલાસો શોધવો. સાજું, તંદુરસ્ત બાળક તોફાન કરતું જ નથી. નીતિભર્યા અને સમાજવ્યવસ્થાને અબાધક એવાં બાળકનાં સઘળાં કાર્યો બાળકના હિતનાં છે; ભલે તે આપણને તોફાન જેવાં લાગે. તોફાની બાળકને ડૉક્ટર પાસે લઈ જાઓ. માનસશાસ્ત્રીની દૃષ્ટિથી વિલોકો, આધ્યાત્મિક દૃષ્ટિથી તેના દોષો નિવારો. આપણાં ધાર્યા પ્રમાણે બાળકે કરવું જ જોઈએ એ ભયંકર વિચારને છોડી જ દેવો. તેનો સર્વથા ત્યાગ કરવો. નીતિની અને સમાજવ્યવસ્થાની મર્યાદામાં રહી બાળક પોતાના જ ધાર્યા પ્રમાણે ભલે કરે. બાળક શિક્ષકનું અપમાન થાય તેમ વર્તે છે, એમ આપણે જ માની લઈએ છીએ. બાળક કે બીજા કોઈના મનમાં એવું વસતુંય નથી. મુલાકાત લેખારાઓની એ રીતે જરા પણ પરાવ ન રાખો.

બાળક કામ ન કરતાં રખડે ત્યારે શોધી કાઢો કે કયું કામ કરવા તે તૈયાર છે ? અથવા સમજો કે રખડવાનું જ કામ તેના વિકાસના માર્ગે અતિ ઉપયોગી છે.

બાળકને મરાય તો નહિ જ. તેને ડારો કે ધમકી ન દેવાય. ''આમ કરશો તો આ નહિ મળે, અથવા આમ થશે.'' એમ કહેવું એ પણ શિક્ષા જ છે. તેની વિરુદ્ધ રૂકાવટ કરવી, હાથ પકડી બેસાડવું, જોસથી હાથ દબાવવો, ઉપાડીને મૂકવું, એ બધાં શિક્ષાનાં જ સ્વરૂપો છે. આંખ કાઢવી, ભવાં ચડાવીને જોવું, નાક ઉપર આંગળી મૂકી ચૂપ કરવું, દમથી સિત્કારો કરવો, અવાજમાં રોફ બતાવવો, એ બધી શિક્ષાની રીતિઓ છે. બાલમંદિરમાં બાળકો હરેક પ્રકારની શિક્ષામાંથી મુક્ત હોવાં જોઈએ.

દબાણ ઉપર રાજ્યો ટકતાં નથી તો બલમંદિરના બાળકો તો શી રીતે ભણે ? બાલમંદિરમાંથી શિક્ષાનો નાશ કરીને જગતમાંથી હિંસાનું, દબાણનું, જુલમનું તત્ત્વ કાયમને માટે નાબૂદ કરવું છે. કોઈપણ જાતની શિક્ષા કરવાથી બાળકના પ્રેમના પાત્ર નહિ રહી શકીએ, તેની આપણે ચિંતા કરવી જોઈએ. નવો યુગ સ્વરાજ્યનો છે. તેમાં હિંસા નહિ હોય તો પછી શાળામાં શિક્ષા ક્યાંથી રહેશે ? કેમ રહેવી જોઈએ ? આપણા મનમાં જ્યારે બાળક ઉપર કોઈ પણ જાતનું દબાણ કરવાનો વિચાર આવે, ત્યારે બાળક કેટલું નિર્બળ છે અને આપણે કેટલા બળવાન છીએ તેનો જ વિચાર કરી લેવો. નિર્બળને શિક્ષા કરવી એ હિંસાથી પણ ખરાબ છે. બાળકને

શિક્ષા કરીને આગામી પેઢીના મૂળમાં હિંસાનું પાણી સિંચીએ છીએ.

બાળકને શિક્ષા કરીને આપણે આપણી જ અસંયમી વૃત્તિ દાખવીએ છીએ. સંયમ શિક્ષા કરવામાં છે કે શિક્ષા ન કરતાં પોતાની જાતને રોકવામાં છે ? સંયમ સારો કે અસંયમ ? સંયમથી કલ્યાણ છે કે અસંયમથી ? બાળકને શિક્ષા કરતાં આપણી આસુરીવૃત્તિનું સહેજે પ્રદર્શન થઈ જાય છે. તપ કરવું હોય તો બાળકને ન મારતાં-ન દબાદતાં શીખો. સૌ કોઈ કહે છે કે શિક્ષા કર્યા વિના બાળકને રસ્તે લેવું મુશ્કેલ છે. સહેલે રસ્તે જવામાં તપશ્ચર્યા કે અઘરે ? શિક્ષાનું પાપ તો દેખાઈ આવે, પણ શિક્ષા ન કર્યાનું પુણ્યફળ તો કલ્યાણ મળે ત્યારે જ સમજાય. પવિત્ર અને નિર્દોષ એવા પ્રભુના સ્વરૂપના બાળકના પરિચયને શિક્ષાના વિચાર માત્રથી દૂષિત કરો નહિ ! કલ્યાણને ડુંગરે ચડવાની સીડીને ઘણે ઊંચે પગથિયે બાલમંદિરનાં બાળકોનું શિક્ષણ છે. ગુલાબની કળીને છૂંદવાથી-તેના ઉપર આઘાત કરવાથી ગુલાબ નહિ ઊઘડે; આપણે તેની સુવાસ નહિ પામીએ. બાળકને મારવાથી આપણે તેને મનુષ્ય નહિ બનાવી શકીએ; એમાંથી ઉચ્ચ મનુષ્યત્વની સુવાસ નહિ પ્રસરે.

ભૂલે-ચૂકે શિક્ષા થઈ જાય તો શું કરો ? તપશ્ચર્યા કરો. ઉપવાસ કર્યાથી, ભોગનો ત્યાગ કરવાથી, હાથ ઘસવાથી, માથું પછાડવાથી, આવી બાબતમાં તપશ્ચર્યા થઈ શકે છે. જૂની ટેવને લીધે બાળક ઉપર ક્રોધ થઈ જાય, તેને શિક્ષા કરાઈ જાય, તેના ઉપર દબાણ કરાઈ જવાય, તો નિરાશ ન થાઓ; ફરી-ફરી

સંયમની સાધના કરો. મુમુક્ષુને સંયમની સામે લડવામાં બમણું શૂર ચઢે છે, અને ભારે મજા પડે છે.

આપણા બચપણના દિવસો આપણે સંભારીશું તો આપણે કોઈને પણ મારવું પસંદ કરી શકીશું જ નહિ. બાળક પૂર્વજન્મના સંસ્કારો લઈને આવેલું છે. માતાપિતાએ પણ તેને વારસામાં ઘણા ગુણ-દોષો આપેલા છે. ગૃહમાંથી પણ તેના ઉપર અનેક સારીનરસી છાપો પડે છે. બાળક પોતાનો, શરીરનો, મનનો, અને આત્માનો વિકાસ શોધવા સતત મથે છે એવો માનવશાસ્ત્રનો, શરીરશાસ્ત્રનો અને જીવનશાસ્ત્રનો મત છે. શિક્ષાથી પૂર્વગત સંસ્કારોને,વારસામાં મળેલા ગુણદોષોને, ઘરની છાપોને અને બાળકની વિકાસ માટેની સાહજિક વૃત્તિને આપણે શી રીતે રોકી શકીએ ?

બાળકના શરીરના રોગો માટે દવાના ઉપચાર કરો. મનના રોગોના નિવારણ માટે શિક્ષણશાસ્ત્રીની દષ્ટિએ બાળકને અવલોકો, અને તેના યોગ્ય વિકાસ માટે અનુકૂળ વાતાવરણ રચો. પૂર્વજન્મના સંસ્કારોને લઈને આવેલ બાળકો એકબીજાથી અનેક રીતે જુદાં છે. પ્રત્યેક આત્માની ભૂલ જુદા-જુદા પ્રકારની છે. અને તેની જુદી-જુદી રીતે સુધારાય છે.

માનસશાસ્ત્રીઓ કહે છે કે કેળવણીનું ગમે તેવું વાજું ગોઠવો, શિક્ષા વગેરેથી બાળકને ગમે તેટલું દબાવો, તમારી ઇચ્છા પ્રમાણેના માર્ગે તેને લઈ જવા માટે તમે ગમે તેટલી જાળ પાથરો, પણ બાળક તે ગણકારશે નહિ; તે તેમાંથી ગમે ત્યારે છૂટી જશે ને પોતાને ધારેલ માર્ગે જ જશે. દરેક આત્માને

આ દુનિયામાં જે કાર્ય કરવાનું છે તે જ કાર્ય માટે તે આત્મા આગળ વધશે. તમારી શિક્ષા, કેળવણીની યોજના, વગેરે તેને આગળ નહિ વધારી શકે; ઊલટું તેના માર્ગમાં તે આડે આવશે. તમે જો બાળક માટે કરી શકતા હો તો તેનો માર્ગ સીધો કરો, તેના રસ્તામાંથી કાંટા કાઢી નાખો, તેના માર્ગની આસપાસ વાડ બાંધો; એટલે કે તેને માટે અનુકૂળ વાતાવરણ વિકાસ માટે તેને જોઈએ તેવી આબોહવા આપો. કેવી આબોહવા જોઈશે તેનો તમે અભ્યાસ કરો. માળી છોડ ઉછેરવાનું જાણે છે; પ્રાણીશાસ્ત્રી પ્રાણીઓને ઉછેરવાનું જાણે છે; તો આપણે મનુષ્યો ઉછેરવાનું જાણવું જ જોઈએ. એ વિદ્યાના જ્ઞાનમાં આપણી શિક્ષક તરીકેની અરધી ફરજ ઓછી થાય છે, અને આપણું લગભગ આખું કામ પાર ઊતરે છે.

અક્ષરજ્ઞાન અને અંકજ્ઞાનનું શિક્ષણ આપવાનો મોહ ન રાખો. શીખવું એ તો પ્રાણી માત્રની ફરજ છે, જરૂરિયાત છે. મનુષ્યત્વ કયા શિક્ષણમાંથી જન્મશે તે પહેલું શીખવો; પછી અંકજ્ઞાન-અક્ષરજ્ઞાનની વાત. હું તો અંકજ્ઞાન અને અક્ષરજ્ઞાનનો વિરોધી છું. પણ હું જાણું છું કે અમુક ઉંમરે બાળક અંક-અક્ષર શીખવા માગે જ છે; અને તેથી જ બાલમંદિરમાં તેના શિક્ષણ માટે વ્યવસ્થા છે. અંકજ્ઞાન અને અક્ષરજ્ઞાન લેવા માટે બાળક ન આવે તો તેને માટે જરાયે ચિંતા ન રાખો. વણભૂખ્યા બાળકને ખવરાવવું ખરાબ છે, અને ભૂખ લાગે છે ત્યારે વગર કહે બાળક ખાવા આવે છે; જ્ઞાનની પણ બાળકને ભૂખ લાગે છે.

જો બાળકને સમાજમાં રાખવું હોય તો તેને સમાજના જ વાતાવરણમાં રાખવું ઘટે છે. તેને બોલતું કરવું હોય તો જ્યાં માણસો બોલતાં હોય ત્યાં જ રાખવું પડે છે. તેમ તેને અક્ષરજ્ઞાન આપવું હોય તો જ્યાં અક્ષરજ્ઞાનની જરૂર પડતી હોય અને જ્યાં અક્ષરજ્ઞાનનો ઉપયોગ થતો હોય, ત્યાં બાળકને રાખવું, એટલે અક્ષરજ્ઞાન અને અંકજ્ઞાન બાળક સહેજે શીખશે. બાળકને ચાલતાં અને બોલતાં શીખવાની નિશાળ માંડવી પડે છે ? માત્ર, અંકજ્ઞાન અને અક્ષરજ્ઞાન જીવનની જરૂરિયાત હોવી જોઈએ. જો એ જરૂરિયાત ન હોય તો તે શીખવવા પાછળ આટલી ખટપટ પણ ન જોઈએ. જો જરૂરિયાત હોય તો જરૂર બાળક તે શીખશે જ. અંકજ્ઞાન અને અક્ષરજ્ઞાનની તૃષા અને તે શીખવવાની સગવડ- સ્વાભાવિકતા-કઈ જાતના વિકાસથી બાળકમાં જન્મે છે તે જાણી લઈએ. તો આપણે તે વિકાસ માટે જ કંઈ કરવું ઘટે છે. આપણે તે વિકાસ માટે જ ઊભા રહેવાનું છે.

પણ આપણું કામ માળીનું છે. અને છતાં એકલા માળીનું નથી. બી પ્રમાણે ઝાડ થવાનું છે, છતાં બીજના દોષોને દૂર કરવાનું કામ આપણે જ કરવાનું છે. બીને એકલી અનુકૂળતા જ આપવાની નથી; પણ તેને સામાજિક અને નૈતિક વાતાવરણમાં જીવી શકે તેવું બનાવવાનું છે. અને તેથી જ આપણે મોટે ભાગે દ્દષ્ટા છીએ છતાં પ્રેરક પણ છીએ જ.

❖ ❖ ❖

# આપણે ધંધો ખીલવો

કદી એમ ન ધારો કે આપણે કશી વિસાતમાં નથી. જરા થોભો અને ઝીણી નજરે વિચાર કરો. આપણે ગામ આખાનાં, પ્રાંત આખાનાં ને દેશ આખાનાં બાળકોને ભણાવનારા છીએ. આપણે તેમના મનનો અને શક્તિનો વિકાસ કરનારા છીએ. આપણે તેમની અંતઃશક્તિને બહાર આણનારા છીએ. આપણે તેમની નીતિમત્તા અને ધર્મના મૂળમાં સિંચન કરનારા છીએ. ટૂંકમાં, આપણે તેમના દષ્ટા, માર્ગદર્શક ને તેમના નેતા છીએ.

પણ આપણે માનીએ છીએ કે આપણે પંતુજી છીએ, મહેતાજી છીએ, આપણે કાંઈ વિસાતમાં નથી, આપણે એટલા દીન થઈને કહીએ છીએ અને રહીએ છીએ કે એક સાધારણ પોલિસનો સિપાઈ આપણને સહેલાઈથી ગોદો મારી શકે છે. એક વહીવટી કારકુનની પ્રતિષ્ઠા આપણાથી વધારે છે. સરકારના કાગળિયાની વ્યવસ્થા કરનાર એક ટપાલ-માસ્તરનો દરજ્જો આપણાથી વધારે ગણાય છે.

આ દીનતા શા માટે રાખવી ? આપણને ઓછો પગાર મળે કે વધારે, પણ શા માટે આપણે ઊંચું માથું રાખી ન ચાલવું ? શા માટે આપણે આપણી છાપ ન પાડવી કે આપણી પદવી એક દાક્તર, વકીલ કે હરકોઈ ધંધાદારીને

તોલે ન આવી શકે ? આપણે હજી આપણા ધંધાનું બળ અને તેની કિંમત સમજ્યા નથી. આપણો ધંધો એટલે શરીરના રોગીઓને સજા કરવાનો નહિ; કજિયાળા લોકોના કજિયા પતાવવાનો નહિ; તોફાની લોકોને યોગ્ય ન્યાય આપી જેલમાં મોકલવાનો નહિ; અવ્યવસ્થિત પ્રજાને નિયંત્રણમાં રાખી રાજ્યતંત્ર ચલાવવાનો નહિ. પરંતુ આપણો ધંધો રોગ ન થાય, કજિયા-કંકાસના મૂળ બળી જાય, તોફાની વૃત્તિ નાશ પામે, અને વ્યવસ્થા તથા શાંતિ ફેલાય તેની દવા-તેનો ઉપાય મૂળમાંથી કરવાનો છે.

બાળક મનુષ્ય-જાતનું મૂળ છે. એનું શિક્ષણ આપણા હાથમાં છે. એનું ભાવી આપણા હસ્તક છે. એનામાં જે આપણે વાવ્યું તે ઊગશે; જે સીંચ્યું તે ઊતરશે. અને તેથી જ આપણી ખેતી બીજની છે. અને તેથી જ આપણો ધંધો સર્વોત્કૃષ્ટ છે.

અને છતાં આપણી હાલત આવી કેમ છે ? કારણ કે આપણે આપણો ધંધો ખીલવતા નથી. આપણે આપણાપણું કેળવતા નથી. આપણે સાચા શિક્ષક થતા નથી. સૌને સાચી વસ્તુની ગરજ છે. વૈદ અને વકીલની જરૂર છે. સાચા શિક્ષક થઈશું એટલે લોકો ઘેર પૂછતા આવશે; પગ ધોતા આવશે. ઘેર-ઘેર ભટકવું નહિ પડે. પૂર્વ કાળના ઋષિમુનિઓને ત્યાં રાજાઓના પુત્રોને પણ ભણવા જવું પડતું; એટલું જ નહિ પણ ત્યાં તેમને તેમની સેવા કરવી પડતી. એ જ સ્થિતિ

આજે આવી શકે છે. પણ તે માટે આપણે આપણો ધંધો ખીલવવો જોઈએ.

આજે શું આપણો ધંધો આપણે ખીલવીએ છીએ ?

ના. આપણી પાસે જ્ઞાનની મૂડી કશી જ નથી. સારા તો ઠીક પણ સાધારણ વિદ્વાન પણ આપણે નથી. સાહિત્યકાર તો શું, પણ શુદ્ધ ગુજરાતી લખી જાણનાર આપણામાંના ઘણા નથી. જ્ઞાનભંડારી તો શું, પણ લગભગ અતિ અલ્પ જ્ઞાનવાળા આપણે છીએ. અને શિક્ષકનું નામ તેવા જ્ઞાનહીન માણસને કોઈ આપે ? દાક્તરને વૈદનું જ્ઞાન જ ન હોય તો એને દાક્તર કોણ કહે ?

સામાન્ય જ્ઞાનમાં આપણે લગભગ શૂન્ય જેવા છીએ એટલું જ નહિ, પણ આપણે જે વિષયો ભણાવવા છે તેમાં પણ પાઠ્યપુસ્તકોમાં જેટલું છે તેટલું પણ ભાગ્યે જ જાણીએ છીએ. આપણે ઈતિહાસ, ભૂગોળ વગેરે વિષયો જાણીએ છીએ તે કરતાં વધારે જાણવા ન જોઈએ ?

અને આપણે ભણાવવાની પદ્ધતિનો વિચાર કેટલો કર્યો છે ? આજે જે અનેક નવી-નવી પદ્ધતિઓ દુનિયાભરમાં યોજાઈ રહી છે ને જેને લીધે શિક્ષણનું કામ સરલ થઈ રહ્યું છે તે આપણે જાણીએ છીએ પણ ખરા ?

આપણું જૂનું પુરાણું જ્ઞાન હવે કયાં સુધી ચાલે ?

એ જૂની પાઘડી, જૂનું પોતિયું, જૂની હજામત અને જૂની પુરાણી શીખવવાની રીત જ્યાં સુધી આપણે છોડીને નવી પદ્ધતિને ઝીલશું નહિ ત્યાં સુધી આપણો ઘડો કોઈ જ નહિ કરે, અને તે વાજબી છે.

શું આપણે માનસશાસ્ત્રના ક,ખ ને પણ જાણીએ છીએ ? અને માનસશાસ્ત્રના જ્ઞાન વિના બાળકોને ભણાવવા નીકળવું એટલે શરીરશાસ્ત્રીના જ્ઞાન વિના દવા આપવા નીકળવા બરાબર છે. આજની નવી દુનિયાનો નવો શિક્ષક નવા દાક્તર જેવો છે, નવા વૈજ્ઞાનિક જેવો છે. તે પોતાના કામમાં અદ્યતન છે.

આપણે બધી બાબતમાં 'અપટુડેટ' રહેવું જોઈએ. ફેંકી દ્યો બધું સડેલું જૂનું પુરાણું; નવા પ્રકાશને ઉત્સાહથી ઝીલીને જોર કરીને આપણે ધંધો ખીલવો. પછી કોના ભાર છે કે આપણને કોઈ મેતલો કે પંતૂજી કહે ? એક વાર શક્તિ જોશે એટલે સૌ ભક્તિ કરશે.

❖ ❖ ❖

# મહેતાજીની પદવી

આપણે આપણી પદવી ઊંચી ચડે તેમ માગીએ છીએ. આપણું વજન અત્યારે કેટલું બધું ઓછું છે તે જગજાહેર છે. કોઈ પણ ગામમાં વહીવટી પોલિસ, ટપાલ અને દફતરી ખાતાનું જેટલું માન છે તેટલું તો ઠીક, પણ તેથી પા-ગણું પણ મહેતાજીનું માન નથી. આની ચિંતા ખાતાના વડાને જ હોઈ શકે. પોતાના ખાતાના માણસોને એક અદના પોલિસ જેટલુંયે માન નહિ. અગર તેટલીયે તેની સત્તા કે વગ ન ચાલે, એ સહન ન કરી શકાય તેવું છે. બીજા બધા કરતાં મહેતાજી ગામનો શિક્ષક છે; બાળકોને શીખવીને તે ગામને શિક્ષિત કરે છે. એક મહેતાજી એક ગામમાં પચીશ-ત્રીશ વર્ષ રહ્યો હોય તો ગામની એક-બે પેઢી તેના હાથ નીચેથી પસાર થઈ ગઈ હોય છે. વેપારીઓ અને લોકો તેની નિશાળે બેસી ગયેલા હોય છે. છતાં મહેતાજીનો ગામમાં બોજ નથી પડતો. ખાતાએ તેના બોજની ચિંતા રાખવી ઘટે છે, અને તે ચિંતા પ્રત્યક્ષ સ્વરૂપ મહેતાજીના પગારમાં કંઈક વ્યાજબી વધારો થયા કરે તેવી ગોઠવણ કરવામાં છે. મહેતાજી એવી સ્થિતિમાં આવી પડે છે કે તેણે પ્રતિષ્ઠા ખોવી જ પડે. ગરીબ સ્થિતિના માણસને માટે વ્યાવહારિક સ્વભાન સાચવવું મોટે ભાગે આકરું પડે છે, કારણ કે પેટ ભરવા માટે તેણે ઘણાના ઓશિયાળા થવું પડે છે, અને તેથી ઘણાઓને તે એક સાધારણ માણસ લાગી જાય છે; ને તેથી તેની કશી ગણના થતી નથી. આર્થિક મુશ્કેલીનો ઉકેલ મહેતાજીને કંઈક પદવી આપશે.

મહેતાજીઓ જુદી-જુદી રીતે પોતે પોતાની પ્રતિષ્ઠા ખુએ છે. લોભી મહેતાજીઓ એટલા બધા કરકસરિયા જીવનથી જીવે છે કે ગામના ગરીબમાં ગરીબ માણસોના પણ તે હાંસીપાત્ર બને છે. એક તાવડી જેવી ચીજ લેવી હોય તો દસ વીસ તાવડીઓ તે જોવા માટે નિશાળના છોકરાઓ પાસે મગાવે છે, અને તેમાંથી સસ્તમાં સસ્તી પસંદ કરી તેમાંથી પાઈ અરધી પાઈ ઓછી કરાવી ખરીદે છે. છાણાંનો ભાવ નક્કી કરવામાં તે શાળાનો કેટલો બધો કિંમતી વખત ગુમાવે છે ? પાંચ છાણાં ઉપર કે ન ઉપર તે બાબતમાં ઘણી વાર વેચનાર સાથે ચડભડી ઊઠે છે. મહેતાજીએ લોભી રહેવું જોઈએ એવી પણ એક તેમની માનસિક રીતિ છે. મહેતાજી જરા છૂટથી રહે તો બીજા મહેતાજીઓ તેમની નિંદા કરે છે. પોતે પણ જરા છૂટથી રહે વ્યવસ્થિત, સ્વચ્છ અને કંઈક ધોરણવાળા રહેવામાં ભડકે છે. રખેને પોતે પોતાની સ્થિતિમાંથી ભ્રષ્ટ થઈ જાય ! મહેતાજીનું જૂનું ધોરણ તેઓ બદલવા માટે ઘણા નારાજ રહે છે. જુવાન મહેતાજીઓ પાંચ દિવસ સાચે જ યોગ્ય મહેતાજી થવાનું પસંદ કરે છે તે પ્રયત્ન કરે છે; એટલામાં જૂના શિક્ષકો તેને ઠંડો પાડે છે, ને પોતાના જેવો કરે નહીં ત્યાં સુધી તેમને શાંતિ નથી મળતી. આથી ચીલો તૂટતો નથી. મહેતાજી લોભી જ રહે છે. એક પાઈ ખર્ચતાં ભારે કષ્ટ વેઠે છે. પાઈ ગુમાવી પૈસાનો સમય બચાવી શકતો જ નથી. ઊલટું પાઈ બચાવવામાં રૂપિયાનો સમય અને પ્રવૃત્તિ ખુએ છે. મહેતાજી પાસે પૈસા

નથી તો તેણે પગાર વધે તે માટે સજ્જડ મહેનત કરી ઉપરીઓ પાસે લાયકાત અને જરૂરિયાત સાબિત કરી તેમની પાસે આગ્રહભરી માગણી કરવી ઘટે છે, પણ કંગાલ રહી ખાતાને કંગાલ દેખાડવું અને જાતને અશોભાવથી ઠીક નથી.

પ્રતિષ્ઠા ખોવાની બીજી રીત-અને અત્યંત શરમાવે તેવી રીત લોટ માગવાની છે. કેટલાક નાના ગામડાના શિક્ષકો-અલબત્ત થોડા પગારને લીધે; અને પગાર વધે તો પણ પોતે બ્રાહ્મણ હોવાથી બાપદાદાનો ધંધો છે એમ ગણીને-ગામમાં લોટ માગે છે. લોટમાગુ મહેતાજીની શી કિંમત ? નિશાળે જે છોકરાઓ ઉપર બોજ પાડવો, જેને ગુરૂ થઈ ભણાવવું, અગર જેને રોફ મારી કે સોટી ચલાવી ભણાવવા તે જ છોકરાઓને ઘેરથી-તે જ છોકરાઓને હાથે-લોટની ચપટી લેવી! પછી આવા માસ્તરની શી પ્રતિષ્ઠા રહે? આવા માસ્તરની પાસે કોણ ભણે ? આવા માસ્તરથી ખાતાની આબરૂ કેવી વધે ? ખાતું બ્રાહ્મણ કે બાવા કે એવા શિક્ષકો કે જેનો કુલાચાર લોટ માગવાનો છે, તેમને તો એકાદ સખત સરકયુલરથી જ લોટ માગતા અટકાવી શકે. બ્રાહ્મણ માસ્તરો અલબત્ત ગામડામાં એક સંસ્કારી બ્રાહ્મણનું કામ કરી શકે છે. દાખલા તરીકે માસ્તર ગામમાં સાંજે સારા પુસ્તકની કથા કરી શકે છે એટલે કે સારું પુસ્તક વાંચી-સંભળાવી શકે છે; અને ગામની એ સેવા બદલ ગામ તેની જે કદર સ્વેચ્છાએ કરે તેનો સ્વીકાર કરી શકે છે. ગામની મોટી ઉંમરના અભણ લોકોને વિદ્યા આપી શકે છે, ને તેમને પોતાના ઋણી કરી

શકે છે. એવા ઋણી લોકો માસ્તરને ત્યાં કોઈ નાનો મોટો પ્રસંગ આવે ત્યારે જુદી જુદી મદદ કરીને માસ્તરને 'જાણે' તો તે માસ્તરને માટે માન્ય છે. પણ માસ્તરના ગામના શુકલ કે ગોરની જગા લઈ શકે નહિ; મરણપરણની ક્રિયા કરાવીને તેમાંથી પૈસા કમાવાય નહિ; સત્યનારાયણની કથા વાંચી તેમાંથી પાઈ પૈસો તેનાથી કમાવાય નહિ; અને મોઢવાનું કે હળ જોડવાનું મુહૂર્ત જોઈ આપી તેમાંથી કમાણી તો કરી શકાય જ નહિ. કેમ કે એમ કરવા જતાં લોકોમાં વહેમ વધે છે, અને કેળવણીને માર્ગે કાંટા પડે છે. વળી જો ન કરે નારાયણ ને ગઢવી ઘોડે ચડે, તેની પાસે પાંચ પૈસા હોય તો તેણે તે પૈસાનો વેપાર કરવામાં પણ ઊતરવું નહિ. મહેતાજીનું કામ જ ભણાવવાનુ. વેપાર કરવા બેસે ત્યારે તે વણિક થઈ જાય. વિદ્યા બ્રાહ્મણની અને વેપાર વાણિયાનો. શિક્ષક ગમે તે જ્ઞાતિનો હોય પણ તે બ્રાહ્મણ છે. તેણે તો એક જ કામ કરી પોતાની પ્રતિષ્ઠા રાખવાની છે. ઉત્તમ વેપાર લક્ષ્મીને એકઠી કરવામાં વે છે. ભેગું કરવામાં છે, જ્યારે શિક્ષણ દાન દેવાનું કાર્ય છે. શિક્ષક જ્યારે શિક્ષક મટી વેપારી થાય છે ત્યારે તે ભ્રષ્ટ થાય છે, ને તેની પ્રતિષ્ઠા ઘટે છે. માટે શિક્ષકે પોતાની પ્રતિષ્ઠા ખાતર આવી બધી બાબતોથી દૂર રહેવું જોઈએ. શિક્ષકો પોતાના ધંધાની આબરૂ સાચવી રાખશે ?

❖ ❖ ❖

# પંતૂજીવેડા ન કરીએ

આવું હવે ન ચાલે. આપણે હવે આપણા વેડા છોડવા જોઈએ. એ વેડા છોડવા હું પણ પ્રયત્ન કરી રહ્યો છું. આપણે બધા જ આવા છીએ એમ નથી, પણ આપણામાંના ઘણા આવા છીએ. આપણે તેવા મટવું જોઈએ.

સ્વચ્છતા અને સાદી ટાપટીપના આ જમાનામાં આપણે આઠ દસ દિવસની દાઢી વધારીએ તે ન ચાલે. આપણે ચાર દિવસે દાઢી બોડાવી લઈએ. આપણે પણ સાફસૂફ થઈને ચાલીએ.

આપણાં કપડાં ગંદા ન જોઈએ. અને કદાચ આપણે ગંદા નથી રહેતા તો લઘરા રહીએ છીએ. આપણે દરજીને કપડાં તો આપીએ છીએ, પણ બંધબેસતા કપડાં કરવા તરફ ધ્યાન નથી આપતા. રંગ અને ભાતમાં કપડું ગમતું ખરીદતા નથી. લંબાઈ-ટૂંકાઈમાં કશો મેળ રાખતા નથી. આ હવે ન ચાલે. આને આપણે કાઢી નાખીએ.

એક બીજી જાતના આપણામાં પંતૂજીવેડા છે : જગાએ અને નહિ જગાએ, જ્યાં અને ત્યાં લોભ કરવાના. આપણે હમણાં ગરીબ છીએ એ ખરી વાત. આપણે પણ લાયકાત પ્રમાણે સંપત્તિવાન થવાના છીએ. નહિતર આપણા જેવા શિક્ષકની ગરીબ જાતને પણ તોફાન કરીને કોઈના પૈસા પડાવી લેતાં આવડશે. વિચિત્ર જમાનો ચાલ્યો આવે છે. પણ આજે

આપણે આ લોભિયાપણું છોડી દઈએ. દરેક વેપારીને આપણને હસે છે.

પક્કો વાણિયો પણ ભાવતાલમાં જે કસોટી કરે છે તેથી પણ આપણે કરવામાં મૂરખ લેખાઈએ છીએ ને ઠગાઈએ છીએ. એ તો જાણે કે લોભમાં લેખું. શાકવાળો પણ હસે, મોચી પણ હશે, દરજી પણ હસે, તાવડી વેચવાવાળો કુંભાર પણ હસે ! બધાને મન માસ્તર ભારે લોભી. આ છાપ આપણે ન જોઈએ. લોભમાં જ વાત આવી જાય છે; તે એ કે મફત કરાવી લેવા નીકળવું. "એ ભાઈ, જરા એક તાવડી મૂકી જજે." "એ ભાઈ, પાંચ છાણાં નાખી જજે." "એ ભાઈ, આજ પાશેર દૂધ આપી જજે; મહેમાન છે." "એ ભાઈ, જરાક જોડો સાંધી દે જે." ઘણી વાર આપણો વેંત એવો હોય છે કે એમ કરીને આપણે મફત લેવું. આ આપણા વેડા. આથી આપણી પ્રતિષ્ઠા નહિ. આમાં આપણી મોટાઈ નહિ. આપણને પછી કોણ માન આપે ?

એક બીજાં વેડા તે જેની-તેની ખુશામત કરવી. આપણે તો જાણે કોઈને નારાજ જ ન કરી શકીએ. આપણે તો 'જી લબ્બે' 'હાજી હા' જ ભણવાનું. આપણે તો આનેય રાજી રાખવો ને તેનેય રાજી રાખવો. પણ શા માટે ? શા માટે ગામ આખાને આપણે રાજી રાખવું ? ટટ્ટાર ગરદન રાખી ચાલવું ને સાચું હોય ને જરૂર પ્રસંગે કહેવું. ખુશામત કરવાનું કોઈ જ નથી કહેતું. પણ ખુશામત કર્યા પછી તે નથી કરતા ત્યારે સૌ કહે છે કે આ માણસ જરા ફાટી

ગયો છે, સૌ સૌને ત્યાં અધિકાર પરત્વે મોટા. તેમને અધિકાર પરત્વે ઘટતું માન દઈએ, પણ તેની શેહમાં દબાઈ શા માટે ખુશામત કરવી ? એ આપણા પોતાના અંતઃકરણની નબળાઈ છે. આપણે લોકોની સેવા કરવી; ખાતાની સેવા કરવી; અમલદારની યોગ્ય સેવા કરવી; પણ ખુશામત શા માટે કરવી ?

એક બીજા વેડા પણ છે અને તે નકામી ડફલી કૂટવાના, નિંદા કરવાના, ખટપટ કરવાના. આ રોગ આખા દેશનો છે, ને આપણે પણ એમાંથી મુક્ત નથી-બલકે તેના વધારે ભોગ થઈ પડયા છીએ. આપણે આખા ગામની પટલાઈ ડોળીએ છીએ. આખા ખાતામાં શું થયું ને થવાનું છે તેનું કૂટીએ છીએ, અને ઊડતી વાતો ઉપર વધારે વાતો ઉડાડીએ છીએ. આ બધી વાતોમાં જે આવ્યો તેની ખોદણી તો હોય જ છે. અને લગભગ એક પણ એવોમાણસ ન જડે કે જેની નિંદા આપણે છોડી દઈએ. આ પ્રવૃત્તિ જાણે કે આપણા ઘણા ભાઈઓને બંધાણ રૂપ છે. ભેગા થઈને 'કાં, ઓલ્યાનું આમ થયું. પેલાનું આમ છે ને એવું એવું છે.' એવી વાતો કર્યા વિના પાચન જ ન થાય. અને આ નકામા વેડા નહિ તો બીજું શું ?

આ બધા આપણા વેડા આપણે છોડી દઈએ.

❑

# ગામડાનો શિક્ષક

## ગામડાના શિક્ષકને

ગામડાના શિક્ષકની સ્થિતિ શહેરના શિક્ષકથી જુદી છે. જેણે ગામડામાં જઈ સાચેસાચ કામ કરવું હોય તેણે કેટલીએક બાબતો બરાબર ધ્યાનમાં રાખવી જોઈએ.

શહેરનો શિક્ષક ગામડામાં શહેરીજીવન ગાળશે. શહેરી ઢબે રહેવા જશે, શહેરને ગામડામાં લાવવા મહેનત કરશે, શહેરીની મોટાઈથી ગામડિયાઓ વચ્ચે બેસશે, શહેરની સ્વચ્છતા શહેરનો દબદબો, શહેરનું એકલસોયાપણું તે રાખશે, ગામડિયા પ્રત્યેનો શહેરી લોકોનો અનાદર તે દાખવશે, શેહરી જિંદગીનાં વખાણ કરશે અને પોતાના ઘરમાં શહેરી જીવન વસાવશે, તો તે ગામડાના શિક્ષક તરીકે નિષ્ફળ જશે.

ગામડાના શિક્ષક ગામડાની સાથે રહેવું જોઈશે. અતિ ઊજળાં લૂગડાંવાળો ગામડાનો શિક્ષક, હંમેશાં હજામત કરનરો ગામડાનો શિક્ષક, સ્વચ્છ રહેવા ખાતર બધાને છિટ્ છિટ્ કરનારો ગામડાનો શિક્ષક, પોતે બીડી તમાકુથી મુક્ત હોવાથી બીડી તમાકુ ખાનારને એકદમ તિરસ્કારનારો શિક્ષક, ગામડામાં પોતાનો પગપેસારો કરી શકશે નહિ. જે શિક્ષકનું ધ્યેય ગામડામાં જઈને કામ કરવાનું હોય તે મનથી, નીતિથી અને આચારથી ગામડિયાઓથી સ્પષ્ટ રીતે ઊંચો રહે; પરંતુ તેમને એમ ન લાગવા દે કે તેઓ ઘણા નીચા છે, અગર તેઓ શિક્ષકની નજરમાં ધિક્કારને

પાત્ર છે, અગર તેઓની નજરમાં ગામડાનો શિક્ષક અમલદાર રૂપ અગર મોટા માણસ રૂપ છે. અમલદાર, મહંત કે મોટો માણસ ગામડાના હૃદયમાં પેસી નહિ શકવાથી માણસોનું ભલું કરી શકતો નથી; તેમ જ શિક્ષક ગામડિયાઓની વચ્ચે પોતાનો મોટો ગણાવીને બહુ મોટાઈથી રહેશે, તો તે તેમના હૃદયમાં પેસી શકશે નહિ.

ગામડામાં રહેનાર શિક્ષક એવી રીતે રહેવું જોઈએ કે ગામડિયાઓને એમ લાગે કે તે બહુ મોટો વિદ્વાન નથી કે અદ્‌ભુત પુરુષ નથી; પણ તે પોતાની વચ્ચે રહી શકે તેવો અને છતાં પોતાની નજીક રહી પોતાને ચડાવી શકે તેટલો ઊંચો છે. ગામડિયાઓ મૂરખ માણસો નથી; તેઓ જેમનાથી અત્યંત અંજાય છે તેમની પાસેથી, તેમ જેઓ તેમનાથી અત્યંત દબાય છે તેમની પાસેથી, તેઓ કશું લઈ શકતા નથી.

એટલે જ શિક્ષકે વધારે પડતા મોટા થવાનો ડોળ કરવા કરતાં, અથવા પોતાની મોટાઈ પ્રગટ થવા દેવા કરતાં, જરા ઉચ્ચ પણ સામાનય મનુષ્ય તરીકે દેખાવાની જરૂર છે. વળી તેણે બીજે છેડે પણ જવાની જરૂર નથી. તેણે સેવાભાવના તરંગમાં ગામડાના લોકોના એકદમ દીન દાસ બનવાનું પણ નથી. અતિ નમ્રતાને સમજવી ને તેની કદર કરવી એ બહુ કઠિન કામ છે. અબૂજ લોકો નમ્રતાને દીનતામાં અથવા બેવકૂફીમાં લેખે છે. ભલું કરવાની હૈસે હોંશ છતાં શિક્ષકે ગામડિયાઓને ઘેર-ઘેર ભટકીને, તેમને ભાભાપા કરીને, તેમની દાઢીમાં હાથ નાખીને, તેમને સુધારવા

કે ભણાવવા માટે પ્રયત્ન કરવાનો નથી. તેણે સમતોલ રહેવાનું નથી. માણસ તરીકેનો પોતાનો માનમરતબો સાચવી પોતાનો ધંધો કુનેહ અને કુશળતાથી ચલાવવાનો છે.

ગામડામાં કામ કરનાર શિક્ષકે અજ્ઞાન અને સ્વાર્થ બન્ને સામે લડવાનું છે. શિક્ષણનો પ્રકાશ આવવાથી સ્વાર્થી વેપારીઓ, ભૂવા, જોગી અને જતિઓ મૂંઝાશે; અને તેઓ શિક્ષકની સામે જાત-જાતના કાવતરાં કરશે. આ બધું હોવા છતાં શિક્ષકે દઢતા અને ઉપેક્ષા રાખવાં અને પોતાનું કામ કર્યે જવું. વિરોધીઓની સામે વિરોધગતિએ ચાલ્યા વિના, ઘર્ષણ પેદા થવાને અવકાશ આપ્યા વિના, સર્વ સામાન્ય સુજનતા અને રચનાત્મક કામ વડે તેણે આગળ વધવું, સ્વાર્થી લોકો શિક્ષકને બનાવવાની, હલકો પાડવાની, ભોંઠો પાડવાની તકો શોધે છે. સહૃદયી રહ્યા છતાં શિક્ષકે ચાલાક રહેવાનું છે. લુચ્ચાઈ ચાલાકી નથી; જાગૃતિ એટલે ચાલાકી. શિક્ષકે તેવા સ્વાર્થી લોકોના પંજામાં ન આવવા માટે કાળજી રાખવી. તેઓને આપણે છેતરીશું અને તેમ કરી વશ કરીશું તેવી આશા રાખવી જ નહિ. તેમ તેમની ઉપલક મમતા કે થોડી મદદથી છેતરાવું નહિ. આડુંઅવળું જોયા વિના વિદ્યાર્થીઓને શીખવીને તેમને પોતાના કરવા, અને પરિણામ બતાવી લોકોને ખાતરી કરાવી આપવા કે શિક્ષક કામનો છે. વાતો કરનાર શિક્ષક લાંબો વખત કયાંય પણ નભી શકે નહિ.

આપણા મનમાં ગામડાને માટે ગમે તેટલી દાઝ હોય, અને ગામડામાં ઘણું કરી શકાય તેવી આપણી પાસે કલ્પનાઓ અને

યોજનાઓ હોય, તો પણ આપણે એ બધું એકીસાથે અમલમાં મૂકવાની ભૂલ કદી પણ ન કરવી. યોજના કર્યા વિના, હિસાબ ગણ્યા વિના, આપણે માત્ર આવેશથી કૂદી પડીએ છીએ, તેથી જ લોકો આપણને 'મેતલા' કહે છે. માટે ગામડામાં જઈને ગામડાનાં દર્દો મટાડવા માટે ઘણું ધીમેથી ચાલવું. એક વસ્તુ સિદ્ધ થયા પછી જ બીજી આદરવી.

બીજું, ગામડાના શિક્ષક કદી વધારે પડતી આશાઓ રાખવાની નથી. પોતાની શક્તિ ઉત્તમ છે, માટે હમણાં જ બધું થઈ શકશે એવું કદી માનવું નહિ. ગામડાના લોકો સદૈવ અભિમુખ રહે છે અને તેઓ 'હાજી હા' કરે છે, માટે હમણાં જ બધું થઈ જશે એવી ભૂલમાં પડવું નહિ, અતિ આશા રાખીને વધારે પડતા વેગથી કામ કરનાર શિક્ષકને નિરાશ થવું પડે છે.

વળી ગામડામાંનું કાવ્ય પુસ્તકમાં છે, લેખકની કલમ ઉપર છે, તેમ સમજવું. ગામડાંના લોકો બધા ભોળા છે, પવિત્ર છે, એમ માનવું પણ ભૂલભરેલું છે. તેઓ પણ ગુલામીના ઝેરમાં ફસાયેલા હોઈ દુનિયાના ગુલામોની બધી બદીઓથી ભરેલા છે. તેથી તેમની સાથે કામ પાડવામાં તે બધી હકીકત ધ્યાનમાં રાખવાની છે. ગરીબાઈને લીધે તેઓ ઠીક-ઠીક સ્વાર્થી અને લુચ્ચા છે; એમ જાણ્યા છતાં, ગભરાયા વિના, તેમના પ્રત્યેની દિલસોજી ખોયા વિના, કામ કરવું.

શહેરમાંથી ભાગીને ગામડામાં કામ કરવા જનાર શિક્ષકને ગામડામાંથી પણ ભાગવું ન પડે માટે તેણે પહેલેથી જ બધી બાબતોનો વિચાર કરી લેવાનો છે.

ગામડામાં રહેનાર શિક્ષકે શિક્ષણનું કાર્ય એકધારું કર્યા કરવું. જનસમાજમાં અનેક દુ:ખો છે. તે બધાં દુ:ખોનો ઉકેલ કાઢવાનું કામ એકલા શિક્ષકોનું નથી. તેણે તો મનુષ્યમાં જ્ઞાનનો પ્રકાશ પાડવાનો છે; અને એ પ્રકાશથી અંધકાર આપોઆપ નાસી જશે એવી શ્રદ્ધા રાખવાની છે. એટલે જ તેણે ગામડાને વૈજ્ઞાનિક દૃષ્ટિ આપવાની છે, નહિ કે ભૂવા સાથે લડવાનું છે. ગામડાને આર્થિક ઉન્નતિનો માર્ગ બતાવવાનો અને અવનતિ કેમ થઈ તે સમજાવવાનું છે, નહિ કે વહીવટી અમલદારો સાથે લડવાનું છે. જીવનમાં દુ:ખો કેમ પેદા થાય છે અને તે કેમ શમે તેના આચારવિચાર તેણે વિદ્યાર્થીઓને અને લોકોને બતાવવાના છે, નહિ કે તેનું કામ છૂટાછેડા કરાવવાનું કે ઘરઘરણાં કરાવવાનું છે. તેણે તો પ્રકાશનો દીવો સળગાવી ચોમેર પ્રકાશ પાડવાનો છે; તેણે જ્યાં ત્યાં આગ લગાડવાની નથી.

ગામડું નાનું સ્થળ છે, ગામડાના બધા માણસોનાં જીવન નજીક નજીક અને ટૂંકા ક્ષેત્રમાં-ટૂંકા વર્તુળમાં હોઈ એક બીજાને પારદર્શક છે. તેને લીધે ઘણી વાર શિક્ષકને ગામડાના દુશ્ચરિત માટે લાગી આવે ત્યારે શિક્ષકે ધીરજથી તેનો વિચાર કરવાનો છે; કડવાં વેણ અગર એક સખત બહિષ્કારથી નિકાલ આવશે નહિ. વળી ગામડાનો શિક્ષક ગામડાના મંદિર જેવો છે. લોકો

તેની પાસેથી જીવનની ઉચ્ચતા, સંસારની શાંતિ અને ચારિત્ર્યની દઢતા માગે છે. એટલે ગામડાના શિક્ષકનું ઘર, તેનો વ્યવહાર, પ્રામાણિક અને પવિત્ર હોય; તેમાં કૌટુંબિક કજિયા કે એવું પ્રાકૃત જીવન ન હોય.

ગામડાના વિદ્યાર્થીઓ હજુ સુધી ભણવાની ચક્કીમાં પિસાયા ન હોવાથી તેઓ કલ્પનામાં, ક્રિયાશક્તિમાં, બુદ્ધિશક્તિમાં, બધામાં તીવ્ર છે. તેમનું કોઠાડહાપણ અનુભવથી વધારે છે. શિક્ષક આ વાત ધ્યાનમાં તેના શિક્ષણનો કાર્યક્રમ વિચારવાનો છે. ગામડાનો શિક્ષક ગામડાનાં છોકરાંઓને શહેરી છોકરાંઓનું કે શ્રીમંતોના છોકરાંઓનું વાતાવરણ કે શિક્ષણ આપવા નથી ગયો; તેમને પોતાના જેવા સાહિત્યકારો, ચિત્રકારો કે સંગીતકારો બનાવવા કેળવ નથી ગયો; તેમના ઉદ્યોગોમાંથી તેમને ભ્રષ્ટ કરી કારકુનથી માંડી પ્રોફેસર સુધીની યોગ્યતા મેળવવાની શક્તિ આપવા નથી ગયો. પણ તે ગામડામાં ગામડિયા જીવનનો જે કુદરતી માલ છે તેને ઘડીને, સંસ્કારીને, તેમના પોતાના જ કામ માટે ઊંચો અને બંધબેસતો કરવા માટે થયેલ છે. જે શિક્ષકની કલ્પનામાં ગામડાનો માણસ એક સુંદર ખેડૂત તરીકે, ગામડામાં ચાલતી કામગીરીના સારા કારીગર તરીકે નથી આવતો, પણ જેવી કલ્પનામાં વકીલ, ડોક્ટર, ચિત્રકાર, તત્ત્વવેત્તા, સાહિત્યકાર વગેરે જેવો આવે છે, તેણે ગામડામાંથી નીકળી શહેરમાં ભણાવવા જવું, કેમ કે તે ગામડાનો શિક્ષક જ નથી. જેનું મન હંમેશ શહેરમાં લાગેલું હોય, જે ગામડાથી અસંતોષી હોય, જે માનતો હોય કે ગામડામાં રહેવાથી પોતાની ઉન્નતિ નથી, તેવા માણસે તો ગામડાના

શિક્ષણકાર્યમાંથી નીકળી જ જવું. ફક્ત જેને ગામડાનો રંગ લાગ્યો હોય તેણે જ ત્યાં રહેવું.

સરકારી દરબારી ધોરણે ચાલતી ગામડાની શાળા ચલાવનાર શિક્ષક પણ ધ્યાનમાં રાખે કે પોતે ગામડાનો શિક્ષક છે. ગામડાને લાયકનો કે નાલાયકનો ગમે તેવો અભ્યાસક્રમ તેને ભણાવવો પડતો હોય તો પણ તેણે શિક્ષણમાં ગામડાની દૃષ્ટિ રાખવાની છે. અભ્યાસક્રમમાં પોતે ફેરફાર ન કરી શકે પણ અભ્યાસક્રમ સાથે તે ગામડાના વિદ્યાર્થીઓને ગામડામાં રહેવાનું, ત્યાં રહીને પોતાનું વતન સુધારવાનું, અને ત્યાં જે ઉદ્યોગો પડેલા છે. તેને જીવતા કરવાનું મન થાય, તેવી જાતનું શિક્ષણ આપી શકે, તેણે આપવું જોઈએ. દરેક ગામડાના શિક્ષકે હરહંમેશ ગામડાને માટે કેવી કેળવણી જોઈએ તેના વિચારો ઉપરી અધિકારીને જણાવી તેમાં ફેરફારો માગવા જોઈએ. ગામડાના માણસો તેવા ફેરફારો માટે હિલચાલ કરે તેવું તેમને બતાવવું જોઈએ; અને પોતે પણ તેવા ફેરફારો માટે પોતાના વિચારો સર્વત્ર ફેલાવવા જોઈએ.

આજે હિંદ ગામડામાં છે. અને તેથી હિંદનો સાચો શિક્ષક પણ ગામડામાં છે. ગામડાનો શિક્ષક જેટલો સમર્થ હશે તેટલો હિંદ અવશ્ય સમર્થ થશે. શહેરના શિક્ષક કરતાં પણ ગામડાના શિક્ષકની ઘણી મોટી જવાબદારી છે, એટલું પણ જો તે સમજે તો આજે ઘણું બન્યું કહેવાય.

❖ ❖ ❖

## નવરાશે કરવા જેવું

ગામડાના શિક્ષકોને દેખીતી રીતે નવરાશ હોય છે. શહેરના શિક્ષકો ખોટી દોડાદોડ અને જંજાળમાંથી બચે તો તેઓ પણ નવરાશ મેળવી શકે છે. આ નવરાશને આપણે આપણી આર્થિક સંપત્તિ વધારવામાં વાપરવી જોઈએ. આપણી આર્થિક સ્થિતિ સ્વપ્ન સેવવાથી સુધરવાની નથી. આર્થિક સ્થિતિ સુધારવાનો એક જ ઉપાય છે, અને તે કાંઈ ને કાંઈ ઉદ્યોગ. શહેરનો શિક્ષક શિક્ષણશાસ્ત્રમાં પોતાનો અભ્યાસ વધારે શિક્ષણના વિષયમાં પ્રમાણભૂત થવાનો ઉદ્યોગ કરે તો લેખક તરીકે અને ભવિષ્યમાં વ્યાખ્યાતા તરીકે તેની કિંમત મળશે. શહેરનો શિક્ષક નવરાશે વેપારીનું નામું માંડવા જાય તે ન શોભે, પણ શહેરનાં જુદાં જુદાં પુસ્તકાલયોમાં ગ્રંથપાલ તરીકે કામ મેળવી શકે અને ત્યાંથી કમાઈ શકે. એવો પણ ઉદ્યોગ ખીલવી શકાય કે શિક્ષકો સારા શ્રીમંતોને ત્યાં શિક્ષણ-વિષયક વાચન આળસુ શ્રીમંતોને સંભળાવે અને તેનો બદલો લે, અત્યારે છાપાં વાંચી સંભળાવનારાઓ કમાણી કરી શકે છે તે જાણીતી વાત છે. ઉપરાંત શિક્ષક અક્ષરશાળા ચલાવીને સેવા સાથે નાનો એવો બદલો પણ મેળવી શકે છે. સારો શિક્ષક જનસમુદાય માટે સંસ્કારિતાના વર્ગો, કેળવણીના વર્ગો, સુવાચનના વર્ગો પણ કાઢી શકે છે. કોઈ શિક્ષક લોકગીત ગાવાની જ શક્તિ મેળવીને તેના ખાનગીજાહેર જલસા કરીને પૈસા મેળવી શકે, તો કોઈ નાનાં મોટાં સૌને વાર્તા કહીને તેમાંથી પણ કંઈક મેળવી શકે. શિક્ષકની મર્યાદામાં આવતા કોઈ પણ વિષયમાં શિક્ષકે નિષ્ણાંત થવું જોઈએ; તેની ઉપયોગીતા લોકો આપોઆપ સ્વીકારશે, અને તેનો બદલો પણ આપશે.

બે-ચાર શિક્ષકો મળી વિદ્યાર્થીઓને લાયકની સ્વદેશી ચીજોનો ભંડાર ખોલી શકે છે; બાલસાહિત્ય પ્રકાશન સહકારી મંડળ કાઢી શકે છે; વિદ્યાર્થીઓને ભૌગોલિક પ્રવાસો ઉપર લઈ જઈ શકે છે; સારાં સારાં પ્રદર્શનો રચી વિદ્યાર્થીઓને બતાવી શકે છે. આટલું ઉદ્યોગની દષ્ટિએ-આર્થિક દષ્ટિએ વિચારીને તે કરે તો જરૂર બે પૈસા મેળવી શકે.

લોકોનાં બાળકોને અનેક જાતની સેવાની જરૂર છે; અને શિક્ષકો તે આપી શકે તો તેઓ તેના બદલાના વાજબી હકદાર થાય.

ગામડામાં શહેરના ઘણા ધંધાઓ બની ન શકે. છતાં ગામડાનો શિક્ષક પણ અક્કલ ચલાવી શકે છે. ગામડું અને તેની આસપાસની પરિસ્થિતિનો સારો અભ્યાસ કરી લોકોનો સાચો સલાહકાર તે થાય, તો લોકો તેનો બદલો આપ્યા વિના નથી રહેવાના. ગામડાના ઉદ્યોગોમાંથી પોતે પણ નવરાશની વેળાએ જરૂર કરી શકે. હાથપગ ચલાવે તો નાની એવી ખેડમાંથી બે માણાં દાણા કાઢે જ કાઢે; નાના એવા વાડામાંથી શાક-પાંદડાનો ખર્ચ કાઢે; અને ઊભું વરસ થોડું પણ કાંતીને પોતાના કુટુંબને વગર પૈસે ઢાંકી શકે.

માણસમાં જે જોઈએ છીએ તે બુદ્ધિની અને હૃદયની શુદ્ધિ જોઈએ છીએ. શિક્ષકમાં એ અવતરો.

❖ ❖ ❖

## એકશિક્ષક પદ્ધતિ

પ્રાથમિક શાળાઓમાં આજે વર્ગશિક્ષણ છે. વિષય શિક્ષણ માધ્યમિક શાળાઓમાંથી શરૂ થાય છે. વર્ગશિક્ષણમાં એક શિક્ષકને આખો વર્ગ સોંપવામાં આવે છે. તે શિક્ષક પોતાના વિદ્યાર્થીઓને ભાષા, ગણિત, ઈતિહાસ, ભૂગોળ વગેરે વિષયો સમયપત્રક ગોઠવી શીખવે છે. વર્ષ આખરે નિશ્ચિત અભ્યાસક્રમ પૂરો કરી વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસારે છે. બીજે વર્ષે નવા વિદ્યાર્થીઓ આવે છે. અભ્યાસક્રમ અને શિક્ષક એના એ જ રહે છે ને બીજા વર્ષનું કામ ચાલે છે. આમ પ્રાથમિક શાળાના બધા વર્ગોમાં બને છે.

જ્યારે વર્ષ બદલાય છે ત્યારે વિદ્યાર્થીઓને નવો શિક્ષક અને શિક્ષકને નવા વિદ્યાર્થીઓ મળે છે. આટલું બન્નેને માટે નવું મળે છે. પણ જ્યારે વિદ્યાર્થીને નવું શીખવાનું હોય છે, ત્યારે શિક્ષકને એનું એ-વર્ષોથી પોતે જે શીખવતો આવેલ છે તે શીખવવાનું હોય છે. જ્યારે વિદ્યાર્થીને મન આખી પરિસ્થિતિ નવી નવી હોય છે ત્યારે શિક્ષક એની એ જૂની પરિસ્થિતિ વચ્ચે પડેલો હોય છે. જ્યારે વિદ્યાર્થીનું જ્ઞાન દિવસે-દિવસે વધવાનું હોય છે, ત્યારે શિક્ષકને એના એ જૂના જ્ઞાનનું આવર્તન કરવાનું રહે છે. જ્યારે વિદ્યાર્થીઓમાં આગળ વધવાનો-નવું જાણવાનો ઉત્સાહ ભર્યો હોય છે. ત્યારે શિક્ષકે એનું એ વારંવાર જાણીને કંટાળેલો હોય છે. આમ આજના વર્ગશિક્ષણમાં નવા ઉત્સાહભર્યા આગળ વધતા વિદ્યાર્થીઓ માટે નવો ઉત્સાહભર્યો આગળ વધવા માગતો શિક્ષક મળતો નથી. કશી નવીનતા નથી હોતી તેથી શિક્ષકના

કામમાં નીરસપણું આવેલું હોય છે. જો પરીક્ષા અને પ્રમોશન જેવું એની આંખ આગળ ન હોય, અને બીજી તરફ કેટલાએક ઉચ્ચ વૃત્તિના શિક્ષકો સામે કર્તવ્યનિષ્ઠા ન હોય, તો ખરેખર તેનાથી શીખવી શકાય જ નહિ. કારણ કે વર્ષોથી એનું એ કામ કરવું અઘરું છે. નવીનતા ન હોવાથી તાજગી રહેતી નથી. કંટાળાથી અકાળે ઘડપણ અને વિષય પ્રત્યે અપ્રીતિ આવે છે. ટૂંકમાં માણસ યંત્રવત્ વેઠ જેમ કામ કરે છે. તે કામમાં પોતાનો પ્રાણ રેડી શકતો નથી. પોતે પણ નિષ્પ્રાણ બને છે, અને કામ પણ જાતે ગમે તેવું સુંદર અને રસિક હોય તો પણ તેને માટે આયુષ્ય ક્ષય કરનારું બને છે. બીજી તરફ નવા આવેલા વિદ્યાર્થીઓના અભિલાષો પૂરા પડી શકતા નથી. ભણવામાં વિદ્યાર્થીઓ નવા છે પણ શિક્ષક તો જૂનો છે. વિદ્યાર્થીઓને મન ઈતિહાસ નવો છે પણ શિક્ષકને તો ઊંઘમાં પણ આવડે છે. આથી શિક્ષક ભણાવતી વખતે ખીલી નથી શકતો. મારા વિદ્યાર્થીઓને હું નવું-નવું આપું, તેવો ઉત્સાહ તેને નથી રહેતો. નવું-નવું આપતાં જે બુદ્ધિનો આનંદ અને અંતઃકરણની તૃપ્તિ થાય છે, તે પણ નથી થતાં. એની એ સાલવારી અને એની એ નદીઓ ! શિક્ષક ખુરશીમાં પડે છે; ‘‘જાણી લાવો.’’ ‘‘કરી લાવો.’’ એમ કહે છે. મૉનિટર નીમે છે અને તેની મારફત કામ લે છે. ઘડબડ ઘડબડ લેસન લે છે. આવડે નહિ તેને વઢે છે કે મારે છે, કારણ કે ન આવડે તો શીખવવાનું કંટાળા ભરેલું કામ તેને કરવું પડે છે. બીજી તરફથી નવું શીખવવું ગમતું નથી કારણ કે તેને શીખવતાં કશું નવું કહેવાનું નથી; કશું નવું જાણવાનું અને તેનો આનંદ લેવાનું તેને મળતું નથી. હંમેશાનું થયું; વિદ્યાર્થીઓ બિચારા કયાં જાય અને કરે શું ? આમ જ ભણાતું

હશે અને આમ જ ભણાવાતું હશે એવો તેમને ખ્યાલ બંધાય અને તેમાં ગોઠવાઈ જાય. પરંતુ તેની પાછળ કોઈ પ્રબળ પ્રેરણા ન હોવાથી, સળગતી જ્યોતે જ્ઞાનદીપ સળગતો ન હોવાથી, ટૂંકમાં ભણતરનું જીવંતપણું ન અનુવવાથી તે નિસ્તેજ, ઢસરડા કરતો અને રસહીન દેખાય છે. તે પણ પાસ થવાને માટે મહેનત ઉઠાવે છે. પરંતુ શાળામાંથી છૂટવાને સદા તૈયાર હોય છે. વર્ગ અને શિક્ષક તેને પ્રિય લાગતા નથી. જે આપણને પ્રાણ આપતું નથી તે આપણને ગમતું નથી, એ સ્વાભાવિક નિયમ છે. ટૂંકમાં, શાળા તેને બંધન લાગે છે, ભણતર ભાર રૂપ થઈ પડે છે, ને રસ ન હોવાથી આપણે જેને તોફાન-મસ્તી કહીએ છીએ તે દેખાય છે. ખરી રીતે એ બધું ખરી પ્રાણપોષક પ્રવૃત્તિ ન મળતી હોવાને લીધે બને છે.

વળી આ જાતની વર્ગશિક્ષણ-પદ્ધતિમાં શિક્ષકને વિદ્યાર્થીને ક્રમિક વિકાસ અને જ્ઞાનવૃદ્ધિ સાથે કશો સંબંધ રહી શકતો નથી. વિદ્યાર્થી નીચલા ધોરણમાંથી ઉપલા ધોરણમાં આવે છે. અભ્યાસમાં તે કયાં સુધી પહોંચ્યો છે તે આગલો શિક્ષક અને પરીક્ષક જાણે છે, પણ તે તેમની પાસે રહે છે. વિકાસમાં વિદ્યાર્થી કેવો ને કેટલો આગળ વધ્યો તેની નોંધ અને વિચાર આજની પ્રાથમિક શાળામાં હજી થતાં જ નથી, એટલે તેના વિષે જૂના કે નવા શિક્ષકને કશું કરવાપણું નથી જ હોતું. નવા ચાર્જમાં આવેલાં પાર્સલો નવો શિક્ષક ગણી લે છે અને નવા પાટા પર ચડાવે છે. આથી અભ્યાસમાં અનુસંધાન તૂટે છે. જે માણસ વિદ્યાર્થીઓની શક્તિ પહેલેથી જાણતો નથી તે તેમની શક્તિ ખીલવવા માગે છે, તેમની

પાસેથી કામ લેવા નીકળે છે. જેને વિદ્યાર્થીઓના જ્ઞાનકોશની માહિતી નથી તે, તે કોશમાં વધારો કરવા બેસે છે. આમ અદ્ધરથી દરેક વર્ષે ગાડી ઊપડે છે. શિક્ષકનું કામ પોતાનો પ્રદેશ વટાવવાનું રહે છે. અભ્યાસક્રમના અનુસંધાન વિના, વિકાસના સાતત્ય વિના, કોકડું વીંટાય છે ને આખરે તે અવલથી તે આખર સુધી ગૂંચવાયેલું રહે છે અને ગૂંચવાતું જાય છે. શિક્ષક એમાં શું કરે? અનો ધર્મ જ અદ્ધરથી ચલાવવાનો છે. વિદ્યાર્થીઓનો વિકાસ ક્રમે-ક્રમે જોવાનું અને તેમને મદદ કરવાનું તેની મર્યાદા બહાર છે. તેનું કામ વર્ષ પૂરતું વિદ્યાર્થીઓને ભણાવવાનું છે, બીજું બધું તેણે ભૂલી જવાનું છે. ભૂલી જવાની જરૂર પણ છે, કારણ કે તેમ ન કરે તો વર્ગના વિદ્યાર્થીઓનું વર્ષ બગડે. આમ વિકાસ અને ખરા જ્ઞાનની વૃદ્ધિ ઉપર કોઈ એક જ જણ નજર રાખનાર-કાળજી રાખનાર ન હોવાથી વિકાસ કહો કે વિકાસની વિકૃતિ કહો કે અવિકાસ કહો, તે આડેધડ ગડબડ ગોટામાં થયા જ કરે છે, પરિણામે કોઈને ભણ્યા-ભણાવ્યામાં સ્વાદ જ મળે નહિ.

વર્ગશિક્ષણ સાથે વિશેષતઃ જોડાયેલી એક બીજી આપત્તિ છે, અને તે ટ્યૂશન. વર્ગમાં શિક્ષકને શીખવવાનો રસ નથી, વર્ગમાં વિદ્યાર્થી પૂરું પાધરું ભણતો નથી; પણ પરીક્ષા વખતે પાસ તો થવાનું જ છે. ત્યારે માબાપ અને શિક્ષકોએ ટ્યૂશનની શોધ કરી છે. શિક્ષક વર્ગમાં ભણાવે નહિ પણ એનું એ ઘેર ભણાવે છે, કારણ કે તેને ટ્યૂશનની ફીનું નવું ઉત્તેજન છે. આ ઉત્તેજન મીઠું છે. શિક્ષક ખાધું ન ખાધું કરીને ઘરબાર ભૂલીને પણ ટ્યૂશન માટે ભટકે છે. તેને તેમાં આનંદ પડે છે. પણ શાળામાં આવી

તે ઠેં થઈને પડે છે. એક તો ટ્યૂશનનો થાક, ઉત્તેજનાનો અભાવ, અને મૂરખ વિદ્યાર્થીઓના વર્ગના શિક્ષકને વધારે ટ્યૂશન મળે છે એવી અનુભવમાંથી ઉપજેલી ''વર્ગમાં ન ભણાવીએ તો પણ ચાલશે; ટ્યૂશન વખતે બધું કહી દેશું.'' એવી વૃત્તિ-આવી સ્થિતિમાં શિક્ષકની નીતિઅનીતિ કે ધર્માધર્મનો પ્રશ્ન ચર્ચીએ તેમાં નીતિશાસ્ત્ર અને શિક્ષક બન્નેને અન્યાય છે, અને આપણી વિવેકબુદ્ધિનું અપમાન છે. આવું બધું સહજ છે.

## ત્યારે હવે કરવું શું ?

આપણે વર્ગશિક્ષકની પ્રથા બદલવી જોઈએ. વિષયશિક્ષકમાં પણ આનો ઉપાય નથી. વિષયશિક્ષકમાં વર્ગશિક્ષણના કેટલાએક દોષો છે, એ ઉપરાંત નાના અભ્યાસીઓને વર્ગના એક શિક્ષકને બદલે વિષયના અનેક શિક્ષકોના પરિચયમાં મૂકીએ એટલે તો 'સો સૂયાણીએ વેતર વંઠે' અથવા 'પંચની ભેંસમાં જીવડાં પડે.' એવું થાય. ખરી રીતે નાનાં બાળકોને ઘણાં કરતાં એક શિક્ષકના લાંબા પરિચયની આવશ્યકતા છે. બાલ્યકાળ ઘડતરનો છે; એ ઘડતર જાતજાતનાં અઢાર ટપલાથી ઘડાય તો તેનો ઘાટ જ ન બને, કે કઘાટ બને, સારું ઘડતર સારા એવા એક બે વિશ્વકર્માના હાથે થાય છે. વર્ષે શિક્ષક બદલાય ત્યાં વર્ષે વર્ષે ઘડતરનો ઘાટ બદલાય એ સ્થિતિ ઉઘાડી રીતે નુકસાનકારક છે. આને બદલે પ્રથમથી ચાર-પાંચ ધોરણ સુધી એકનો એક શિક્ષક હોય તો કામ સંગીન થાય. પહેલેથી આખર સુધી સાથે ચાલનારો શિક્ષક બાળકને બરાબર ઓળખી શકે છે.

શહેરમાંથી ભાગીને ગામડામાં કામ કરવા જનાર શિક્ષકને ગામડામાંથી પણ ભાગવું ન પડે માટે તેણે પહેલેથી જ બધી બાબતોનો વિચાર કરી લેવાનો છે.

ગામડામાં રહેનાશ શિક્ષકે શિક્ષણનું કાર્ય એકધારું કર્યા કરવું. જનસમાજમાં અનેક દુઃખો છે. તે બધાં દુઃખોનો ઉકેલ કાઢવાનું કામ એકલા શિક્ષકોનું નથી. તેણે તો મનુષ્યમાં જ્ઞાનનો પ્રકાશ પાડવાનો છે; અને એ પ્રકાશથી અંધકાર આપોઆપ નાસી જશે એવી શ્રદ્ધા રાખવાની છે. એટલે જ તેણે ગામડાને વૈજ્ઞાનિક દૃષ્ટિ આપવાની છે, નહિ કે ભૂવા સાથે લડવાનું છે. ગામડાને આર્થિક ઉન્નતિનો માર્ગ બતાવવાનો છે અને અવનતિ કેમ થઈ તે સમજાવવાનું છે, નહિ કે વહીવટી અમલદારો સાથે લડવાનું છે. જીવનમાં દુઃખો કેમ પેદા થાય છે અને તે કેમ શમે તેના આચારવિચાર તેણે વિદ્યાર્થીઓને અને લોકોને બતાવવાના છે, નહિ કે તેનું કામ છૂટાછેડા કરાવવાનું કે ઘરઘરણાં કરાવવાનું છે. તેણે તો પ્રકાશનો દીવો સળગાવી ચોમેર પ્રકાશ પાડવાનો છે.

ખરા શિક્ષણ માટે બાળકોનો પરિચય અને પૂરતો સમય એ બે વાનાં આ એકશિક્ષક પદ્ધતિમાં શક્ય છે. વિદ્યાર્થી શિક્ષકના પરિચયમાં વધારેને વધારે આવતો હોવાથી તે વધારે પ્રેમાળ બને છે. પોતાનું અંતર વિશ્વાસથી ઉઘાડે છે, તેથી પોતે જ પોતાના વિકાસમાં મદદ રૂપ બને છે. શિક્ષક અને વિદ્યાર્થીપણું લાંબે વખતે મટે છે. બન્ને મિત્રો થાય છે ને મિત્રભાવે વધારેમાં વધારે નિકટ આવી વધારેમાં વધારે લાભ ઊઠાવી શકે છે. વિદ્યાર્થીઓના મનમાં શિક્ષક વિષે જે વિચિત્ર ખ્યાલો હશે તે ઊડી જશે. શિક્ષક મશ્કરી

કરવા યોગ્ય અથવા બ્હીને હાઉ સમજવા યોગ્ય નથી, (કારણ કે ખરેખર તે તેવો નથી પણ તેવો તે થઈ જાય છે કે દેખાઈ જાય છે.) તેને બદલે તે માયાળુ પિતા કે માતા જેવો લાગશે. વિદ્યાર્થીઓ તેની પાસે નાચતાં-કૂદતાં ડરશે નહિ, તે તેને કામ ચીંધતા કે સૂચન આપતા અચકાશે નહિ. જૂનું કુત્રિમ ગુરુ-શિષ્યનું બંધન જતાં અન નવું સ્નેહબંધન બંધાતા, તેઓ વધારે સમજશે અને વધારે ઊંચે ચડશે. એક શિક્ષક એટલે બાલવર્ગથી માંડીને ચાર ધોરણ પૂરાં થાય ત્યાં સુધી એનાં બાળકોને ભણાવ્યે જનારો શિક્ષક. જો પ્રથમથી આખર સુધી એક જશિક્ષક રાખીશું તો તેના કેટલાય લાભો થશે.

બેશક તેની સામે ચાર વર્ષને અંતે નિશ્ચિત અભ્યાસક્રમ પૂરો કરવાનું રહેશે; છતાં વર્ષે-વર્ષે થતી પરીક્ષાની ઉપાધિ, દોડધામ અને વખતના વ્યયમાંથી શિક્ષકો તથા વિદ્યાર્થીઓ બન્ને બચશે. આપણે તેને ચાર વર્ષનો અભ્યાસક્રમ સોંપીએ ને ચાર વર્ષે પરિણામ માગીએ. પરીક્ષાનું ધોરણ તેના ઉપર છોડીએ. જવાબદારી પોતાની હોવાથી પોતે પોતાનું કામ કેવું થયું છે તે જોવા માટે કાળજી રાખશે, ને પોતાને ગમતી રીતે પરીક્ષણ કરશે. પોતાની પાસે જ ચાર વર્ષ બાળક રહેવાનું છે એટલે તેની શક્તિ-અશક્તિનો પૂરો ખ્યાલ આવે છે. તેને કેટલું આવડે છે કેટલું નથી આવડતું, તેની તેને હંમેશની જાણ હોય છે. તે હંમેશનો પરીક્ષક જ છે. તે દરેક વર્ષે નવાં બાળકોના પરિચયમાં નથી આવતો કે જેના વિષે તેને કશી ખબર નથી; તેમ દરેક વર્ષને અંતે તેને ગાડી આગળ ધકેલવાની નથી. તેની પાસે વખત લાંબો છે. આથી ધીમે

કે ઉતાવળે પગલે તે ચાલવા છૂટો છે; ને નબળા-સબળાને ચાર વર્ષની આખરે અભ્યાસ કરાવી શકે તેવું બનવા જોગ છે. પરીક્ષાની ચિંતા વગેરેમાંથી બચી તે કામ કરશે એટલે તેને લાભ જ મળશે. એક શિક્ષક-પદ્ધતિમાં આજની પરીક્ષા નીકળી જવી જોઈશે.

વળી એક જ શિક્ષક સામે નિશ્ચિત અભ્યાસક્રમ હોવાથી તે ભણતરને વધારે સંગીન, સહેલું અને વધારે સાર્થ કરી શકશે. અત્યારે વર્ષ આખરે ગાડી બદલાતાં જૂનું જ્ઞાન નીચલા વર્ગમાં રહે છે અને નવું જ્ઞાન અદ્ધરથી ચાલે છે. શિક્ષકો બદલાય, પાઠ્યપુસ્તકો નતનવાં થાય, એટલે અનુસંધાન તૂટી જાય છે. તેને બદલે આ એક જ શિક્ષકના હાથમાં શિક્ષણમાં સાતત્ય સચવાશે. દાખલા તરીકે તેને આખરે હિંદની ભૂગોળ પૂરી કરાવવી છે. તે પોતે મનગમતી રીતે ને છોકરાંને ધ્યાનમાં રાખી ચાર ધોરણમાં અભ્યાસ વહેંચી નાખશે. અભ્યાસ ક્યાંથી ઉપાડવો તે પોતે નક્કી કરશે; આજના અભ્યાસને કાલની સાથે સાંધશે, ને એમ ચારે વર્ષના અભ્યાસને જેમ વિષય પોતે સંકળાયેલો છે તેમ સાંકળશે. છોકરાંઓને પણ સળંગ વિષયનો પરિચય થતાં આનંદ થશે. આજનો અભ્યાસ એક ખાડીમાંથી બીજીમાં ભૂસકો મારવાનો છે તેને બદલે સળંગ રસ્તા પર દોડયા જવાનો થશે. સાથે અભ્યાસ સહેલો થશે કેમ કે રસ વધારે જળવાશે.

વળી એક જ શિક્ષક અભ્યાસક્રમને પૂરો કરતાં ઘણું જાણશે. અભ્યાસક્રમ ખરેખર હળવો છે કે નહિ, તે લાંબા વખતના સળંગ શિક્ષણથી ખબર પડે. આખરે પૂરું કરતાં ખરેખર મુશ્કેલી શી છે તે એક જ શિક્ષક જાણી શકે. તેને ખબર પડી શકે કે અભ્યાસક્રમમાં

નકામા વિષયો કયા પડયા છે, કેમ કે બધાં વર્ષો સુધી તેને તે પરાણે જ ભણાવવા પડયા છે. તે જાણી શકશે કે પૂરો વખત એકધારૂં શિક્ષણ આપવા છતાં અભ્યાસક્રમ પૂરો થતો નથી માટે તે વધારે પડતો છે. દરેક ધોરણવાળો આજનો શિક્ષક અભ્યાસક્રમ અઘરો છે એમ કહે છે, પણ આખો અભ્યાસક્રમ સંધાડતા ખબર પડશે કે ખોટા ભાગલાને લીધે તે અઘરો હતો તે એકંદર અઘરો હતો કે વધારે પડતા વિષયોને લીધે અઘરો હતો.

પાઠ્યપુસ્તકોના ગુણદોષોને બરાબર સમજી શકવાનું 'એક શિક્ષક માટે શકય છે. બાર માસ માટે ભણાવી દેનારે ગમે તેમ કરી ધોરણે-ધોરણે બદલાતાં પાઠ્યપુસ્તકનો અને ભણાવનારનો મેળ બેસાડવો જ રહ્યો. વચ્ચેથી ચાલનાર કહી ન શકે કે આગલો-પાછલો રસ્તો બરાબર છે કે નહિ. તેને તો સંધાણ ગોઠવી દેવાનું રહ્યું. પણ પહેલેથી સાથે ચાલનારને બરાબર ખબર પડશે કે પાઠ્યપુસ્તકો ક્રમિક છે કે નહિ. તે તુરંત જ જાણશે કે બાળપોથી કરતાં એકાએક અઘરી બીજી ચોપડી છે, ને ત્રીજી ને ચોથી નામની જુદી છે છતાં દરજ્જો સરખો જ છે; કેમ કે તેની પાસે તુલના માટે અનુભવ છે. તેને અભ્યાસક્રમનાં બધાં પુસ્તકોનો પરિચય કરવો પડે છે. તે પહેલેથી ઠેઠ સુધી ચાલનારો હોવાથી ઊંચા-નીચા ટેકરાને બરાબર જાણી શકે છે. અભ્યાસક્રમમાં સુધાર એક જ શિક્ષકના શિક્ષણમાંથી આવી શકે. પાઠ્યપુસ્તકમાં ફેરફાર આ પ્રયોગમાંથી શકય થઈ શકે.

વળી એક જ શિક્ષક ધારશે તો (તેને તે ધારવું પડશે.)

ને તેને અનુકૂળ લાગશે તો પાઠ્યપુસ્તકો ફેરવ્યા વિના (જો કે ફેરવવાની તો છૂટ મળવી જ જોઈએ.) પણ પાઠ્યપુસ્તકોને નવા ક્રમથી ગોઠવી શકશે, ને પોતાના ક્રમથી બાળકો પાસે લઈ જશે. નીચલા ધોરણની કેટલીએક વાતો જે બાળકને નહિ સમજાય તેવી હશે તે તત્કાલિક ભણાવવી છોડી દેશે ને ઉપલા ધોરણ માટે રાખશે; આખો અભ્યાસક્રમ પોતાના હાથમાં હોય તો જ આવું બની શકે.

ચાર વર્ષે પરિણામ માગવાની રીત હોવાથી 'એક શિક્ષક'ને શિક્ષણની રીતિઓ સુધારવાની ઘણી તક મળશે. જુદા-જુદા વિષયો કેમ ભણાવવા તેનો આજે તો વિચાર કરવાની કોઈને નવરાશ કે ગરજ નથી, કારણ કે વર્ષ આખરે પૂરું કરવું છે. પણ જેની સામે લાંબો સમય છે તે વિચાર કરે કે ''સારી રીત શોધું તો વખત બચે, શ્રમ બચે અને મને અને શીખનારને મજા આવે.'' લાંબો વખત હોય તો જ આવું મન થાય. લાંબો વખત હોય તો જ કંઈક પ્રયોગ કરી નિર્ણય પર આવી શકાય. લાંબો વખત હોય તો જ ભૂલો થાય અને તે સુધારવાને તક મળે. લાંબો વખત હોય તો જ હિંમત અને શ્રદ્ધા રહે. આજે ધોરણવારીમાં તો આવું બની શકે જ નહિ, કારણ કે 'ચડખાઉ' જેવું આજે છે.

વળી 'એક શિક્ષક' જો શિક્ષણપદ્ધતિમાં અને વિદ્યાર્થીઓના માનસ પ્રમાણે પ્રયત્ન કરવા તરફ વળે તો પદ્ધતિમાં સુધારો થાય અને તેમાં વધારો પણ થતો ચાલે. પ્રતિભાશાળી એક શિક્ષકને રોજ નવું કરવાનું અને વિચારવાનું રહેવાથી તેનામાં તાજગી રહે. તેની ક્રિયાશક્તિ અને સર્જનાત્મક શક્તિને ખોરાક મળતાં ને પોતે

તંદુરસ્ત અને બળવાન થતો જાય, તેને પોતાના કામનો આનંદ અને સંતોષ મળે. એની એ ઘરેડ માણસને-ગમે તેવા શ્રદ્ધાવાળા માણસને પણ મોળો પાડી દે છે. એક જ શિક્ષક પોતે બાળ ધોરણથી ચાર ધોરણો સુધી આવશે તો ત્યાં સુધીમાં નવો માણસ થશે; તેને કેટલાયે વિચારો અને અભ્યાસ કરવા પડયા હશે. તેના જ્ઞાન અને શક્તિમાં કેટલોયે વધારો થયો હશે. તેના પોતાનામાં કેટલીય શ્રદ્ધા આવી હશે. ચાર વર્ષે નવું ને નવું કર્યું ને જોયું, એ એક જ બાબત માણસને ઘડવા માટે ઘણો જબ્બર પ્રસંગ છે. દરેક વર્ષે નવું ને નવું જાણવાનું મળતું હોવાથી એના એ વિદ્યાર્થીઓથી તે કંટાળશે નહિ. પણ એક બાગવાન પોતાના નાના છોડને દિન-પ્રતિદિન વધતો જોઈને જેમ આનંદિત રહેતો જશે, એમ એના એ વિદ્યાર્થીઓને જોઈને એક જ શિક્ષકનું થશે. તે હંમેશ પોતાની વર્ગવાડીમાં આવશે. બાળકો તેનાં પરિચિત છે. બન્ને એક-બીજાના સ્વભાવો જાણે છે, તેઓ બંને જાણે છે કે પોતે પરસ્પરના વિકાસક છે; તેથી તેઓ મિત્ર છે. તેઓ ભેગા થતાં જ આગળ વધવા માંડશે. માણસ એના એ હોવાથી નવીનતા ઘટતી નથી. રોજનું નવું નિહાળવાનું, આગળ વધવાનું પડયું છે ત્યાં સુધી કદી પણ મંદતા કે સાતત્યકટુતા (**Monotony**) નથી લાગવાની..

વિદ્યાર્થીઓના સ્વભાવ અને શક્તિ વગેરેથી જાણીતો થયેલો એક જ શિક્ષક સમભાવી થઈ શકશે; તે નબળાને સાચવી લેશે. બળવાનને ઊડવા દેશે; તે સૌને વિકસવા ભૂમિકા આપશે, કેમ કે તેના અનુભવમાંથી ઊતરશે કે દરેક બાળક શક્તિ વગેરેમાં

એકબીજાથી જૂદું છે, પોતાને વેગે જ જઈ શકે છે. તેમને એક લાકડીએ હાંકવા વ્યર્થ છે. શક્તિ અનુસાર વિકસવા દેવાથી તેને અને શિક્ષકને સુખ છે. ને આખરે કાચબો પણ સ્થાને પહોંચે છે તેમ નબળા પણ પહોંચશે. બાળકોનાં બળાબળો તેને વારંવાર જાણવાં પડયાં છે તેથી તે તેમના તરફ ઉદારતાથી જોશે. તેમના લાંબા પરિચયથી તે વઢવાને બદલે હસીને આગળ ચાલશે. દોષ સુધારશે પણ ખિજાશે નહિ. ન્યાય કરશે પણ શિક્ષા નહિ કરે.

એક જ શિક્ષકને પોતાનું કામ ગમી જશે. માણસ પ્રથમ એકાદ રસિક પ્રવૃત્તિ માગે છે. શિક્ષક કંટાળે છે; કેમ કે તેને હજુ પોતાનાં બાળકો અને શિક્ષણમાં રસ પડયો જ નથી; કારણ કે 'તેને શું ?' તેવું અત્યાર સુધી રહ્યું છે. તેનું કામ માત્ર વૈતરાનું-અહીંથી બોજો ઉપાડીને ત્યાં મૂકી દેવાનું રહ્યું છે. આ બાર માસનું વૈતરું. પણ જ્યારે એક જ શિક્ષકને એક કામ ચાર વર્ષ માટે સોંપ્યું ત્યારે તેને તે પોતાનું કરશે, ને તેમ થશે જ. તેને તેનો પ્રેમ થશે. તે શિક્ષણ અને બાળકોના સ્નેહસંબંધમાં પડશે તેથી સુખી થશે. રસની પ્રવૃત્તિ એ સુખ છે; ને સુખી થશે એટલે પ્રાણવાન થશે, ને તેથી તે તેજસ્વી થશે. તે માત્ર મહેતાજી નહિ રહે; તે શાસ્ત્ર વિષે અનુભવથી બોલશે. તે નિરાશાના ઉદ્ગારોને બદલે આમ થવું જોઈએ એમ છાતી ઠોકીને બોલશે; તે પછી વધારે પગાર માગવાનો હક્કદાર છે તેની ખાતરી હોવાથી લડશે. પણ દરમિયાન તો તેને પગાર વધારે મળવાનો જ.

વિશ્વાસથી જેના પર જવાબદારી મૂકી છે તે કામ બગાડી શકશે નહિ; તે આળસ રાખી શકશે નહિ; તે ઊલટો ઉદ્યોગી થશે.

તે ઉદ્યોગીમાણસ દિન-પ્રતિદિન બુદ્ધિશાળી પણ થતો જાય છે. પ્રમાદીની બુદ્ધિ ઘટતી કે ઘસાતી જાય છે. જવાબદારી એ એવી અદ્‌ભુત વસ્તુ છે. બીજાનો વિશ્વાસ મળે છે ત્યારે મનુષ્યમાં નવો જીવ આવે છે, નવું ચેતન સ્ફુરે છે. આજના શિક્ષક ઉપર શ્રદ્ધા નથી તેથી નિરીક્ષણ, પરીક્ષણ, અભ્યાસક્રમની ચોકસાઈ વગેરે વગેરે ઊભાં કરવાં પડયાં છે. પણ જેના પર વિશ્વાસ કરશું તે કદી પણ તેનો દુરુપયોગ કરશે જ નહિ - નથી જ થઈ શકતો. એ સનાતન સત્યથી જો 'એક શિક્ષક'ને કામ સોંપી દઈશું, તો તે પોતાના કામ પાછળ મરી ફીટશે. તે ટ્યુશન રાખવાં ભૂલી જશે. ઘરે છોકરાં ભૂખે મરતાં હશે તો પણ તે કામ પાછળ પડ્યો હશે, કારણ કે તેનામાં આપણે મૂકેલા વિશ્વાસે તેની જીવનજ્યોતિ જગાડી છે. એકાદ માણસના ઉપર અવિશ્વાસ લાવી જુઓ; તેનો આત્મદીપ ઝાંખો પડશે કે ઓલવાઈ જશે, તે કામ કરવામાં મંદ પડશે. તેની બુદ્ધિ કુંઠિત થશે. તે હતવીર્ય થશે. જેમના પર આપણે વિશ્વાસ નથી રાખતા તેવા આજના શિક્ષકો છે. 'એક જ શિક્ષક' નવો મનુષ્ય થશે.

પણ ધારો કે એકાદ કાળું મોઢું દેખાયું, તો તે એની મેળાએ નાસી જશે, કેમ કે તેને રહેવું શકય નહિ થાય; કેમ કે તે પોતાની જાતને રાખી નહિ શકે; કેમ કે વિદ્યાર્થીઓ તેને છોડી બીજા શિક્ષક પાસે જશે; કેમ કે પોતે જ પોતાનું તેજ ખોઈ નાખશે અગર તો તે પોતાની જાતને શોધી લેશે.

ગામડામાં એક જ શિક્ષક હોય છે. પરંતુ ત્યાં તેને એકલાને એકથી વધારે વર્ગોને ભણાવવું પડે છે તેથી ત્યાં 'એકશિક્ષક-

પદ્ધતિ' નથી હોતી. એકશિક્ષણ-પદ્ધતિ આગળ કહ્યું છે તેમ પહેલેથી ચાર ધોરણ સુધી એકનો એક શિક્ષક વિદ્યાર્થીઓની સાથે જાય ને તેમને ભણાવે; ને ચાર પાંચ વર્ષનું કામ પૂરું થાય એટલે આગળ સાથે જવાનું ન રહે તો ફરીથી પાછો બાળવર્ગથી શરૂ કરે. આખી મોટી શાળાને એકશિક્ષક-પદ્ધતિમાં ફેરવી નાખી કોઈ કલ્પક અને સાહસિક કેળવણીનો વડો તેના લાભોને પ્રત્યક્ષ કરી આપી શકે.

એકાદ બે પ્રશ્નો એક શિક્ષક-પદ્ધતિમાં વિચારી લેવા પડે. એક તો એ છે કે આજના બધા શિક્ષકોમાં પહેલેથી ચાર-પાંચ ધોરણો સુધી ભણાવવાની શક્તિ નથી. આજનો બાળ-ધોરણનો શિક્ષક ચોથું ધોરણ ભણાવી નથી શકતો, કારણ કે તેની શક્તિ અલ્પ છે. તે કાચી સાત ચોપડી ભણેલો માણસ છે. તે જ્ઞાનમાં સાધારણ વાચન-લેખન જાણે છે. તેનો પગાર પણ તેને લાયકનો એટલે સાત, આઠ કે દસ રૂપિયા હોય છે. આવા શિક્ષકના હાથમાં આજે બાળ ધોરણ છે. પણ આજનો શિક્ષક આવો છે માટે જ એકશિક્ષક-પદ્ધતિ દાખલ કરી તેને કાં તો જ્ઞાનવાન અને આવડતવાળો થવાની ફરજ પાડવી જોઈએ. અગર તો તેને નાસી છૂટી બીજા કોઈ વધારે લાયક ધંધામાં જવાની તક આપવી જોઈએ. શિક્ષકની અશક્તિ એ કાંઈ થોડીક જ દલીલ હોઈ શકે ? ખરી રીતે નીચલા ધોરણોમાં વધારેમાં વધારે હુશિયાર શિક્ષક જોઈએ. એકશિક્ષક પદ્ધતિમાં તેટલો ઊંચો લાભ નહિ થાય, તો પણ અત્યારનો શિક્ષક તો ખસી જ જશે.

બીજી મુશ્કેલી. એક જ શિક્ષકને સોંપેલો વર્ગ કદાચ

પાતળો પડે અથવા વચ્ચેથી વિદ્યાર્થીઓ આવે તો કેમ કરવું? જવાબ એમ છે કે વર્ગ પાતળો પડે તો કદાચ આર્થિક દષ્ટિએ એમ લાગે કે થોડા વિદ્યાર્થીઓ ઉપર આખા શિક્ષકનો ખર્ચ ચડે છે; પરંતુ તે હિસાબ ખોટો છે. ઘણા વિદ્યાર્થી માટે શિક્ષક હોય તે કરતાં સારા શિક્ષણ માટે શિક્ષક હોવો જોઈએ. વળી આજના વર્ગો સ્વત; જ એટલા મોટા છે કે તેથી અર્ધી સંખ્યાએ જઈશું ત્યારે તો ભણાવવાનું કામ કંઈક શક્ય થશે. આજે તો વિદ્યાર્થીઓને ભણાવવા કરતાં સાચવવાનું કામ ચાલે છે. પાતળી સંખ્યામાં જ શિક્ષક સારું કામ કરી શકવાનો છે. ત્યારે જ તે વિદ્યાર્થી તરફ કંઈક વ્યક્તિગત ધ્યાન આપી શકશે. એટલે જો વર્ગ પાંખો થશે તો જરૂર એની મેળે જોઈતો સુધારો થઈ રહેશે. બીજી મુશ્કેલીઓ આવતા વિદ્યાર્થીઓની છે. નવા વિદ્યાર્થીઓ ‘એક શિક્ષક’ના ચાલુ વર્ગમાં દાખલ ન કરવા જોઈએ; ત્યાં તેઓ બરાબર બંધ બેસતા ન થાય. અભ્યાસમાં તેમ જ શિક્ષણપદ્ધતિમાં તેઓ ચાલુ વિદ્યાર્થીઓથી જુદા પડવાના. તેમને કદાચ સાથે મૂકીએ તો પણ ‘લાંબા વાંસે ટૂંકો જાય, મરે નહિ તો માંદો થાય.’ એ રીતે હેરાન જ થાય. તે રીતે હેરાન જ થાય. તે માટે જુદી યોજના છે. દરેક ઉક્ત અખતરો કરનારી શાળા એક પરચૂરણ વિભાગ રાખે. તેમાં નવા આવનારને ગોઠવે. બેશક તે માટે થોડાએક વધારે શિક્ષકો રાખવા પડે; પરંતુ જો એકશિક્ષકથી ખરેખર કેળવણી વિષયક લાભ જ થાય છે એની ખાતરી થાય તો આ ખર્ચ

ભારે પડવાનો નથી. કારણ કે આપણી સામે ખર્ચનો પ્રશ્ન હોય તેના કરતાં કરેલો ખર્ચ ઊગી નીકળવાનો પ્રશ્ન વધારે અગત્યનો હોવો જોઈએ. અને આજનો ખર્ચ ઊગી નીકળતો ન હોય, અગર બહુ ઓછા પ્રમાણમાં ઊગી નીકળતો હોય તો નવી પદ્ધતિ માટે થતો સફળ ખર્ચ ભારે ન જ ગણાય.

છેલ્લે એક વાત લખવી રહે છે. જેઓ 'એક શિક્ષક' તરીકે કામ કરે તેમને સ્વાતંત્ર્ય હોવું જોઈએ. તેમની સાથે તેમને દિશા બતાવનાર, પ્રેરનાર, સહાનુભૂતિથી જોનાર અને સહાયક માણસો જોઈએ. પરીક્ષકોનો સ્ટાફ ઘટાડી આવા સહાયક નિરીક્ષકો રાખવામાં આવે તો દરેક શિક્ષકને ઉપયોગી જાય, ને તેઓ પોતાનું કામ સારી રીતે પાર પાડી શકે.

❖ ❖ ❖

## ગામડામાં શિક્ષક

ગામડાની શાળાઓમાં ઘણી વાર એક જ શિક્ષક હોય છે. વખતે આસિસ્ટન્ટ હોય છે ને વખતે નથી હોતો.

શિક્ષક એક હોય છે પણ વર્ગ એક નથી હોતો. એક શિક્ષકને આખી શાળા ભણાવવાની હોય છે; અને આખી શાળા એટલે એકડિયાથી કે સાત અગર પાંચ ધોરણો સુધીનું ભણતર.

આવી સ્થિતિ હોવાથી ગામડામાં જઈને શિક્ષક થવું બહુ આકરું છે. જો શિક્ષકને દમ મારીને કે વખતે ઠોંઠ ટાપલી કરીને વ્યવસ્થા રાખવાનો અધિકાર ન હોત, જો ગામના માણસોને ભણાવવામાં બિલકુલ શ્રદ્ધા ન હોત, જો ઊલટાં માબાપો કહી જતાં ન હોય તે "માસ્તર સાહેબ, આને જરા પુષ્પાંજલિ કરજો પણ ભણાવજો." તેમજ જ જો શિક્ષક પાસે ગોખાવીને ભણાવવાની પરંપરાની રીત ન હોત, તે એ રીતે ભણાવ્યા પ્રમાણે પરીક્ષા ન થતી હોત, તો શિક્ષકને ગામડાની શાળામાંથી જીવ લઈને નાસવું પડત.

પણ આ રીતે ચલાવવી પડતી શાળા અને તેમાં થતું શિક્ષણ એને આપણે શિક્ષણ ન કહીએ. ત્યાં વિદ્યાર્થીઓ લખતાં-વાંચતા શીખે, દાખલા શીખે, ઈતિહાસની સાલવારી મોઢે જાણે ને બહુ તો નકશામાં નદીઓના લીંટા અને પર્વતોનાં ચિત્રો બતાવે. દેશની મોટી વસ્તી ગામડામાં રહે અને ગામડાનું શિક્ષણ એટલે આવું, એનો અર્થ શિક્ષણનું મૃત્યુ-જીવનનું મૃત્યુ-દેશનું મૃત્યુ !

આ બધા મૃત્યુમાં એક રીતે જોઈએ તો શિક્ષકનું મૃત્યુ અને બીજી રીતે જોઈએ તો શિક્ષકને મજા. જૂની ઘરેડ પ્રમાણે

છોકરાઓને મારી-કૂટીને તૈયાર કરવા ને પરીક્ષામાં સફળ નીવડયા એટલે જીત્યા, એ વાત વિચારવંત શિક્ષકને તો મર્મના ઘા જેવી લાગે. જે શિક્ષક શિક્ષણમાં, જીવનમાં, વિકાસમાં, દેશમાં સમજતો હોય તેને તો થાય કે આજની સ્થિતિ કરતાં બીજી કોઈ સ્થિતિ છે ખરી, કે જે આપણે અખત્યાર કરીએ ?

શિક્ષક પોતાની મેળે પગાર વધારી શકતો નથી; તેજસ્વી શિક્ષકને હવે તો આડકતરી રીતે છાણાં, દૂધ, શાક, વગેરેની કમાણી કરવી ગમતી નથી. આદર્શવાળા શિક્ષકને શિક્ષણપદ્ધતિ સુધારવી ગમે છે. પ્રાણવાન શિક્ષકને થાય છે કે આ ધંધો છોડી દઈને કંઈ બીજું લઈએ તો ઠીક.

સારો શિક્ષક જીવવાને માટે શરૂઆતમાં ઉધામા કરે છે; ધીરે ધીરે તે જીવન ગુમાવતો જાય છે. આખરે તે પણ જૂની કબરોનો રહેવાસી થાય છે.

ત્યારે હવે શું કરવું ? મુશ્કેલીઓ ઘણી અને ઉપાય એકેય નહિ. છતાં શિક્ષક-સારો શિક્ષક પોતાને માટે અને વિદ્યાર્થીઓને માટે કંઈક કરી શકે.

પ્રાણપોષણ માટે પ્રાણભર્યું વાતાવરણ જોઈએ. ગામડામાં શિક્ષક હિજરાય છે. સ્થિતિ વધારે તપાસે તો ગૂંગળાય છે. પણ તેણે જાણવું જોઈએ કે જીવન એ પોતાનો પ્રશ્ન છે. જીવનનો ૯૯ ટકા ભાગ આપણો પોતાનો છે; એક ટકો બહારના જગતના હાથમાં છે. આપણે જ્યારે બહિર્જીવી થઈએ છીએ ત્યારે આપણને આ ૧ ટકો ૧૦૧ ટકા જેટલો લાગે છે ! આપણે આપણા ૯૯ ટકાને સંભાળીએ.

ગામડાનો શિક્ષક પોતાની આસપાસનાં કુદરતી બળોનો લાભ લે. તે પોતાના શરીરને સુંદર અને જાતને દીર્ઘાયુ કરવા માટે ગામડાની આબોહવાને સદા ધ્યાનમાં રાખે. આસપાસ પડેલ વિના મૂલ્યના પદાર્થો-હવા, પ્રકાશ, જગાની છૂટ, નિસર્ગ વગેરેને પોતાના મિત્રો, જીવનદાતા કરી મૂકે.

પૈસા તો તેની પાસે થોડા છે; તેની ગરીબી સખત છે. આ સ્થિતિ લાંબો વખત ચાલી નહિ શકે; અથવા શિક્ષણનું કાર્ય જતે દહાડે ઊથલી પડશે. પણ શિક્ષક શહેરી જીવનની પોકળ સમૃદ્ધિનો મોહ ન કરે. જીવવું જોઈએ, તંદુરસ્ત જીવવું જોઈએ. વિકાસ કરતાં-કરતાં જીવવું જોઈએ અને તેની સાચી સરત તો સાદાઈ છે. સાદાઈ એટલે બોજા રૂપ, ક્ષણિક, દેખાદેખીનાં, માત્ર ઉત્તેજન રૂપ એવાં સુખોનો ત્યાગ અને મન અને શરીરને સ્વસ્થ અને શાંત રાખે તેનો સ્વીકાર.

શિક્ષક માટે બીજી વાત પોતાની શાળાને બને તેટલી સુંદર કરવી. દેહ આપણો પોતાનો છે; તેની અવગણના નથી કરાતી. શાળા આપણા માનસિક જીવનનો દેહ છે. શાળા ગરીબ હોય કે પૈસાદાર, નાની હોય કે મોટી, પણ તે આપણી છે. આ મમતા આપણામાં જોઈશે જ. અને એને લીધે આપણે શાળામાં રચ્યાપચ્યા રહેતાં શીખીશું. કોઈ વસ્તુમાં મન લાગશે એટલે તે પથ્થર મટી પ્રભુ થશે જ થશે. તે શાળા શ્રમસ્થાન મટી તપોભુવન થશે; તે શાળા નિશાળ મટી શિક્ષણ પ્રયોગ ભૂમિ થશે. ત્યાં શિક્ષણસાહિત્યો માટે સચિંત બેસવું નહિ પડે. પણ ત્યાંથી જ શિક્ષણસાહિત્ય ઊભાં થશે.

શિક્ષકે આટલા બધા છોકરાને ચાર-પાંચ વર્ગમાં કેમ ભણાવવા એની ખોજ કરવી પડશે. હવે તે જૂની રીતને છોડી દે તો જ તેનો અસંતોષ ટળશે. શિક્ષક પોતાને જૂનો પંતુજી ન ઇચ્છે. નવી શિક્ષણપદ્ધતિને હાથ કરવા માંડે. નવું જ્ઞાન મેળવવું અને તેનો ઉપયોગ કરવો એ એક કમાણી છે. એ કમાણીની બીજી કમાણી થઈ રહે છે; ને કદાચ નથી તો માણસને મનમાં દુઃખ નથી થવાનું. તેનું સુખ જ્ઞાનસાધનમાં છે, જ્ઞાનદાનમાં છે.

શિક્ષણ સારી શિક્ષણપદ્ધતિ કેળવી શિક્ષણપદ્ધતિમાં સુધારા વધારા બતાવે; તેની શોધોને લીધે શિક્ષણખાતાના અર્થવિભાગને લાભ થઈ શકે. પણ સારા સુધારા કરનારને ભૂખેતરસે મરવું પડે એમ બનવા લાગે ત્યારે સુધારા કરવાનું બંધ કરવાને બદલે શાળાઓ કેમ બંધ પડે તેની શોધ કરવી.

શાળાઓ ચલાવવી અને બંધ કરવી બન્ને શિક્ષકના હાથમાં છેં. ગામડાને સાક્ષર કરવું કે નિરક્ષર તે તેના હાથમાં છે. ખરાબ શાળાના ચાલક રહી સૌને તે બગાડી શકે છે; ને તેવી શાળાનો ત્યાગ કરી શાળાની સ્થિતિની ફજેતી પણ કરી શકે છે.

આજે તો ગામડાના શિક્ષકની અનેક મુશ્કેલીઓ છે; પણ જેણે પોતે પોતાનો વિચાર નથી કર્યો, જેણે પોતાની શક્તિનો પ્રકાશ ચોમેર ફેંક્યો નથી, તેનો ભાવ કોઈ પૂછવાનું નથી. ગામડાના શિક્ષકો ધારે તો ઘણું કરી શકે તે વિષે વધારે વિગતથી વળી કોઈ વાર જોઈશું.

❑

# શિક્ષકની તંદુરસ્તી

## યાદ રાખો

યાદ રાખો, તમે દેશની મિલ્કત છો. જેટલું રક્ષણ દેશે તમારી શારીરિક અને માનસિક તંદુરસ્તીનું કરવું જોઈએ તેટલું જ રક્ષણ તમારે પોતે કરવું જોઈએ. આ તમારો આત્મધર્મ છે.

આર્થિક સ્થિતિ સારી હો કે ન હો, પરંતુ શરીરને નિરોગી રાખવાનું અને મનને સ્વચ્છ રાખવાનું કર્તવ્ય તમે ન ચૂકતા.

વ્યસનોથી મુક્ત શરીર પ્રથમ દરજ્જે નિરોગી છે. હલકી વૃત્તિ અને ગલીચ વિચારોથી મુકત મન તંદુરસ્ત છે.

ભૂખે મરવા છતાં શરીરની આ વૃત્તિ, અને ગમે તેવી માનસિક આપત્તિમાં મનની આ સ્થિતિ, અવશ્ય રાખજો.

❖ ❖ ❖

## શિક્ષકની તંદુરસ્તી

શિક્ષક શાળાનો આધારસ્થંભ છે. એ આધારસ્થંભ ઉપર શાળાના નાવની સ્થિતિગતિ અને મજબૂતી છે. જેટલો આધારસ્થંભ બળવાન અને તંદુરસ્ત તેટલી શાળાની સ્થિતિ સહેજે તંદુરસ્ત રહેશે.

એક તંદુરસ્ત સુદઢ બાંધાનો શિક્ષક ચેતનનું સ્વયં વાતાવરણ છે. મનથી વૃદ્ધ અને માંદો શિક્ષક નિરુત્સાહ અને થાક અને માંદગીનું વાતાવરણ છે. શાળાઓ જૂઓ અને આ સત્યની ખાતરી કરો.

શરીર અને મનની તંદુરસ્તી ઉપાસના માગે છે. અન્નસમા પ્રાણ છે એ વાત ખરી છે; અને જે શિક્ષકને પેટપૂરતું અન્ન નથી મળતું તે શિક્ષક શારીરિક અને માનસિક તંદુરસ્તી ન સાચવી શકે તે તેનો દોષ નથી. છતાં બે વખત ધરાઈને અન્ન ખાનાર શિક્ષક શરીરની સ્વસ્થતા, શરીરનું નિરોગીપણું, તેની સુદઢતા સાચવી શકતો ન હોય તો તેને માટે તે પોતે જ જવાબદાર છે.

તમાકુ ખાવી, બીડી પીવી, વારંવાર ચા પીવી અને બીજાં વ્યસનો સેવવાં તે ગરીબીની નિશાની નથી પણ કુટેવનું પરિણામ છે. ઓછા પગારવાળો શિક્ષક એમ કેમ કહી શકે કે આ કુટેવો ઓછા પગારને લીધે છે ? તે તો ઊલટો વ્યસનોનો ત્યાગ કરી શરીર અને ધન બન્ને બચાવે.

શરીરને સ્વચ્છ રાખવું અર્થાત્ વાળ, ચામડી, નખ, વગેર ધોઈને ચોખ્ખાં રાખવાં તેમ જ કપડાંને પણ ધોઈને ઊજળાં

રાખવાં તેમાં પૈસાની જરૂર છે તેના કરતાં સહેજ ઉદ્યોગની જરૂર છે. આળસમાં બેસી રહેનાર શિક્ષક, ચોરે અથવા ડાયરામાં વખત ગુમાવનાર શિક્ષક, નકામાં છાપાં વાંચનાર શિક્ષક, સાથી શિક્ષકો સાથે બેસી શિક્ષકોની અને ખાતાની કુથલી કરનાર શિક્ષક, પોતાનો વખત ગુમાવીને ગંદો અને અતંદુરસ્ત રહેવાની ભયંકર શક્તિ કેળવે છે, અને તેમ કરી મહા પાપ કરે છે !

શિક્ષક, અને ખાસ કરીને ગામડાનો શિક્ષક, સ્વચ્છ હવા માટે બહાર જઈ શકે છે. શાળામાં અગર ઘર પાસે નાનો એવો બાગ કરી વ્યાયામ કરી શકે છે. શહેરનો શિક્ષક સવારમાં ઊઠી પાંચ દંડબેઠક અથવા સૂર્યનમસ્કાર કરી શકે છે. જેને પોતાની તંદુરસ્તી વિષે કાળજી છે તે અવશ્ય આટલું કરે છે. પરંતુ જેને જાતે માંદા રહેવું છે, કુટુંબને પીડામાં ઉતારવું છે અને વિદ્યાર્થીઓનું અહિત ઉપજાવવું છે, તેની ગતિ જુદી છે.

ખુરશીમાં બેસી ટેબલ ઉપર લાંબા પગ રાખી પડયા રહેનાર શિક્ષક અથવા ગાદીતકીયે બેઠા બેઠા કામ કરનાર શિક્ષક પોતાની તંદુરસ્તી સાથે વિદ્યાર્થીઓના અવલોકનને ચૂકે છે. ફરવા જવાને જરા પણ અવકાશ ન હોય તેવો શિક્ષક વિદ્યાર્થીઓને કામ કરતા તપાસવા માટે ફરતો રહી વર્ગમાં જ બે માઈલ જેટલું ચાલી શકે છે.

ટટ્ટાર બેઠક અને લાંબો શ્વાસો એ તંદુરસ્તીની ચાવી છે. એક પણ પાઈ ખરચ્યા વિના શિક્ષક આ કરી શકે છે.

અન્નથી શરીર પોષાય છે, પણ કેવળ અન્નથી જ શરીર

પોષાતું હોય તો ભાતભાતનાં મીઠાં પકવાનો ખાનાર શ્રીમંતો ભારે તંદુરસ્ત માલૂમ પડયા હોત. દુઃખદ ગરીબાઈ કે મનુષ્ય કે શિક્ષકનો આદર્શ ન હોય, પરંતુ સંતોષીવૃત્તિ એ સુખી જીવનનું પરમ રહસ્ય હોવું જોઈએ.

આપણે દુઃખી હોઈએ તેના કરતાં દુઃખી છીએ એવી કલ્પના આપણને વધારે પીડે છે. માટે ઉદ્યોગથી મળતો રોટલો શિક્ષકે સંતોષપૂર્વક ખાઈને સાચી તંદુરસ્તીનો આગ્રહ રાખવો જોઈએ.

ખાતાના મોટાઓ નીચલા શિક્ષકોમાં અને શહેરના શિક્ષકો ગામડાના શિક્ષકોમાં ખોટા ખરચનો, વરણાગિયાપણાનો મોહ ઉત્પન્ન કરે છે, અને તંદુરસ્તીના વિઘાતક માર્ગે તેમને ઉપાડે છે. તંદુરસ્તી ખોવાનો એક પણ મોહ યા શોખ ડાહ્યો શિક્ષક ન કરે. શોખ કરીને ઘસાઈને વહેલો મરી જનાર શિક્ષક પોતાનો અને દુનિયાનો દ્રોહી છે, જ્યારે સંયમિત જીવન ગાળી લાંબું આયુષ્ય ભોગવી શિક્ષણકાર્ય ચલાવનાર શિક્ષક દુનિયાનો સાચો સેવક છે.

શરીરની તંદુરસ્તીનાં સાધનો અને શરીરના યોગ્ય આરામનાં સાધનો શિક્ષકને જગતે આપવાં પડશે જ, અને દુનિયાની સારી સંપત્તિનો ભોક્તા શિક્ષક થશે જ. તેને માટ શિક્ષક નહિ લડે તો પણ બીજાઓ લડશે જ. આટલી શ્રદ્ધા રાખી શિક્ષક હમણાં તો પોતાની તંદુરસ્તી સાચવી શાળામાં કામ કરે.

એકલી શરીરની તંદુરસ્તી શિક્ષકને જડ બનાવે છે; આખરે પડીને ભાંગી જનાર સ્થૂળ ઈમારત બનાવે છે. સશક્ત શરીરને નિર્મળ મનથી બમણું સશક્ત, સુંદર અને સુગંધી બનાવવા માટે મનનું આરોગ્ય અતિ મહત્ત્વની વસ્તુ છે.

આજની દુનિયામાં જ્ઞાનતંતુઓની નબળાઈ હરેક મનુષ્યને નિર્બળ બનાવી રહેલ છે; નિરુત્સાહી અને નિરાશ બનાવી રહેલ છે. આ જ્ઞાનતંતુઓની નબળાઈ દૂર કરવા માટે શિક્ષકે કેટલીયે વસ્તુઓનો ત્યાગ કરવો જોઈએ.

તેણે નિંદા રૂપી રોગોમાંથી તો વહેલી તકે નીકળી જવું જોઈએ. બીજાની અદેખાઈ અને તેમાંથી આવતી નિંદા આજે મનુષ્યજાતિનું ભક્ષણ કરી રહી છે. શિક્ષક પોતાની યોગ્યતા નિંદાથી નહિ પણ કામથી સિદ્ધ કરે. બીજાની સાથેની સ્પર્ધાથી નહિ, પરંતુ યોગ્યતાના વધારાથી તે આગળ વધે. નિંદા બંધાણ છે અને તેમાં મજા આવે છે; પણ તે વિનાશક છે. માટે બીજાઓની ખામીઓ જોવાને બદલે બીજાના સદ્ગુણો જુઓ. હરેક વ્યક્તિમાં સારું-નરસું બંને છે. તેમાંથી સારું જોનાર સારો થાય છે અને નઠારું જોનાર નઠારો થાય છે. આજે તે શિક્ષકવર્ગ બીજા શિક્ષકનું નઠારું જુએ છે, તેનું ખોદે છે અને તેમાં રાચે છે.

નિંદાથી જ્ઞાનતંતુઓ ઉશ્કેરાય છે તેમ જ તે ક્ષીણ અને સોગિયા બને છે; અને તેનો પડઘો માનસિક તંદુરસ્તી ઉપર પડે છે.

જ્ઞાનતંતુઓની નબળાઈ લાવવામાં ક્રોધ ભયંકર શક્તિ છે. વારંવાર વર્ગમાં ખિજાનારો, ચિડાનારો અને ગુસ્સો કરનારો શિક્ષક પોતાના જ્ઞાનતંતુઓને લગભગ ભાંગી નાખે છે. તેનું આખું શરીર ગરમ થાય છે અને ક્રોધ નરમ પડયા પછી મંદ અને દુર્બળ બને છે. દારૂ કરતાં પણ ક્રોધની અસર ભયંકર છે.

વિદ્યાર્થીને ન આવડવાનું કારણ શોધનાર શિક્ષક; ગુન્હો કરનાર વિદ્યાર્થી દયાપાત્ર ને શિક્ષણપાત્ર છે પણ ક્રોધ અને શિક્ષાપાત્ર નથી. એમ વિવેકથી વિચારનાર શિક્ષક માનસિક તંદુરસ્તી જાળવે છે અને આયુષ્યને લંબાવે છે. ક્રોધને વશ થનાર શિક્ષક પોતાના હાથમાં રહી શકતો નથી; તેની સ્થિતિ લગામ વિનાના ઘોડા જેવી બને છે; અને ગાડી ભાંગીને ભૂકો થાય છે તેમ તે પોતાની શક્તિનો ભૂકો કરે છે.

જ્ઞાનતંતુઓની નબળાઈ આણનાર બીજી વસ્તુ ખોટી ચિંતા અને ભય છે. કામની ખોટી ચિંતા રાખનાર, ખાતા આગળ સારો દેખાવની ખોટી ચિંતા રાખનાર, ઉપરી અધિકારીઓથી વિના કારણ ભય સેવનાર, પરીક્ષાની ચિંતાઓ રાખનાર, દસ વર્ષ પછી દીકરા-દીકરીને પરણાવવાની બાબત વિષે ચિંતા રાખનાર, આવતે ચોમાસે વરસાદ પડશે તો વખતે મકાન પડી જશે તેની ચિંતા રાખનાર શિક્ષક ચિંતાથી નાહકનો દૂબળો થાય છે. કામ કરવાની જરૂર છે, બેપરવા રહી શકાય નહિ, ચીવટ અગત્યની છે; પણ વિના ચિંતા ચિતા સમાન છે. માટે શિક્ષકે ચિંતા રાખવાને બદલે અહોર્નિશ કર્તવ્ય કરવું અને બાકીનું ઈશ્વર પર છોડવું. પ્રારબ્ધને માનવું નહિં; નસીબ કરશે તે ખરું તે વિચાર ખોટો છે. પણ સતત કામ કર્યા પછી જે પરિણામ આવે તે માટે ઈશ્વરપરાયણ રહેવું અને ઈશ્વરમાંથી બળ મેળવી આગળ વધવું. સઘળી ચિંતા હરીને સોંપી જે પોતાનું કર્તવ્ય કરે છે, તે જ સાચો શિક્ષક છે. પુરાણ કાળમાં લોકો તેને ઋષિ કહેતા હશે.

માનસિક તંદુરસ્તી માટે શિક્ષકે નિર્ભયતાની ઉપાસના કરવી. ઉપરીની ખુશામત કરવી. તેની સામે થરથર ધ્રૂજવું, ગામના અમલદારોથી ડરતા રહેવું, એમાં ભયભીતપણું છે. એ મનની શક્તિનો નાશ કરનાર છે. એમાં આત્મઘાત છે. માટે શિક્ષકે નિર્ભય રહેવું. નિર્ભયતાની ચાવી પ્રામાણિક કર્તવ્યમાં છે.

મનની અંદરથી સ્વચ્છ રાખવું, અનેક વાર મનમાં બીજા પ્રત્યે રાગદ્વેષ ઉત્પન્ન થાય છે તેને ઓળખવા અને તેનો ત્યાગ કરવો. છોકરાઓ ઉપર દાબ રાખવો નહિ; કોઈનો પક્ષ કરવો નહિ; કોઈનું બુરું કરવાના વિચારો લાવવા નહિ.ી ખરાબ થઈ શકે નહિ તો પણ ખરાબ કરવાનાં સ્વપ્ના સેવવાં નહિ. આમ થવાથી મન નિરોગી રહેશે.

જેમ કેટલાએક નિષેધો છે તેમ કેટાલએક વિધિઓ પણ છે.

તંદુરસ્તીનો પહેલો વિધિ લોકો પ્રત્યે તે વિદ્યાર્થીઓ પ્રત્યે પ્રેમ, દયા, સમભાવ છે. વિદ્યાર્થીઓ તરફ સરખો પ્રેમ રાખી તેમની ન્યૂનતાઓ માટે મનમાં દયા રાખી શિક્ષકે તેમને સમભાવથી શીખવાનું છે. તેમની અપૂર્ણતાથી અકળાવાનું નથી. શિક્ષકને માટે અપૂર્ણ વિદ્યાર્થીઓ કરુણા અને પ્રેમ કેળવવાની ઉપાસનાભૂમિ છે. જે શિક્ષક પ્રેમથી શીખવે છે તે ઉત્તમમાં ઉત્તમ માનસિક અને શારીરિક આરોગ્ય ફેલાવે છે, અને જાતે મેળવે છે.

બીજા વિધિઓમાં સુવાચન છે. શિક્ષણશાસ્ત્રના વાચન ઉપરાંત સદ્‌ગુણ-પ્રેરક વાચન મનની આવશ્યકતા છે. શિક્ષક

હંમેશ સત્સંગ અને સદ્વાચન સેવે જ સેવે. ગુજરાતી ભાષામાં એવાં સુંદર પુસ્તકોની ખામી નથી.

વળી શિક્ષક કુદરતનો પ્રેમી બને. સમભાવથી પ્રેમપૂર્વક નિરંતર હસી રહેલી કુદરતમાં વિચરવાથી તેના શરીર અને મનનો થાક ઊતરશે; એટલું જ નહિ પરંતુ તેમાંથી તેને પ્રાણ મળશે, બાગનાં ને જંગલી ફૂલો, રંગબેરંગી પક્ષીઓ, સાંજ-સવારના ભવ્ય રમણીય દેખાવો, અને રાતે તારાઓની શોભા આપણા મનને અને શરીરને બહુ મીઠો વિરામ અને તાજગી બક્ષે છે. વિના મૂલ્યની પ્રભુની આ બક્ષિસ બીજો કોઈ નહિ તો શિક્ષક તો ભોગવે જ.

છેવટે તંદુરસ્તી જગતનો ડોલકૂવો છે, જીવનનો આધાર-સ્તંભ છે. એને શિક્ષકે યજ્ઞ જેમ ઉપાસવી જોઈએ-અને તે કેવળ જગતના ભલા માટે. જે શિક્ષક જગતના ભલા માટે પોતાની તંદુરસ્તી સાચવે છે તે પોતાની તંદુરસ્તી તો સાચવી જ ચૂક્યો છે.

મનુષ્યો તંદુરસ્તીનો આદર્શ માગે છે. માનસિક અને શારીરિક એવી તંદુરસ્તીનો આદર્શ શ્રીમંતો આપી શક્યા નથી. પુરાતન કાળમાં સંતો અને શિક્ષાગુરુઓએ એક વાર લોકોને એ આદર્શ આપેલો. આજનો પીડાએલ અને ભૂખે મરતો શિક્ષક એ આદર્શ આપવા ફરી વાર તત્પર થશે ?

મનની અને તનની નિયમિતતા અને નિયમન એમાં

તંદુરસ્ત જીવનનું મૂળ છે; શિક્ષક આ જાણે, અને પોતાનાં ઐહિક તેમ જ પારમાર્થિક હરેક કામો નિયમિતતાથી અને નિયમનપૂર્વક ચલાવે. અવ્યવસ્થિત અને અનિસયમિત સંસારમાં ઘસડાઈ ન જતાં સ્થિર રહી પોતાની હંમેશની નિયમિતતા અને મનની સમતોલતા જાળવનાર શિક્ષકને અખૂટ સ્વાસ્થ્યનું વરદાન છે.

તંદુરસ્તીની ઇચ્છા રાખવાવાળો શિક્ષક સંગીતસેવન અને કલાદર્શનની વાંછા રાખે જ. જગતના ફલકે પ્રતિક્ષણે રચાતાં સ્વાભાવિક અને કૃત્રિમ ચિત્રોને જોઈ શિક્ષક કલાનો આનંદ લે. તેમ જ પ્રકૃતિ અને મનુષ્યનું સંગીત જ્યાંથી મળે ત્યાંથી તે મેળવવાનું ચૂકે નહિ. નિરંતર ગુંજી રહેલ પ્રકૃતિ અહોર્નિશ સંગીત રેડી રહી છે, તેને સાંભળવા માટે શિક્ષક પોતાનો કાન ઉઘાડે; અને સાથે જ લોકજીવનમાંથી નીતરેલું લોકસંગીત સાંભળવાનું ન ચૂકે.

❖ ❖ ❖

## શિક્ષકનો ઘાંટો

આપણે શાળાઓમાં જઈને જોઈશું તો શિક્ષક મોટો અવાજ કાઢી ભણાવતા જોવામાં આવશે. આનાં કારણોમાં એક કારણ શિક્ષકની પોતાની તાણીને બોલવાની ટેવ હોય છે. આ ટેવ આપણામાં એટલી રૂઢ છે, કે તે છે કે નહિ તેની આપણને ખબર જ નથી પડતી. આપણો આખો સમાજ આ કુટેવમાં છે એટલે એ સહજ લાગે છે. આપણી આ ટેવનાં પ્રદર્શનસ્થળો સર્વત્ર છે. આપણી વાતો, આપણાં બજારો, આપણાં ઘરો એના ખાસ નમૂનાઓ છે. બીજું કારણ આપણી શાળામાં વર્ગો બેસાડવાની આપણી રીતિ છે. આપણે એક જ હોલમાં બે-ત્રણ વર્ગો અમે ગામડામાં એક જ ઓરડામાં આખી નિશાળ બેસાડીએ છીએ.ઘણી વાર ખંડો હોય છે તો તે લાકડાના હોય છે. આથી દરેક વર્ગનો અવાજ બીજા વર્ગને, બીજાનો ત્રીજાને મળે છે; ને પરિણામે દરેક વર્ગનો કુલ અવાજ વધતો જ ચાલે છે. આથી શાળાના ઘોંઘાટમાં કામ કરતા શિક્ષકને મોટેથી બોલીને ભણાવ્યા વિના છૂટકો જ નથી. ત્રીજું કારણ શિક્ષકને ધીમેથી ભણાવવાની કળા કે આવડત નથી. અર્થાત્ શિક્ષક મોટેથી ભણાવે છે, ને ઘાંટો કાઢે છે ત્યારે જ વ્યવસ્થા સચવાય છે ને નહિ તો નથી સચવાતી એવી તેની માન્યતા અને અનુભવ બંને છે. એક એવો ખોટો વહેમ પણ છે કે મોટો ઘાંટો રૂઆબસૂચક છે ને તેથી વ્યવસ્થાપ્રેરક છે.

આ કારણોથી શિક્ષક ઘાંટો કાઢીને બોલે છે ને ભણાવે છે. પાંચ કલાક સુધી મોટે અવાજે બોલવું એ ઘણો જબરો શ્રમ છે. એ ગળાનો કે ફેફસાંનો વ્યાયામ નથી, પરંતુ અતિ વ્યાયામ અર્થાત્

પરિશ્રમ છે. શિક્ષકો સાંજે થાકી જાય છે તેનું મુખ્ય કારણ બોલવું, ને તે ઘાંટો કાઢીને બોલવું તે છે. શિક્ષકોનું મ્હોં થાકે એ તો ઠીક, પણ તેમનું માથું પાકે છે. માથું પાકવું એટલે જ્ઞાનતંતુઓને તાણ પડવું, ને તેથી તેમનું ઉશ્કેરાવું; ને પરિણામે નબળાઈ આવવી. બધામાં આ છેલ્લું નુકસાન ભારે છે દોડીને શરીરને ચડેલો થાક પડયા રહેવાથી વળે પણ જ્ઞાનતંતુઓનો થાક એમ ઝટ ઉતરતો નથી. ગરીબ બિચારા શિક્ષકની પાસે એટલા પૈસા કયાં છે કે ચડેલો થાક સારી વિશ્રાંતિ લઈને કે પાછળથી પુષ્કળ મોજમજા ને ગમ્મત સેવીને તે ઉતારે ? તેનો થાક તો વધતો જ જાય છે ને પરિણામે તેની શક્તિ ઘટે છે. શિક્ષકો ઝટ મગજ ખોઈ નાખે છે તેનું કારણ તેમની જ્ઞાનતંતુઓની નબળાઈ છે. ધીમે ધીમે તેમને ભણાવવા તરફ અરુચિ આવે છે તેનું કારણ પણ તે જ છે.

ઘાંટો પાડીને બોલવું શિક્ષકને નુકસાન કરે છે તેની સાથે જ તે સાંભળનારને પણ નુકસાન કરે છે, કાનના જ્ઞાનતંતુઓને નકામો અવાજનો બોજો ઊઠાવવો પડે છે. આથી સાંભળનાર છોકરાઓના માથામાં શિક્ષણ કરતાં શિક્ષકનો અવાજ વધારે જાય છે; શિક્ષણને બદલે તેમને અવાજનો લાભ મળે છે. પરિણામે છોકરાઓમાં પણ જ્ઞાનતંતુઓની નબળાઈ આવવાનો ભય પેદા થાય છે.

આ બાબતમાં યોગ્ય ઉપાયો થવા જ જોઈએ. આપણા સમાજની આ ટેવ માટે શિક્ષક પોતે શું કરી શકે ? એને એ વારસામાં મળી ને સમાજમાં એ પોષાઈ. સમાજમાં તેને સ્થાન પણ છે. પણ જો પોતાની ગરજ હોય તો શિક્ષક ચેતે ને ધીમે

બોલવાની ટેવ પાડે. કેવળ નિરર્થક થતા પ્રાણવ્યયને રોકે. તેણે જરા હંમેશની કાળજી રાખવી પડશે. નવી ટેવ પાડતા વારંવાર તે ભૂલ ખાશે પણ છતાં એ નવી ટેવ પાડી શકશે જ અને પોતે તો પોતાનું આયુષ્ય લંબાવશે જ નવી ટેવ પાડતાં શરૂઆતમાં શિક્ષકને પોતાને તેમ જ અન્યને કૃત્રિમ લાગશે; તે તરી આવશે; પણ લાંબે વખતે તેને તેમ જ બીજાને તે સ્વભાવિક થશે, ને બીજાઓ પણ તે સ્વભાવની કદર કરતા થશે ને તેના તરફ આકર્ષાશે.

બીજું કારણ એક જ હોલમાં વર્ગો બેસાડવાનું છે. પ્રત્યેક વર્ગ પોતે વધારેમાં વધારે ઘોંઘાટ કરી શકે ને બીજાને તે સંભળાય નહિ એટલા માટે દરેકને જુદો અને અવાજ બહાર જાય નહિ એવો ઓરડો જોઈએ એમ કહેવાનું નથી. એવી રીતે વર્ગોને અવાજ જઈ ન શકે તેવાં ખાનાંઓમાં ગોઠવીએ, તો પણ શિક્ષક અને વિદ્યાર્થીઓ અવાજ કરવાની એટલે કે ઘાંટો કાઢીને બોલવાની ટેવમાંથી મુક્ત થાય નહિ. એકબીજા વર્ગોને એકબીજાના ઘાંટાઓથી માત્ર અટકાવીએ તો એકબીજા વર્ગોને નુકસાન ન પહોંચે, અને તે માટે વર્ગોને છૂટા પાડવા જોઈએ. આવી સ્થિતિ આજે હાઈસ્કૂલો અને કોલેજના વર્ગો પરત્વે છે. પરંતુ તે નિરુપદ્રવિતા નિયમનની સખતાઈની શાંતિ જેવી છે. બહારથી શાળાનો અવાજ લાગતો નથી; પરંતુ અંદર ઓરડામાં શિક્ષકનો ઘાંટો પડી રહ્યો હોય છે.

આનો ખરો ઉપાય શિક્ષક પોતે છે. તેણે આગળ કહ્યું તેમ નવી ટેવ પાડવાની છે. ઉપરાંત શીખવવાની કળા કેળવવાની છે. વર્ગમાં શિક્ષકે ઘાંટો કાઢીને ભણાવવાનું કામ કરે છે. છોકરાઓ મોટેથી વાતોચીતો કરતા હોય છે; તેમને

પણ તેની ટેવ છે. તેમને શિક્ષક ભણાવવા બેસે છે. 'ચૂપ' કહેતાંની સાથે એક વાર તો 'શાંતિ' ફેલાય છે, પણ પાછો ગણગણાટ શરૂ થાય છે. આ વચ્ચે શિક્ષકે કામ કરવાનું હોય છે. શિક્ષક પોતે સંભળાવવાને માટે મોટો ઘાંટો કાઢીને બોલે છે. તે મોટા ઘાંટામાં નાના-નાના અવાજોને ચાલુ રહેવાની શકયતા ઊભી થાય છે. બધા વિદ્યાર્થીઓને શિક્ષણમાં રસ હોતો નથી, હોય પણ નહિ. જે વખતે અમુક શિક્ષણનું કામ ચાલતું હોય તે વખતે બધાનાં મગજ એકસરખાં યંત્રો ન હોવાથી તેમાં સરખી રીતે રોકાતાં નથી. વળી શિક્ષણ એક ઉપદેશ કે પ્રવચન રૂપ કે ભાષણ રૂપ હોય ત્યારે તે ભલે સ્વતઃ સુંદર હોય; તો પણ જેને તેમાં મજા ન આવે તેને ગડબડ કરવાનું મન થાય તેમ છે. વળી શિક્ષક એકાદ વિદ્યાર્થીને ભણાવવા કે પૂછવા કે તેની સાથે ઝઘડવા બેસી જાય છે, ત્યારે બીજાઓ સહેજે વાતચીત કે ગમ્મતમાં પડવા તરફ જાય છે. આથી ચણપણ અવાજ થતાં તે વધે છે, ને શિક્ષકને તો ભણાવવું હોય છે માટે તે ઘાંટો કાઢીને બોલે છે. જેમ અવાજ વધે તેમ ઘાંટો વધે છે; ને જેમ ઘાંટો વધે છે તેમ તેમાં વધારે અવાજને સમાઈ જવાની અનુકૂળતા મળે છે.

શિક્ષક પોતે અત્યંત ધીમેથી શરૂ કરે. ચૂપ અને શાંતિના હુકમો બહાર ન પાડે. **Drill** પણ ઘણીવાર તો નકામી જ પડે છે. પોતે પોતાનું શિક્ષણ રસિક કરે; રસિક શિક્ષણ એટલે બાળકોને જોઈતું શિક્ષણ. રસિક શિક્ષણ એટલે સમજાય તેવી

સહેલી સુંદર રીતે ધરેલ શિક્ષણ. રસિક શિક્ષણ એટલે યોગ્ય અને જોઈતાં જ ઉપકરણો સાથે રાખી અપાતું શિક્ષણ. રસિક શિક્ષણ એટલે જોઈતા અભિનય સાથેનું શિક્ષણ ને રસિક શિક્ષણ એટલે શિક્ષકની પ્રસન્નતા, એકાગ્રતા અને શાંતિ ભરેલું શિક્ષણ.

આવું શિક્ષણ જો શિક્ષક આપવા ચાહે તો તેને વિદ્યાર્થીઓ મંત્રમુગ્ધ થઈ સાંભળશે. મુરલી સાંભળી નાગ ધ્યાનસ્થ થશે, પણ માટલીમાં કાંકશ નાખી ખખડાવીએ તો તે ઊભો પણ નહિ રહે. એમ શિક્ષણની સાચી મુરલી જેના ગળા અને હૃદયમાંથી નીકળશે તેને સૌ કોઈ કાન દઈ સાંભળશે જ. અને જેમ જેમ વિદ્યાર્થીઓ અભિમુખ થઈ એકાગ્ર થતા જશે, તેમ તેમ આખા વર્ગનું એક માનસ થશે; તેમ તેમ વર્ગની ૧૦૦ની સંખ્યા પણ એક જ વિદ્યાર્થી જેટલી થશે. અને શિક્ષકને પાસે બેઠેલા એક જ વિદ્યાર્થી સમક્ષ બોલતાં જેટલો ઘાંટો કાઢવાની જરૂર હોય તેથી વધારે જરા પણ કાઢવો નહિ પડે.

પોતાના કામની કળા માત્રથી શાંતિ ફેલાય છે. ને શાંતિમાં ધીમા અવાજે કામ કરવાની મજા આવે છે એટલું જ નહિ, પણ તેમાં મધુરતા લાગે છે. પછી તો શાંતિ પોતે જ ઘાંટાની સામે લડશે.

ઘાંટો રૂઆબસૂચક નથી પણ નિર્બળતાસૂચક છે. અંતઃપ્રાણવાળો મનુષ્ય શાંતિના શસ્ત્રને બળવાનમાં બળવાન

તરીકે જાણે છે. ખરા વીર્યવાન માણસોનું બળ શાંતિ છે. ખરા જ્ઞાતાઓની વાણી મૌન છે શ્રેષ્ઠ સદ્દગુરુઓ હંમેશ મૌન વ્યાખ્યાન આપી ગયેલા છે. પણ જ્યારે શક્તિમાં અવિશ્વાસ આવે છે, જાત ઉપર કાબૂ નથી હોતો, ત્યારે બહારનું શસ્ત્ર ઊઠાવવું પડે છે. ઘાંટો એક આવું શસ્ત્ર છે. તે રોફ છાંટી શકે પણ તેની પાછળ પોકળતા છે તેથી તે થોડા વખતમાં બહાર પડે છે. માટે ઘાંટાને રૂઆબ તરીકે સમજવાની ભૂલ શિક્ષક ભાઈઓ ન કરે. છોકરાઓ ઘાંટા ઉપર ઘાંટા પાડે છે ત્યાં સુધી શાંત રહે છે; ઘાંટો જરાક બંધ થયો કે ઘાંટાનાં પ્રતિબિંબ રૂપે ઘાંટા શરૂ કરે છે. ઘાંટો ઘોંઘાટને દાબે છે પણ શાંતિને કેળવતો નથી. શાંતિ જ માત્ર શાંતિને ઉત્પન્ન કરે છે.

શિક્ષકભાઈઓ પોતાના ઘાંટા વિષે સારી પેઠે વિચાર કરે.

❑

# પકીર્ણ

## પોતાના પગ ઉપર ઊભા રહો.

સૂતેલા સિંહના મોઢામાં મૃગ જઈને પડતો નથી એ જૂનું વાક્ય છે. એમાં ઘણું સત્ય છે. ઈશ્વર તેને મદદ કરે છે કે જે જાતે મદદ કરે છે. ઘણા વખતથી આપણી વૃત્તિ પરાધીન થઈ ગઈ છે. આપણે પોતાના પગ ઉપર ઊભા રહેવાનું ભૂલી જ ગયા છીએ. આપણને થાય છે કે આપણા ખાતામાં સુધારો થાય તો સારું; આપણને થાય છે કે આપણી ગરીબી ફીટી જાય તો સારું; આપણને થાય છે કે પગાર વધી જાય તો સારું; આપણને થાય છે કે આપણી પદવી વધે તો સારું. પણ આપણે શું કરીએ છીએ ? કોઈક કરે તો તેના ઉપર આપણે બેઠા છીએ. એ વાત છોડી દ્યો. આપણે આપણા પગ પર ઊભા રહીએ.

પણ કેવી રીતે ઊભા રહીશું ? પહેલી વાત, હવે બીજી જ રીતે વિચાર કરતા શીખો. આપણે સ્વાધીન છીએ ને રહેવું જોઈએ. આપણે જાતને ઊંચે ચડાવવી જોઈએ, તે ચડાવશું એટલે આપણે એની મેળે ઊંચે જઈશું જ. આમ પ્રથમ વિચારતા શીખીએ.આમ આપણી શ્રદ્ધા થવા લાગે. પછી આપણે ખાતાના સુધારાનો વિચાર કરીએ. ખાતું પ્રતિભાશાળી શિક્ષકો માટે છે. તેવા નથી તેવી તેની ફરિયાદ છે. આપણે તેવા થઈ ખાતાનું દુઃખ મટાડીએ. ને ખાતાને તેની આજની મૃત સ્થિતિમાંથી ઉગારીએ. પ્રતિભા બહારથી કોણ લાવી આપશે ? પ્રતિભા આપણે માટે કોણ ખરીદશે ? પ્રતિભા વધવા માટે ખાતું કેવી રીતે પ્રયત્ન કરે ? એ વાત આપણા હાથમાં છે. આપણે બધા પ્રતિભાવાળા માણસોની ટોળી થઈએ એટલે

ખાતામાં આપણે જ સુધારા કરી શકીશું, શાળાનું ભણતર સારું કરવું તે આપણે કરીશું. પરીક્ષાની હાડમારી બાળકોને લાગે જ નહિ તેવું આપણે જ કરી શકીશું. શાળાની ગંદકી આપણે જ દૂર કરવા ઊહાપોહ અને પ્રયત્ન કરવા નીકળશું. અને જ્યારે શિક્ષકનો મોટો વર્ગ નવી વાત સમજીને શાળાઓમાં દાખલ કર્યે જશે ત્યારે કયું એવું ટૂંકી બુદ્ધિનું ખાતું હોય કે જે તેને વધાવી ન લે ? ખાતું તો શિક્ષકનું બનેલું છે, તે તેથી તે તેમનું છે. આજે ખાતું સારું નથી એમ કોઈ કહે તો તેનો અર્થ એ છે કે શિક્ષકો સારા નથી, મજબૂત નથી, શક્તિવાન નથી, પ્રતિભાવાળા નથી.

આપણી ગરીબી આપણે ફિટાડી શકીએ. પણ આપણી શક્તિમાં આપણને શ્રદ્ધા નથી. કારણ કે મૂળે આપણામાં શક્તિ નથી; શક્તિની ગરમી નથી. આપણે કોઈ માની શકીએ કે શક્તિવાળો માણસ બેસી શકે ? શક્તિવાળો માણસ પૈસા વિના મરે ? શક્તિવાળા માણસને કોઈ પૈસા ન આપે ? વાત જ ખોટી. રાજ્યના મોટા અમલદારને શા માટે સૌથી વધારે પગાર મળે છે ? તેનામાં તંત્ર ચલાવવાની શક્તિ છે. વિદ્યાધિકારીને શા માટે મોટો પગાર મળે છે ? તેણે શિક્ષકોથી વધારે શક્તિ કેળવી છે. જો કોઈ પણ અમલદાર આખરે શક્તિમાન નથી નીકળતો તો તેને જગા છોડવી પડે છે. તેનો પગાર બંધ થાય છે.

આપણે શક્તિ કેળવીએ. પછી આપણે પગાર માગવાની જરૂર નહિ પડે. જ્યાં સુધી રાજ્યોને લાગે છે કે આ ખાતું પાંજરાપોળ જેવું છે, ત્યાં સુધી તે તેમાં પૈસો નહિ ખરચે; ન જ ખરચવો જોઈએ. પણ આપણે આપણી શક્તિથી બતાવી આપીએ કે આ ખાતું એક જ સુધરે તો બધાં ખાતાઓના ખોટા ખર્ચા ઓછા

થાય, તો તો આપણને સૌએ શક્તિ પ્રમાણે સરપાવ આપવો જ જોઈએ.

આપણે આપણા બુદ્ધિબળથી હજી ક્યાં લોકોને ઠસાવ્યું છે કે શિક્ષણનું કામ અઘરું અને મહત્ત્વનું છે ? આપણે એમ ક્યાં સાબિત કરી આપ્યું છે કે ખરા શિક્ષણથી આજની ખોટી રાજ્યવ્યસ્થા ને નકામી ઉપાધિનો અંત આવશે ? આપણે ભણાવીને સારા શહેરીઓ ક્યાં તૈયાર કર્યા છે કે ચોરોના, ખૂનીઓના ને ગુન્હેગારોના ટકા ઘટ્યા છે, તેમ જ વેપારીની બુદ્ધિ વધી છે, કલાધરો અને કારીગરો વધ્યા છે, ને તેથી રાજ્યની સંપત્તિ વધી છે ?

આ વાત આપણે એક વાર બતાવીએ; ને પછી જોઈએ કે આપણે ભીખ માગવી રહે છે કે નહિ. આપણે એક વાર તો બતાવી આપીએ કે શિક્ષકનો જ સૌથી વધારેમાં વધારે પગાર હોઈ શકે ! તેની જ સૌથી વધારેમાં વધારે ઊંચી પદવી હોઈ શકે ! અને એક વાર રાજાઓ શિક્ષકના પગમાં પડતા જ હતા ને ?

❖ ❖ ❖

## નીચલા ધોરણનો શિક્ષક

અત્યાર સુધી આપણે એમ કરતાં આવ્યા કે જેમ જેમ ધોરણ ઊંચું તેમ તેમ તેનો શિક્ષક ઊંચા દરજ્જાનો. તેનું જ્ઞાન ઊંચું, તેનો પગાર ઊંચો, તેનો મોભો ઊંચો. એથી ઊલટું નીચલા ધોરણનો શિક્ષક એટલે બધી રીતે નીચો; જ્ઞાનમાં, પગારમાં અને મોભામાં. નીચલા ધોરણમાં અન્ટ્રેન્ડ, ગુજરતી સાતમી, અને કોઈ વાર પાંચમી ભણેલો શિક્ષક પણ ચાલે, જ્યારે કૉલેજમાં પ્રોફેસર

એટલે બી.એ. કે એમ.એ. એમ જોઈએ. આ વ્યવસ્થા કોઈ ઈમારત સાથે સરખાવીએ તો પાયામાં ગારો અગર ગારાની ઈંટો અગર ભુખરિયા પથ્થર, તેની ઉપર ધ્રાંગધ્રાના અને તેની ઉપર આરસ, એના જેવું થાય. આવું મકાન કોઈ કરે તો ગાંડો કહેવાય. તે મકાન પહેલું જ પડે. આમ જ કેળવણીની શાળાનું મકાન છે.

બાળકના નાનપણમાં જેટલી ઉચ્ચ કેળવણી આપીએ તેટલી ઓછી છે. બાલ્યાવસ્થા એ બીજારોપણનો કાળ છે. એક વાર એ અવસ્થામાં સારા શિક્ષણનો પરિચય થયો એટલે બાળક મોટું થશે તેમ તેમ તે સઘળું વિકસશે, વધશે ને મોટું થશે. પણ બાલ્યકાળમાં કશી દરકાર ન રાખીએ, બાલ્યકાળ સાધારણ માસ્તરોને હાથે ઘડીએ, ને પછી એ અણઘડ પથ્થરોને ઘડવાને આગળનાં વર્ષોમાં ઊંચા કારીગરો રાખીએ, તે પગને બદલે માથાથી ચાલવા બરાબર છે.

આપણું ઘણી બાબતમાં અવળું અર્થશાસ્ત્ર છે. નિરોગી રહેવા માટે ઉપાયો યોજવાને બદલે માંદા પડયા પછી સાજા થવાનાં સાધનો ઉપજાવી રહ્યા છીએ. મનુષ્યજાતિ વિગ્રહ ન કરે ને શાંતિમાં આત્માનો વિકાસ સાધે એની પાછળ પડવાને બદલે, આત્માને અવનતિએ લઈ જાય એવું જીવનધોરણ થવા દઈ, આખરે થતા વિગ્રહોને દબાવવા માટે તેનાં સાધનો વિચારીએ છીએ. ગુન્હેગારો ન થાય તેનો ઉપાય શો છે તે શોધવાને બદલે ગુન્હેગારોને જેલમાં નાખીએ છીએ. આમ જ પહેલેથી સંગીન શિક્ષણનો માર્ગ આંકવાને બદલે ખોટા માર્ગને ખરે માર્ગે લઈ જવા માટે આગળનો ખર્ચ અને શ્રમ વધારીએ છીએ. સામાન્યતઃ કોલેજના પ્રોફેસરો નબળા વિદ્યાર્થીઓ માટે હાઈસ્કૂલોને દોષ દે

છે. હાઈસ્કૂલોના શિક્ષકો કહે છે કે પ્રાથમિક શાળામાંથી કચરો આવે છે. પ્રાથમિક શાળામાં પણ અનુક્રમે નીચલાં ધોરણની નબળાઈનો વાંક કાઢવામાં આવે છે. અંતે આ બધો વાંક બાળ-ધોરણ અને પહેલા ધોરણ પર આવે છે. અને બાળ-ધોરણમાં જઈને જુઓ તો એક કાં તો કાચી ઉમરનો અનેકાં તો વૃદ્ધ એવો શિક્ષક છે ! તેનું બિચારાનું જ્ઞાન તદ્દન થોડું છે; તે એકંદર તદ્દન નકામા જેવો છે. અને આને હાથે પાયો નખાય છે !

હજી સમજાતું નથી કે આમ શા માટે ચાલતું હશે ! નીચલા ધોરણમાં મુખ્ય મહેતાજીએ, ઊંચેનામાં સ્પેશિયલે અને ઊંચે જઈએ તેમ સાધારણ સારા શિક્ષકોએ કામ શા માટે ન કરવું ?

આજે માન્યતા એવી છે કે બાળપોથીમાં તો એકડા-બગડા અને કક્કા-બારાખડી શીખવવાં, ને પહેલીમાં સાધારણ વાચન-લેખન ને ગણિત શીખવવાનું; એમાં તે વળી શું શીખવવાનું છે ? છઠ્ઠી અને સાતમીમાં તો ઈતિહાસ, ભૂગોળ, ઊંચું ગણિત, નિબંધ ને એવું એવું શીખવવાનું; એ સાધારણ શિક્ષકથી કેમ શીખવાય ?

હા; અત્યારના પહેલા કે બાળવર્ગના શિક્ષકથી તે ન શીખવાય. તે માટે પણ સારા શિક્ષકો તો જોઈએ જ. પણ તેથીએ સારા શિક્ષકો તો નીચલા ધોરણ માટે જોઈશે. બાળકની ઇન્દ્રિયોને ખીલવવી એટલે કે તેને અવલોકન કરતાં શીખવવું; તેની માનસિક શક્તિઓ જેવી કે બુદ્ધિશક્તિ, તુલનાબુદ્ધિ, તર્કબુદ્ધિ, નિર્ણયબુદ્ધિ ખીલવવી; બાળકને સાહિત્યરસિકતા આપવી અને ભૌગોલિક વસ્તુમાં રસ લેતું કરવું. આ બધું છેક નાનપણમાં બાળ અને પહેલા ધોરણમાં થવું જોઈએ. આ તેના પાયાનું ભણતર છે. તેના ઉપર વિષયજ્ઞાનની ઈમારત છે. વિષયોનું જ્ઞાન મહત્ત્વનું નથી પણ તેનો

રસાસ્વાદ કે ઉપયોગ, તેના મહત્ત્વની સમજણ કે તેનાથી જીવનનો ઉત્કર્ષ, વગેરે બરાબર થાય તે માટે જે અંતઃશક્તિઓ છે તેના પાયાની ખીલવણી એ જ અગત્યની વસ્તુ છે; ને તે ન કરતાં જ્યારે ક, કા, માં અને ૧, ૨, માં બાળ ધોરણના શિક્ષણને સમાવી દઈએ છીએ ત્યારે જ ભીંત જેવડી ભૂલ થાય છે.

ખરી રીતે ગમે તેમ કરીને પણ નીચલા ધોરણમાં સારા શિક્ષકો મૂકવા જોઈએ જ જોઈએ. એક વાર સારા શિક્ષકો નીચલા ધોરણમાં મૂકશું એટલે ઉપલા ધોરણના શિક્ષકોની ફરિયાદ મટશે; પાછળથી કાચા મકાનને મરામત કર્યા કરવામાં મહેનત નહિ કરવી પડે, અને સહેલાઈથી સાધારણ કામદારો પણ પથરા ઉપર પથરો ચડાવી દેશે; અને કૉલેજ જેટલે બાળકો પહોંચશે એટલે તો તેઓ પોતાની વધેલી શક્તિને બળે જાતે જ ભણી લેવા સમર્થ થશે.

❖ ❖ ❖

## ટ્યૂશન

શિક્ષકને અત્યંત શરમાવનારું જો કાંઈ હોય તો તે આજની તેમની ટ્યૂશન-વૃત્તિ છે. શ્રીમંતોમાં છોકરાંઓ ગરીબ અને મધ્યમવર્ગનાં છોકરાંઓની સાથે ભણતાં લાજે, તેમની સાથે ભણતાં તેમનો દરજ્જો ઓછો થાય, તેમાંથી ટ્યૂશનનો જન્મ છે. શ્રીમંતોનાં છોકરાંઓનું ટ્યૂશન રાખી શિક્ષકોએ શ્રીમંત વર્ગનું દાસત્વ સ્વીકાર્યું છે, અને પેટ અને પૈસા ખાતર લક્ષ્મીને ત્યાં સરસ્વતીનું વેચાણ કર્યું છે. સ્વભાવ પ્રમાણે શ્રીમંતો ટ્યૂશન રાખનાર શિક્ષકોને દુકાનના ગુમાસ્તાથી વધારે મૂલ્યના સમજતા નથી. તેમને 'માસ્તર'ના નામથી મોટે ભાગે સંબોધે છે; એટલે

કેટલીએક વાર તેમની પાસેથી શાકપાંદડું લાવવું, અને એવાં બીજાં કામો પણ લે છે. અને શિક્ષક તે રાજીખુશીથી કરે છે.

શ્રીમંતોએ પેદા કરેલો ધંધો આજે સામાન્ય વર્ગનાં માબાપોને ત્રાસ રૂપ થઈ પડયો છે. ટયૂશન આપનારા શિક્ષકોએ ટયૂશનની જરૂરિયાત દિવસે ને દિવસે વધારી મૂકી છે. શ્રીમંતોમાંથી ટયૂશનની ફેશન મધ્યમ વર્ગમાં આવી પહોંચી છે. આમ જેટલા શિક્ષકો તેથી વધારે ટયૂશન થઈ પડયાં છે.

સવારામાં ઊઠી ટયૂશન માટે તૈયારી કરી રહેલા અને દોડધામ કરતા શિક્ષકોની સંખ્યા દિન-પ્રતિદિન વધતી જાય છે. ટયૂશન રાખનારાઓની અંદર તીવ્ર સ્પર્ધા અને વેરઝેર ફેલાતાં જાય છે. ટયૂશન ટકાવવા માટે શિક્ષકોને શેઠીઆઓની અને માબાપોની ખુશામતનું પ્રમાણ વધારતા જવું પડે છે. અને ટયૂશન ભાંગી ન પડે માટે વિદ્યાર્થીને વધારે ભણાવવા કરતાં તેને કઈ રીતે પાસ કરી દેવો તેની યુક્તિ-પ્રયુક્તિ અને છળપ્રપંચ વધતાં જાય છે.

નજર નાખીને જોઈએ તો જેમ ફેફસાંને ક્ષયના જંતુઓ વળગીને ફેફસાંને કાણાં કરવાને અહોર્નિશ મહેનત કર્યા કરે છે, તેમ વિદ્યાર્થીઓનાં બુદ્ધિ અને શરીરને ટયૂશનવાળાઓ વળગીને તેમને હેરાન કર્યા કરે છે. સમાજ ઉપર ટયૂશન રાખનારાઓનું આજે ભારે આક્રમણ થઈ રહ્યું છે; અને માબાપો હવે વિચાર કરવા સુધીયે પહોંચ્યા છે કે આ ટયૂશનના ભાર અને ત્રાસમાંથી આપણે કેવી રીતે છૂટવું.

ટયૂશન રાખવાથી છોકરો ભણશે, ઠોઠ હોશિયાર થશે, પાછળ રહી ગયેલો સાથે થશે, એ કલ્પના શરૂઆતમાં માબાપોના મનમાં હતી. પણ બન્યું એમ કે સવારે અને સાંજે ટયૂશન ઉપર

પોતાની બધી શક્તિ ખરચી નાખ્યા પછી શિક્ષકે શાળામાં ભણાવવાનું લગભગ બંધ અગર ઓછું કરી નાખ્યું. જે છોકરાંઓના માબાપો ટ્યૂશન ન રખાવે અથવા ન રખાવી શકે, તેઓનાં છોકરાંઓએ મેળે ભણી લેવું અગર ભણ્યા વિના રહેવું એવી સ્થિતિ ઉત્પન્ન થઈ. જે છોકરાંઓ ઘેરથી ભણીને આવે તેમને ભણવાનું નહિ પણ રખડવાનું રહ્યું; માસ્તરથી બ્હીવાનું નહિ પણ માસ્તરે તેમનાથી બ્હીવાનું રહ્યું. અને માસ્તરને નવી યુક્તિ સૂઝી બાકીનાં છોકરાંઓને કહી દેવું કે તમારાં માબાપને કહો કે "માસ્તર રાખે; નહિતર પાસ નહિ થાઓ." આથી અણછૂટકે ગરીબ માબાપોને પણ આજે ટ્યૂશનો રાખવાં પડે છે.

હમણાં જ મેં જાણ્યું કે ટ્યૂશનમાં પણ નવા-નવા પ્રકાર હોય છે. ચાર-પાંચ છોકરાંઓને ભેગાં કરી એક ઠેકાણે તેમને ભણાવવાં અર્થાત્ તેમની નિશાળ માંડવી એ ટ્યૂશનનો એક પ્રકાર. કંત્રાટથી ટ્યૂશન અર્થાત્ પંદર રૂપિયા આપતાં છોકરાને પાસ કરાવી દેવો એ બીજા પ્રકારનું ટ્યૂશન. આમ ટ્યૂશનના પ્રકારો શિક્ષકો વધારતા જાય છે, અને માબાપોને તે સ્વીકારવા પડે છે. ટ્યૂશનની પદ્ધતિને લીધે જાહેર શાળાઓ શિક્ષકોને થાક ઉતારવાનાં, બેઠાં બેઠાં તમાકુ સંઘવાનાં કે ચા પીવાનાં સાધનો થઈ પડી છે. જે જાહેર શાળાઓ ચલાવવા માટે શિક્ષકોને પગાર આપવામાં આવે છે, તે પગારના વળતરમાં શિક્ષકોને બહુ જ થોડું કરવાનું હોય છે; જ્યારે ટ્યૂશનોથી મળતા પૈસાનું તે બધું જ કરે છે. આમ જાહેર સંસ્થાનો દુરુપયોગ અને નિષ્ફળતા દિવસે-દિવસે વધતાં જાય છે. માબાપોએ ખરી રીતે શિક્ષકોની સામે ઝુંબેશ ઉઠાવવી જોઈએ, અને એક પણ શિક્ષકને ટ્યૂશન આપવું ન જોઈએ. ઊલટું તેમણે જાહેર શાળાઓની

અંદર શિક્ષકો ખૂબ કાળજીપૂર્વક કામ કરે તેને માટે અત્યંત આગ્રહપૂર્વક માગણી કરવી જોઈએ.

આપણે શિક્ષકો ખરી રીતે ટ્યૂશનો રાખી નીતિનો બેવડો ભંગ કરીએ છીએ. એક તો આપણે શાળામાં સમભાવે બધાને ભણાવવા જોઈએ તે ભણાવતા નથી, અને તેમ કરી ટ્યૂશન લેવડાવવાની ફરજ પાડીએ છીએ. બીજી બાજુએ ગરીબ માણસોનાં છોકરાંના ભણતર તરફ આંખમીંચામણાં કરીએ છીએ.

આપણને ઓછો પગાર મળે છે તેથી આપણે ટ્યૂશનો લેવા પડે છે એ દલીલમાં સત્ય હોય, તો પણ આપણે ટ્યૂશન લઈને પતિત થવું જોઈએ નહિ, પણ પગાર વધારવા માટે આપણે ખાતાંઓ સાથે લડવું જોઈએ. સારા પરિણામો બતાવી, શાળાને સુધારી, આપણે વધારે પગારના અધિકારી બનવું જોઈએ. વળી આપણને પૈસાની જરૂર છે માટે જ સૌ ટ્યૂશન રાખીએ છીએ એમ નથી. આપણે શિક્ષકનું કાર્ય છોડી પૈસા કમાવા પાછળ નીકળી પડયા છીએ; વિદ્યાર્થીઓને કેમ ભણાવવું તેનો વિચાર કરવાને બદલે, સારાં પુસ્તકો વાંચી ભણાવવાને તૈયાર થવાને બદલે, આપણે ટ્યૂશનો શોધવાની કંગાલ ખટપટ અને ધમાલમાં પડયાં છીએ. શ્રીમંતોને આપણી ગરજ છે ત્યાં સુધી તેઓ આપણને, જેમ ગાય, ભેંશ, મોટર પોતાના હિતાર્થે રાખે છે ને ખપ પડે ત્યાં સુધી રાખી રજા આપે છે, તેમ રજા આપવાના છે; અને આપવી પણ જોઈએ. તેમાં તેમનો વાંક નથી. ટૂંકમાં આપણે શિક્ષકોએ આ ટ્યૂશનની બદીમાંથી આપણી જાતને, છોકરાંઓને અને માબાપોને મુક્ત કરવાં જોઈએ; અને આપણી આર્થિક સ્થિતિ સુધારવાને માટે અન્ય વાજવી ઉપાયો લેવા જોઈએ.

આપણી અંદરની વાત આપણે પ્રગટ કરીએ તેમાં શોભા નથી. પરંતુ ટ્યૂશનમાં પણ આપણે કેવું ભણાવીએ છીએ તે આપણે જાણીએ છીએ. મોટેભાગે ત્યાં પણ દમ, ભય, અને કેટલીએક વાર શિક્ષાનો ઉપયોગ કરી છોકરાંઓની પાસેથી કામ લઈએ છીએ. મૂરખ માબાપો સમજતાં નથી કે પૈસા આપીને છોકરાંને ભયમાં રાખનાર અને મૂઢ બનાવનાર શિક્ષકને મેં હાથે કરી ઘરમાં આણેલ છે !

કામધંધામાં પડેલ શ્રીમંત માબાપો દુઃખ સાથે બહુ મોડું-મોડું જાણે છે કે પોતે રાખેલ શિક્ષક તો મોળો નીવડયો. છોકરાંને બગાડી ગયો, અગર ઘરમાં ગંદું વાતાવરણ નાખી ગયો, અગર ઉઠાવગીર નીવડયો !

ટ્યૂશન દેખાદેખીથી બહુ વધ્યું છે. ''હાઈસ્કૂલના શિક્ષકો અને હેડમાસ્તરો સુદ્ધાંત ટ્યૂશન રાખે છે માટે આપણે કેમ ન રાખીએ ? આપણે પણ કમાવું જોઈએ.'' એ વૃત્તિ હીન છે. બીજા શું કરે છે તે પ્રામાણિક માણસ જોતો નથી.

આપણું ભલું કરવું હોય તો ટ્યૂશન છોડો, છોડો ! માબાપો પોતાનાં છોકરાનું ભલું ચાહશે તો તેઓ તમારી પાસેથી ટ્યૂશન છોડાવશે.

❖ ❖ ❖

## શિક્ષકે શું વાંચવું ?

શિક્ષણના કે હરેક ધંધામાં પડેલ માણસે પોતાનો ધંધો તેજ રાખવા અને સફળ કરવા હંમેશ અદ્યતન રહેવું જ પડે. જે પોતાના ધંધામાં વધતી જતી નવી શોધખોળો જાણે નહિ તે પછાત રહી

જાય અને તેની કિંમત ઘટતી જાય. એવા સેંકડો શિક્ષકોવાળું કેળવણી ખાતું પોતાના ખાતાના શિક્ષકોને આગળ વધાર્યા ન કરે તો ખાતું પોતે જ પછાત પડતું જાય, અને તેની કિંમત બીજાં ખાતાંઓની મિસાલે ઓછી અંકાય. આ દષ્ટિએ વાચન અદ્યતન જોઈએ જ જોઈએ.

આ વાચન આજે તો ખાતાએ જ પૂરું પાડવું ઘટે છે. ગરીબ શિક્ષકોને આગળ વધારવાની દાઝ ખાતાને જ હોવી જોઈએ. ખાતાના સમજુ અને પ્રાગતિક વિચારના અમલદારો આ વાત જાણે છે અને આચરે પણ છે. શિક્ષકોથી શોભનાર ખાતાનો વડો અમલદાર કદી પણ આ વાત વિસરતો નથી.

શુભાશયી શિક્ષણના વડાઓ શિક્ષકોની શક્તિ તેમને કાયમ સારું વાચન પૂરું પાડીને જ વધારશે. તેમના માટે તે આવું કંઈક, પોતાની નજરમાં આવે તેમ અને સગવડ પ્રમાણે કરી શકે.

૧. શિક્ષણ-વિષયક સારા-સારા લેખો-અંગ્રેજી અને ગુજરાતી તેમ જ ઈતર ભાષાના-જોઈ જઈ અગર જોવરાવી યોગ્ય લેખોનું ટાંચણ કરાવી તે દર માસે પોતાના ખાતા તરફથી મોકલી આપે. આવા ટાંચણો ટૂંકમાં, મુદ્દાસર બનાવનાર એવા એક માણસની ગોઠવણ કરવી અઘરી નહિ પડે. આવું ટાંચણ બને તો પત્રિકા રૂપે છપાવીને અથવા ડુપ્લીકેટર પર કે સાઈકલોસ્ટાઈલ પર તેની નકલો કઢાવીને ફેલાવવું. દરેક શિક્ષક તે વાંચીને તેની ફાઈલ રાખે.

૨. ખાતાના ઉપરી પોતે જો નાણાંની સગવડ હોય તો પોતાના ખાતા તરફથી એક પત્ર ચલવે. આમાં શિક્ષણ-વિષયક ટાંચણો, નાના-નાના લેખો અને વિદ્યાધિકારી પોતાનું શિક્ષણ

વિષયક દષ્ટિબિંદુ રજૂ કરી શકે. દરેક વિદ્યાધિકારી પોતાના શિક્ષકનો નેતા છે; વડો શિક્ષક અને શિક્ષણશાસ્ત્રી છે. તેના ઉપર તેના ખાતાના શિક્ષકોનો આધાર છે. તે જેવું દષ્ટિબિંદુ રજૂ કરે તેવું વણલ શિક્ષકોમાં થવાનું. દરેક ખાતું પોતાનું પત્ર ચલાવે એ સર્વોત્તમ વાત છે. એથી ખાતાનું એક જાતનું વ્યક્તિત્વ જન્મશે. અસ્મિતાનું ભાન થશે. વધારે વેગ અને ઉત્સાહથી શિક્ષકો આગળ વધશે. એ જ રીતે ખાતું સારા લેખકો પાસે પોતાના દષ્ટિબિંદુને સમર્થન આપે તેવાં પુસ્તકો લખાવી શિક્ષકો માટેનાં પુસ્તકાલયોમાં મુકાવે, તો તે પણ ઉપકારક વાચન પૂરું પાડી શકે.

૩. જ્યાં ખાતું સીધી રીતે કંઈ કરી કે કરાવી ન શકે ત્યાં શિક્ષણ-વિષયક પત્રો અને પુસ્તકો ખરીદીને તે શિક્ષકોને પૂરાં પાડે. દરેક શાળા માટે એક પુસ્તકાલય અને એક વાચનાલયની આવશ્યકતા છે. પણ તેમ ન બની શકે ત્યાં પાંચ શાળા વચ્ચે એક જ મધ્યસ્થ શાળામાં પુસ્તકાલય અને વાચનાલય ગોઠવવાં જોઈએ. આજુબાજુનાં ગામડાંના પાંચ શિક્ષકો તેનો વારાફરતી લાભ લઈ શકે. એક પુસ્તકની એક નકલ હોય તો પણ ચાલે. એક પત્રની એક કે બે નકલો હોય તો પણ વારાફરતી વંચાય.

આવાં પુસ્તકાલયો તથા વાચનાલયો માટે વિદ્યાધિકારી પુસ્તકોની પસંદગી કરવામાં ખૂબ કાળજી રાખે. માન્ય ગણાતાં પુસ્તકોને બદલે ઉપયોગી પુસ્તકો લે. એમ જ પત્ર વિષે. વળી પુસ્તકો અને પત્રોમાંથી કયો ભાગ ઉપયોગી છે અને કયો નિરુપયોગી છે તેની નોંધ પુસ્તકોની શરૂઆતમાં મૂકી શકે. દરેક પુસ્તક અને પત્ર દરેક વિદ્યાધિકારીને સંપૂર્ણ માન્ય ન હોઈ શકે. ભિન્ન રુચિને સર્વત્ર સ્થાન છે. પ્રામાણિક અને શિક્ષકોને આગળ

વધારવાની ઇચ્છાવાળા વિદ્યાધિકારીઓ પોતાના વિચારને પ્રતિકૂળ લેખો ઉપર ટીકા-રૂપ ટાંચણ મોકલી શકે, અને શિક્ષકોને દોરી શકે. દરેક પત્ર કે પુસ્તક સૌને સંપૂર્ણ માન્ય નથી હોતું, તેથી તે ત્યાજ્ય ન ગણાય. પણ માન્ય હોય એટલો ભાગ વાપરી લેવો જોઈએ. જે ખાતું ખર્ચ કરી શકે તે અદ્યતન બધાંય સુંદર પુસ્તકો તથા પત્રો વસાવવાનો આગ્રહ રાખે જ. પણ તેમ ન બની શકે ત્યાં પસંદગીથી પૈસાનો વ્યય કરવો યોગ્ય છે.

પોતાના શિક્ષકો માટે ખાતાંઓ આવું-આવું કંઈક કરે તો જેમ વૃક્ષો પાણી કે ખાતર વિના સુકાય છે ને ફળો દેતાં નથી, અથવા જેવાં-તેવાં ફળો આપે છે, તેમ સુવાચન વિના ગામડાના શિક્ષકોની જે દશા થઈ છે તેમાંથી તેઓ બચે ને ધીમે-ધીમે નવપલ્લવિત થાય.

❖ ❖ ❖

## શિક્ષકો અને પોતાની બાલ્યાવસ્થા

ટૉલ્સટૉયને મહાન્ તત્ત્વચિંતક તરીકે સૌ પિછાને છે. તે એક શિક્ષક તરીકે પણ પ્રસિદ્ધ છે. તેણે શાળા ચલાવેલી. શિક્ષણ-વિષયક તેના વિચારો મનનીય છે. કોઈ લેખકે લખ્યું છે કે ટૉસ્ટૉયની શિક્ષક તરીકેની યોગ્યતા અને સફળતા તેની પોતાની બાલ્યાવસ્થાની સ્મૃતિને આભારી હતી. સાચે જ ટૉલ્ટૉયને પોતાની બાલ્યાવસ્થા સારી પેઠે યાદ હતી. તેને પોતાને પોતાનાં માબાપો અને શિક્ષકોના વર્તનની સ્મૃતિ મજબૂત હતી. બાળક તરીકે તેની આકાંક્ષાઓ, કલ્પનાઓ વગેરે કયાં હતાં, અને તેની વિરુદ્ધ મોટાંઓ કયાં હતાં? તે તેને યાદ હતું. બાળકો પ્રત્યે મોટાંઓ

કેવી ઘૃણા, બેદરકારી, અસહાનુભૂતિ રાખે છે તેનો તેને થયેલો અનુભવ તે ભૂલ્યો ન હતો. બાળકોને શું ગમે છે ને શી શી વસ્તુઓ અને ક્રિયાઓ તેમને મન મહામૂલ્ય છે, તેનું વિસ્મરણ તેને થયું ન હતું. આમ હોવાથી તે મોટી ઉંમરે શિક્ષક તરીકે કામ કરવા લાગ્યો ત્યારે બાળકોને સારી પેઠે સમજી શકતો. તેણે શિક્ષણશાસ્ત્રના વિચારોમાં ઉમેરો નથી કર્યો; તેણે ખાસ નવીન શિક્ષણપદ્ધતિ પણ નથી યોજી, છતાં તેનાં બાળકો તેને બહુ ચાહતાં. તેને દોસ્ત તરીકે સમજી તેના પ્રેમને ઝીલવા તેઓ તેનાથી અળગાં પડતાં જ નહિ. શાળાના વખત પછી પણ શાળામાંથી નહિ ખસનાર બાળકોને તેને પરાણે હાંકી કાઢવા પડતાં. માબાપો સાથે જેમ બાળકો ખેલગેલ કરે તેમ ટૉલ્સટૉય સાથે નિશાળિયાઓ કરતા. ટૉલ્સટૉય પોતાનાં બાળકોને સોટી અને શિખામણથી વશ નહોતો રાખતો; બાળકો તેને વશ વર્તતાં હતાં. બાળકોના મનોભાવોમાં તે પેસી શકતો, અને તેને તે અચ્છી રીતે પોષતો. આ બધાનું કારણ, ટૉલ્સટૉય પોતે માનતો હતો તેમ અને આપણે પણ કબૂલ રાખવા જેવું છે તેમ, તેને બાલ્યાવસ્થાની સ્મૃતિ હતી, તે હતું.

ઘણું ખરું આપણે બાલ્યાવસ્થાને વિસરી ગયેલા છીએ, એમ આપણને લાગે છે. સાધારણ રીતે નાનપણના બનાવો સંભારવા બેસતાં તે તુરત યાદ આવતા નથી દેખાતા. કેટલાએકને બાલ્યાવસ્થાનો વિચાર કરવો કે તે સંભારવી નિરર્થક એટલું જ નહિ પણ હલકું લાગે છે. પોતાની બાલ્યાવસ્થાની કેટલાએકને પરવા જ જાણે કે ન હોય તેમ તેના તરફ કોઈ-કોઈ જુએ છે.

ખરી રીતે જીવનમાં બાલ્યાવસ્થા જ મહત્ત્વનો કાળ થઈ

ગયો. એ અવસ્થાના પાયા ઉપર આજનો વર્તમાન ઘડાયો છે, એ પણ અર્ધ સત્ય છે; ખરું અને સંપૂર્ણ સત્ય તો એ છે કે બાલ્યાવસ્થાને જ મોટા પ્રમાણમાં અને સ્વરૂપમાં આજે આપણે આજની અવસ્થા કહીએ છીએ. બાલ્યાવસ્થા આવી, પણ ગઈ નથી; એ આવી, ને સદાના માટે આપણી સાથે રહી. આનો અર્થ એ છે કે બાલ્યાવસ્થાનાં વર્ષોમાં આપણું જે બંધારણ થયું, માનસિક શક્તિઓનો જે ઉઘાડ થયો, ઇંદ્રિયોએ જે વિકાસ સાધ્યો અને સૌથી વધારે તો નૈતિક, લાગણી-વિષયક અને ધાર્મિક વૃત્તિઓ જેવી ઘડાઈ, તેવું જ બધું આજની ઘડી સુધી રહ્યું છે. બાલ્યાવસ્થામાં જ જે મળ્યું યા તો લીધું, તેને આજે આપણે વધારી અથવા ઘટાડી રહ્યા છીએ; દૃઢ અથવા નિર્બળ કરી રહ્યા છીએ; ઓપ આપી રહ્યા છીએ અથવા ઝાંખું કરી રહ્યા છીએ. બાલ્યાવસ્થામાં બી ઊગ્યું, મૂળ નખાયાં, થડ ડાળી અને પાંદડાં આવ્યાં, અને કેવાં ફળ-ફૂલો આવશે તેનો પાયો નખાઈ ગયો; પછીની અવસ્થામાં તો થડ ઊંચું થાય છે, ડાળો મોટી થાય છે, એવાં ને એવાં પાંદડાં વધે છે; તેમ જ માણસ વિષે પણ છે. ટૂંકમાં ૧૦૦ વર્ષ સુધી જીવનારો માણસ જેમ નવ માસમાં ગર્ભમાં રહી બંધાય છે, તેમ જ બાલ્યાવસ્થામાં માણસનું બને છે. માટે જ આજના પોતાને સમજવા માટે, પોતાની શક્તિ ને અશક્તિનાં કારણો જાણવા માટે, પોતાનાં વલણો રૂચિઓ વગેરેનાં બળો શોધવા માટે, બાલ્યાવસ્થાની પાસે જવું જોઈએ. આજના માનસિક રોગોના વૈદ્યો કોઈ પણ માનસિક રોગનું મૂળ બાલ્યાવસ્થાના કાળમાં શોધવા જાય છે, તે ત્યાંથી તે તેમને મળી આવે છે.

માણસની અદ્‌ભુત શક્તિ અને વિચિત્ર નિર્બળતાઓની શરૂઆત કેવી રીતે બાલ્યાવસ્થામાં થઈ તેનો અભ્યાસ આજના ઘણાં શિક્ષણશાસ્ત્રીઓને રસિક થઈ પડયો છે. પાછળની અવસ્થામાં જ્ઞાન વધે છે, બળ વધે છે, વપરાશ વધે છે; પણ તેના ચીલાઓ-તેનાં બીજ તો કયારનાંય પડી ચૂકેલાં હોય છે.

આટલી મહત્ત્વની બાલ્યાવસ્થાને અવગણી શકાય નહિ. ઊલટું તેને સંભારી આપણી વર્તમાન અવસ્થાનાં મૂળો આપણે શોધવાં જોઈએ. વળી આપણી બાલ્યાવસ્થાને સંભારી આપણે આજનાં બાળકોની બાલ્યાવસ્થા વિષે આદરભાવ રાખતાં શીખીએ. જે બાલ્યાવસ્થા આપણને અત્યંત પ્રિય હતી તે જ બાલ્યાવસ્થામાંથી પસાર થનાર સૌનું આપણે સન્માન કરીએ. જે બાલ્યાવસ્થા પ્રત્યે આપણે માબાપની અને શિક્ષકની સહાનુભૂતિ, ઉદારતા ને સમજણ માગતાં હતાં, અને તે ન મળતાં આપણે અનેક રીતે હિજરાતાં હતાં, તેની પ્રત્યે આપણે તો યોગ્ય વર્તન રાખતાં શીખીએ, જ ટૉલ્સ્ટૉય જ્યારે મોટો બની જઈ બાળકો તરફ વર્તવા બેસી જતો હશે ત્યારે બાલ્યાવસ્થાની તેની સ્મૃતિ તેની સામે આવતી હશે, અને તે તુરત જ જુદો બની જતો હશે. આપણા શિક્ષકો આપણી બાલ્યાવસ્થાને સંભારીએ, તેમાં આપણા વિકાસનાં-અવિકાસનાં મૂળ શોધીએ, જીવનના ઘડતર માટે બીજાની બાલ્યાવસ્થા કેટલી સંભાળવા જેવી વસ્તુ છે તે સમજીએ, અને આપણી મુશ્કેલીઓ સંભારી અન્યની બાલ્યાવસ્થા પ્રત્યે વિશાળ દિલના રહીએ.

❑

## પુનઃ પ્રકાશન વેળાએ......

શ્રી ગિજુભાઈએ દક્ષિણામૂર્તિની ટેકરી ઉપર બાલદેવની આરાધના કરતાં કરતાં શિક્ષણશાસ્ત્રને લગતાં ૧૫ જેટલાં પુસ્તકોનું સર્જન કરેલું. એ પુસ્તકો તેના સર્જન સમય બાદ સિત્તેર વર્ષ જેટલા સમય પછી આજે પણ એટલાં જ પ્રેરણા અને પ્રકાશ આપે છે. ગિજુભાઈની પયગંબરી વાણીના એમાં ચમકારા અનુભવાય છે.

ગિજુભાઈનાં એ પુસ્તકો આપણા બાલશિક્ષણ સાહિત્યનો અમર વારસો છે. એ વારસો સચવાય અને વહેંચાય તેવી વ્યવસ્થા બાલશિક્ષણ સાથે સંકળાયેલાં આપણે સૌએ કરવી જોઈએ.

'નૂતન બાલશિક્ષણ સંઘ, ભાવનગર શાખા' ગિજુભાઈનાં અપ્રાપ્ય પુસ્તકોના પુનઃ પ્રકાશન માટે સક્રિય છે. આજ સુધીમાં તેમના કેટલાક પુસ્તકોનું પ્રકાશન થઈ ગયુ છે. જેની યાદી આ પુસ્તકમાં આપેલ છે.

ગિજુભાઈનાં પુસ્તકો સરળતાથી અને સસ્તામાં પ્રાપ્ય બને તે માટે અમે પ્રયત્નશીલ છીએ. સુજ્ઞ દાતાઓ સહકાર આપી ગિજુભાઈનાં પુસ્તકો શિક્ષકો અને વાલીઓ રાહત દરે મેળવી શકે તેમાં સહાય કરી શકે છે.

ગુજરાતના શિક્ષણ વિભાગે આજે ગિજુભાઈની શિક્ષણ પદ્ધતિ સ્વીકારી તેનો અમલ ગુજરાતભરમાં કર્યો છે. ત્યારે ગિજુભાઈનું આ ટૂંકુ જીવન ચરિત્ર 'મૂછાળી મા' ગિજુભાઈ વિષે હજી વધારે જાણવાની જિજ્ઞાસા જગાડશે.

૨૦૦૧થી પ્રારંભાયેલી આ પુણ્ય પ્રવૃત્તિમાં સહાય કરનાર દાતાશ્રીઓનો અને આજ સુધી તેમાં રસ સામે દાખવી ઉમદા ભાવના સાથે કાર્યરત રહેનાર સૌ મહાનુભાવોના ઋણ સ્વીકાર કરીએ છીએ.

તા.૧૫-૩-૨૦૧૧ -

નૂતન બાલશિક્ષણ સંઘ, ભાવનગર શાખા